સુવિચાર
સર્જનશીલ ના થવાય તો કંઈ નહી,
પણ દરેક પરિસ્થિતિમાં સહનશીલ
જરૂર થજો.

# સમય મિરર

SAMAY MIRROR (MORNING DAILY)

અર્ધ સાપ્તાહિક પૂર્તિ
મધ્યાન્તર

samaymirror@gmail.com

RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-155 ■ DATE : 16-4-2025 ■ WEDNESDAY ■ Page-10 ■ ચૈત્ર વદ ૩, વિક્રમ સંવત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH
■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA BAUG, NEAR SHARDA BAUG, RAJKOT-360001

# શેરબજારમાં મંગલ હી મંગલ

## સેન્સેક્સમાં 1749 પોઈન્ટનો ઉછાળો

### કોમ્પ્યુટર-સ્માર્ટફોનની આયાતને ટેરિફના દાયરાની બહાર રાખવાના ટ્રમ્પના નિર્ણયની સકારાત્મક અસર : માત્ર 10 સેકન્ડમાં રોકાણકારોને 6 લાખ કરોડનો ફાયદો

**સમય મિરર । મુંબઈ**

સોમવારે આંબેડકર જયંતીની રજા બાદ મંગળવારે ભારતીય શેરબજારમા મંગળ તેજી સાથે પ્રારંભ થયો હતો. શરૂઆતની સેકન્ડોમા નિફટી અને સેન્સેકસમા ૨ ટકાથી વધુ ઉછાળો જોવા મળ્યો હતો. ગયા અઠવાડીયે ૭૫૧૫૭ ના લેવલ પર બંધ થયેલ સેન્સેકસ ૧૬૯૫ અંક ઉછળીને ૭૬૮૫૨ પર ખુલ્યો હતો. જયારે નિફટી પણ ૫૪૦ પોઈન્ટ ઉછળીને ૨૩૩૬૮ પર ખુલી હતી. વૈશ્વીક લેવલે જાપાનનો નીકકી ૨૨૫ પોઈન્ટ જયારે ટોપીક ઈન્ડેક્ષ ૧.૧૬ ટકાનો વધારો નોંધાયો હતો. આ ઉપરાંત વિશ્વભરના ઓટો શેરોમા ભારે તેજી જોવા મળી હતી.

ભારતમાં ઘરેલું ઈક્વિટી બેન્ચમાર્ક ઈંડિક્સ બીએસઇ સેન્સેક્સ અને નિફ્ટી ૫૦માં લગભગ બે ટકાની તેજી જોવા મળી હતી. તમામ સેક્ટરનો નિફ્ટી ઈન્ડેક્સ ગ્રીન છે અને નિફ્ટી ઓટો, નિફ્ટી બેન્ક અને નિફ્ટી રીયલ્ટીમાં ૨-૨ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. મિડકેપ અને સ્મોલકેપ શેરમાં સારી ખરીદદારી જોવા મળી હતી. બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ૬.૪૪ લાખ કરોડ વધી ગયું છે એટલે કે રોકાણકારોની સંપત્તિ માર્કેટ ખુલતા જ ૬.૪૪ લાખ કરોડ રૂપિયા વધી ગઇ છે.

૧૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ બીએસઇ પર લિસ્ટેડ તમામ શેરની કુલ માર્કેટ કેપ ૩,૯૩,૮૨,૩૩૩.૨૨ કરોડ રૂપિયા હતું. ૧૫ એપ્રિલના રોજ માર્કેટ ખુલતા જ આ ૪,૦૭,૯૯,૬૩૫.૭૫ કરોડ રૂપિયા પર પહોંચી ગઇ હતી. જેનો અર્થ થાય છે કે રોકાણકારોની કુલ સંપત્તિ ૬,૪૪,૦૬૧.૭ કરોડ રૂપિયા વધી ગઇ છે.

ટ્રમ્પની ટેરીફ નીતિને કારણે ડોલરનુ ધોવાણ સતત ચાલુ રહયુ છે અને ભારતીય અર્થતંત્રમા મજબુતીનાં સંકેત મળતા રૂપિયો મજબુત બની રહયો છે. આરબીઆઇ દ્વારા રેપો રેટ પણ ઘટાડવામા આવ્યો છે જેને લીધે રૂપિયાની મજબુતીને ટેકો મળ્યો છે. આજે શરૂઆતનાં વેપારમા ભારતીય રૂપિયો અમેરીકન ડોલર સામે ૨૯ પૈસા સુધરીને ૮૫.૮૧ પર ટ્રેડ થયો હતો. સ્થાનીક માર્કેટમા સકારાત્મક વલણ અને ક્રુડ ઓઇલનાં ભાવમા પુલબેકને લીધે રૂપિયાની મજબુતીને સતત ટેકો મળી રહયો છે. રૂપિયો હજુ વધુ મજબુત થશે તેવુ એક્ષ્પર્ટ લોકો માની રહયા છે.

**શેરબજારમાં ઉછાળાના સકારાત્મક કારણો**

- ■ ટેરિફમાં ૯૦ દિવસની રાહતથી અમેરિકા અને ભારત વચ્ચે દ્વિપક્ષીય વેપાર ઉકેલોની સંભાવના વધી
- ■ ટેરિફવોરના કારણે અમેરિકામાં ફુગાવો વધવાની વકી સાથે ફેડ રિઝર્વનું હોકિશ વલણ
- ■ ડોલર ઈન્ડેક્સ બે વર્ષના તળિયે, યુએસ બોન્ડ માર્કેટ પણ કડડભૂસ થતાં વિદેશી રોકાણ વધવાની વકી
- ■ સ્થાનિક સ્તરે આરબીઆઇ દ્વારા ફુગાવો કાબૂમાં રહેવાની સાથે પોઝિટિવ અર્થતંત્રનો આશાવાદ

દિવસ દરમિયાન, BSE સેન્સેક્સ ૧,૭૫૦ પોઈન્ટથી વધુ વધીને ૭૬,૯૦૭ ની ઇન્ટ્રાડે ઊંચી સપાટીએ પહોંચ્યો. બીજી તરફ, નિફ્ટી૫૦ ઇન્ડેક્સ ૫૪૦ પોઈન્ટ અથવા ૨.૩૬% વધીને ૨૩,૩૬૮ ના સ્તરે પહોંચ્યો.

સેન્સેક્સમાં સમાવિષ્ટ મોટાભાગના હેવીવેઇટ શેરોમાં પણ આજે મજબૂતી રહી. આમાં HDFC બેંક, ICICI બેંક, LT, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ભારતી એરટેલ, MM, એક્સિસ બેંક અને ટાટા મોટર્સ જેવા મુખ્ય નામોનો સમાવેશ થાય છે, જેમણે બજારને તેજીમાં ખેંચ્યું છે.

ટેરિફ રાહતની જાહેરાત પછી, યુએસ શેરોમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો. ખાસ કરીને, એપલ જેવા ટેક શેરોમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો. યુએસ શેરબજારનો મુખ્ય સૂચકાંક ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૩૧૨.૦૮ પોઈન્ટ અથવા ૦.૭૮ ટકા વધીને ૪૦,૫૨૪.૭૯ પર પહોંચ્યો. SP ૫૦૦ ઇન્ડેક્સ ૦.૭૯ ટકા વધ્યો, જ્યારે નાસ્ડેક કમ્પોઝિટ ૦.૬૪ ટકા વધ્યો.



## ડોલર સામે રૂપિયો 29 પૈસા મજબૂત

# જે હોસ્પિટલમાંથી બાળક ચોરી થાય તેનું લાઈસન્સ રદ કરો : સુપ્રીમ કોર્ટ

## બાળકો ચોરી કરતી ગેંગ વિરુદ્ધ કરેલી કાર્યવાહીનો દિલ્હી પોલીસ પાસેથી રિપોર્ટ મંગાવો

**સમય મિરર । નવી દિલ્હી**



હોસ્પિટલમાંથી નવજાત શિશુની ચોરી થવા મામલે સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવતાં કહ્યું કે, 'જો કોઈ હોસ્પિટલમાંથી નવજાત શિશુ ચોરાઈ જાય તો સૌ પ્રથમ તે હોસ્પિટલનું લાઇસન્સ રદ કરો.' કોર્ટે દિલ્હી એનસીઆરમાં નવજાત શિશુઓની તસ્કરી કરતી ગેંગના પર્દાફાશ સાથે સંબંધિત સમાચારની નોંધ લઈને આ ટિપ્પણી કરી છે.

સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશમાં બાળ તસ્કરીના કેસમાં આદેશ આપ્યો છે અને દિલ્હીમાં આ ગેંગની ધરપકડની ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો છે. કોર્ટે કહ્યું કે, 'દિલ્હી ગેંગના ખુલાસાની ઘટના ખૂબ જ આઘાતજનક છે અને તેમાં કોર્ટની હસ્તક્ષેપની જરૂર છે.

કોર્ટે દિલ્હી પોલીસ પાસેથી આ અંગેની તપાસનો રિપોર્ટ પણ માંગ્યો છે. આ ઉપરાંત કોર્ટે પોલીસને દિલ્હીની અંદર અને બહાર બાળકોની ચોરી કરતી સક્રિય ગેંગ સામે કાર્યવાહી કરવા માટે દિલ્હી પોલીસ દ્વારા શું પગલાં લેવામાં આવ્યા તે અંગે પણ પૂછ્યું હતું.

કોર્ટે સુઓમોટો કેસની આગામી સુનાવણી ૨૧ એપ્રિલના રોજ નક્કી કરી છે. જસ્ટિસ જેબી પારડીવાલા અને આર મહાદેવનની બેન્ચ હોસ્પિટલોમાંથી બાળકોની ચોરીમાં સંડોવાયેલા ગેંગ સાથે સંબંધિત કેસમાં જામીન અરજીની સુનાવણી કરી રહી હતી. સુપ્રીમ કોર્ટે આ કેસના તમામ આરોપીઓને નીચલી કોર્ટમાં આત્મસમર્પણ કરવા કહ્યું. આ ઉપરાંત સીજેએમ વારાણસી અને એસીજેએમ વારાણસીને બે અઠવાડિયામાં સેશન્સ કોર્ટમાં કેસ નોંધવા અને એક અઠવાડિયાની અંદર ચાર્જ ફ્રેમનો નિર્દેશ આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટે મંગળવારના રોજબાળ તસ્કરીના કેસોના સંચાલન અંગે ઉત્તર પ્રદેશ પ્રશાસનની ટીકા કરી હતી અને આવા ગુનાઓને રોકવા માટે રાજ્યોને કડક માર્ગદર્શિકા જારી કરવા આદેશ આપ્યો હતો. બેન્ચે નીચલી અદાલતોને આવા કેસોની સુનાવણી છ મહિનામાં પૂર્ણ કરવાનો પણ આદેશ આપ્યો. અને અધિકારીઓને એવો નિર્દેશ આપ્યો કે, જો કોઈ નવજાત શિશુની તસ્કરી થાય છે તો હોસ્પિટલોના લાઇસન્સ સસ્પેન્ડ કરવું જોઈએ.

આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે દેશભરની હાઇકોર્ટોને બાળ તસ્કરીના કેસોમાં પેન્ડિંગ કેસોની સ્થિતિ વિશે માહિતી આપવાનો નિર્દેશ આપ્યો છે. ત્યાર બાદ ૬ મહિનામાં ટ્રાયલ પૂર્ણ કરવા અને દૈનિક સુનાવણી હાથ ધરવા નિર્દેશ જારી કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે આ કડક ટિપ્પણી એ કેસની સુનાવણી કરતી વખતે કરી હતી, જેમાં એક તસ્કરી કરાયેલ બાળકને ઉત્તર પ્રદેશના એક દંપતને સોંપવામાં આવ્યું હતું, જેઓ પુત્ર ઈચ્છતા હતા. જે કેસમાં અલ્હાબાદ હાઇકોર્ટે આરોપીને આગોતરા જામીન આપ્યા હતા.

આરોપીના જામીન રદ કરતાં સુપ્રીમ કોર્ટે કેસને જે રીતે નિપટાવવામાં આવ્યો હતો તેના માટે અલ્હાબાદ હાઇકોર્ટ અને ઉત્તર પ્રદેશ સરકાર બંનેને ઠપકો આપ્યો હતો.

બેન્ચે કહ્યું કે, આરોપીને પુત્ર જોઈતો હતો અને તેણે ૪ લાખ રૂપિયામાં પુત્ર ખરીદ્યો. જો તમને દીકરો જોઈતો હોય તો તમે તસ્કરી કરેલું બાળક ખરીદી ન શકો. તેમને ખબર હતી કે બાળક ચોરાયેલું છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, 'હાઇકોર્ટે જામીન અરજીઓ પર આવી કાર્યવાહી કરી જેના કારણે ઘણા આરોપીઓ ફરાર થઈ ગયા. આવા આરોપીઓ સમાજ માટે ગંભીર પેદા કરી શકે છે. જામીન આપતી વખતે હાઇકોર્ટે ઓછામાં ઓછી દર અઠવાડિયે પોલીસ સ્ટેશનમાં હાજર રહેવાની શરત આપવી જોઈતી હતી. પોલીસ બધા આરોપીઓને શોધવામાં નિષ્ફળ રહી છે.'

સરકાર પર કટાક્ષ કરતાં ન્યાયાધીશોએ કહ્યું કે, 'અમે સંપૂર્ણપણે નિરાશ છીએ... કોઈ અપીલ કેમ કરવામાં આવી નહીં? આવા ગંભીર કેસમાં કેમ કોઈ ગંભીરતા દાખવવામાં આવી ન હતી.'

**આરોપ પર સંજ્ઞાન લેવા રાઉઝ એવન્યુ કોર્ટે 25 એપ્રિલની તારીખ નક્કી કરી**

# નેશનલ હેરાલ્ડ કેસમાં રાહુલ-સોનિયા ગાંધી અને સામ પિત્રોડા વિરુદ્ધ EDએ ચાર્જશીટ ફાઈલ કરી

**સમય મિરર । નવી દિલ્હી**





ઈડીએ નેશનલ હેરાલ્ડ સંબંધિત મની લોન્ડ્રિંગ કેસમાં કોંગ્રેસ નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે. ચાર્જશીટમાં સામ પિત્રોડાનું નામ પણ સામેલ છે. ઈડીએ રાઉઝ એવેન્યુ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી છે. કોર્ટે આ મામલામાં આરોપો પર સંજ્ઞાન લેવા માટે સુનાવણી માટે ૨૫ એપ્રિલની તારીખ નક્કી કરી છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કથિત નેશનલ હેરાલ્ડ મની લોન્ડ્રિંગ કેસમાં કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને કોંગ્રેસના ઓવરસીઝ વડા સામ પિત્રોડા વિરુદ્ધ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં પ્રોસિક્યુશન ફરિયાદ દાખલ કરી છે. આ ચાર્જશીટમાં સુમન દુબે અને અન્ય લોકોના નામ પણ સામેલ છે.

આ પ્રથમવાર છે જ્યારે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. આ ચાર્જશીટ કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીના પતિ અને ઉદ્યોગપતિ રોબર્ટ વાડ્રાની હરિયાણામાં એક રિયલ એસ્ટેટ ડીલ સાથે જોડાયેલા મની લોન્ડ્રિંગના આરોપો પર તપાસ એજન્સીઓ તરફથી પૂછપરછના થોડા કલાકો બાદ દાખલ કરવામાં આવી છે.

કેન્દ્રીય તપાસ એજન્સી ઈડીએ AJL એટલે કે એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ અને યંગ ઈન્ડિયાની અત્યાર સુધી આશરે ૭૫૧.૯ કરોડ રૂપિયાની કિંમતની પ્રોપર્ટી જપ્ત કરી છે. આરોપ છે કે કરોડોની કિંમતની આ પ્રોપર્ટી ખોટી રીતે કરેલી કમાણીથી ખરીદવામાં આવી હતી. ઈડીએ PMLA હેઠળ જપ્તીની આ કાર્યવાહી દિલ્હી, મુંબઈ અને લખનઉમાં કરી હતી. ઈડી દ્વારા રાહુલ ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય વિરૂદ્ધ PMLAની કલમ ૪૪ અને ૪૫ હેઠળ ફરિયાદ દાખલ કરાઈ છે, જેમાં આરોપ લગાવાયો છે કે આરોપી વ્યક્તિઓએ કલમ ૩ હેઠળ મની લોન્ડ્રિંગનો ગુનો કર્યો છે. ઈડીને નિર્દેશ આપ્યો કે ફરિયાદ અને સંબંધિત કાગળોની સ્વચ્છ કોપી અને ઓસીઆર (રીડેબલ) નકલ આગામી સુનાવણી પહેલા કોર્ટમાં દાખલ કરો. હાલ, આ કેસ દિલ્હી સ્થિત રાઉઝ એવેન્યૂ કોર્ટના ACJM-03 કોર્ટમાં ટ્રાયલ હેઠળ છે. કેસની સુનાવણી આ કોર્ટમાં એટલા કરાઈ રહી છે, કારણ કે જ્યારે કોઈ કેસ મની લોન્ડ્રિંગ અને ગુનાથી જોડાયેલા બંને કેસોની સુનાવણી એક જ કોર્ટમાં થવી જોઈએ. કારણ કે આરોપ રાજ્યસભા અને લોકસભાના હાલના સાંસદ છે, એટલા માટે આ કેસ કોર્ટમાં સોંપાયો છે. આ મામલે આગામી સુનાવણી ૨૫ એપ્રિલે નક્કી કરાઈ છે. આ દિવસે સરકારી વકીલ અને તપાસ અધિકારીને કેસ ડાયરી સાથે કોર્ટમાં હાજર રહેવું પડશે. રાઉઝ એવેન્યૂ કોર્ટમાં દાખલ ચાર્જશીટ પર પ્રતિક્રિયા આપતા કોંગ્રેસના દિગ્ગજ નેતા જયરામ રમેશે કહ્યું હતું કે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને કેટલાક અન્ય વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ કરવી વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રીની બદલાની ભાવના અને ડરાવવાની રાજનીતિનું ઉદાહરણ છે, જે હવે સંપૂર્ણ રીતે બેકાબૂ થઈ ચૂક્યું છે.

**ગામ ખાલી કરો અથવા દરગાહ વેરો ચુકવવા વકફે આદેશ કર્યો**

# તામિલનાડુમાં 150 ઘર ધરાવતા વધુ એક ગામ પર વકફ બોર્ડનો દાવો

**સમય મિરર । ચેન્નઈ**

એક તરફ દેશમાં વકફ કાનૂન મુદ્દે વિરોધ અને ટેકાનું વાતાવરણ છે અને આ વિવાદ હવે સુપ્રીમ કોર્ટ સુધી ગયો છે તે વચ્ચે તામીલનાડુમાં ૧૫૦ કુટુંબોના એક ગામની જમીન હોવાનો દાવો કરી આ તમામ કુટુંબોને 'ગામ' ખાલી કરી દેવા વકફ બોર્ડે નોટીસ આપતા જબરો વિવાદ સર્જાયો છે.

વેલ્લોર જીલ્લાના કાટુકોલાઈ ગામના લોકોને આ પ્રકારે નોટીસ મળી છે. સૈયદ અલી સુલતાન શાહ નામના વકફના કોઈ વહીવટદારે આ નોટીસ આપી છે અને તેમાં ગ્રામ્યજનોને તેમના આવાસ ખાલી કરવા અથવા દરગાહ ટેક્ષ ભરવા જણાવાયુ છે. આ ગામમાં રહેતા કુટુંબો તેમના દાદા-પરદાદાના સમયથી રહે છે અને અહી ખેતી કરે છે. જેમાં તમોને આ જમીનના દસ્તાવેજો પણ તેમના નામનો છે. તેઓએ હવે વેલ્લોર જીલ્લા કલેકટર કચેરીએ જઈને તેમની જમીન છીનવી લેવા પ્રયાસ થઈ રહ્યો હોવાનો આરોપ મુકયો હતો. આ સર્વેને ૩૩૦/૧ની જમીન વકફની હોવાનો દાવો કર્યો હતો તથા તેઓને ખેતીની જમીનના પટ્ટા (માલીકીના હકકો) પણ અપાયા છે. આવી જ નોટીસ અગાઉ થિરૂચીરાપલ્લી જીલ્લામાં સર્જાઈ હતી. જેમાં તામિલનાડુ વકફ બોર્ડ એ ૪૮૦ એકર જમીન પર દાવો કર્યો છે. જેમાં ૧૫૦૦ વર્ષ જૂનુ એક ચોલા-કાળનું એક મંદિર પણ છે. તેઓને હવે વકફ બોર્ડ પાસેથી નો ઓબ્જેકશન સર્ટી. મેળવવા જણાવાયુ છે. વકફ બોર્ડ દાવો કર્યો કે ૧૯૫૪ના સર્વે મુજબ અહી ૧૮ ગામો વકફ બોર્ડની માલીકીની જમીન પર વસી ગયા છે. સંસદમાં ચર્ચા સમયે લઘુમતી બાબતોના શ્રી કિરણ રીત્જુએ પણ આ દાખલો ટાંકયો હતો.

# તેલંગાણા પેટા અનામત લાગુ કરનારું દેશનું પ્રથમ રાજ્ય બન્યું

## SCની કુલ 15 ટકા અનામત એક, પાંચ અને નવ ટકામાં વિભાજીત

**સમય મિરર । હૈદરાબાદ**

તેલંગાણા સરકારે સોમવારે અનુસૂચિત જાતિ (એસસી) વર્ગીકરણ લાગુ કરી દીધુ છે, સુપ્રીમ કોર્ટના આદેશ બાદ એસસી અનામતનું વર્ગિકરણ કરનારું તેલંગાણા દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. ૧૪મી એપ્રીલે બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિએ તેને લાગુ કરાયું છે. જે મુજબ હવેથી તેલંગાણામાં એસસીના ત્રણ વર્ગ કરાશે જેમાં આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સ્થિતિને ધ્યાનમાં રાખવામાં આવી છે.

તેલંગાણા સરકારના આદેશ મુજબ રાજ્ય સરકારે ઓક્ટોબર ૨૦૨૪માં હાઈકોર્ટના નિવૃત જજ શમીમ અખ્તરની અધ્યક્ષતામાં એક કમીશનની રચના કરી હતી, કમીશને એસસી સમાજની કુલ ૫૯ જાતિને સરકારી નોકરીઓ, શિક્ષણ સંસ્થાઓ વગેરેમાં ૧૫ ટકાના કુલ અનામત માટે ત્રણ વર્ગ વર્ગ એક, વર્ગ બે અને વર્ગ ત્રણમાં વિભાજીત કરવાની ભલામણ કરી હતી. આ ભલામણને વિધાનસભામાં પસાર કરાયા બાદ ૮ એપ્રીલના રોજ રાજ્યપાલ દ્વારા પણ મંજૂરી આપવામાં આવી હતી. જે બાદ ૧૪મી એપ્રીલે તેનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. એસસી સમાજને અગાઉની જેમ જ ૧૫ ટકા અનામત જ મળશે પરંતુ તેને ત્રણ વર્ગોમાં વિભાજીત કરાઇ છે. તેલંગાણાના મંત્રી ઉત્તમ કુમાર રેડ્ડીએ જણાવ્યું હતું કે જો વર્ષ ૨૦૨૬માં વસતી ગણતરી કરવામાં આવશે અને તેમાં એસસી સમાજની સંખ્યા વધશે તો તે આંકડા મુજબ આ વર્ગિકરણ કરવામાં આવશે અને પેટા અનામતમાં વધારો થશે. વર્ગિકરણ માટે ત્રણ કેટેગરી નક્કી કરવામાં આવી છે જેમાં ગ્રુપ એકમાં સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રૂપે પછાત ૧૫ જાતિઓને એક ટકા અનામત મળશે, જ્યારે ગ્રુપ બેમાં સામેલ ૧૮ જાતિઓને ૯ ટકા અનામત મળશે, ગ્રુપ ત્રણમાં સામેલ કરાયેલી ૨૬ જાતિઓને પાંચ ટકા અનામત અપાશે. એટલે કે હાલ તમામ એસસી સમાજને જે ૧૫ ટકા અનામત મળે છે તેમાં જેની સ્થિતિ સૌથી નબળી રહી ગઇ છે તેમને આ ૧૫ ટકામાંથી વધુ લાભ મળશે. રાજ્યભરમાં જાતિ આધારીત સરવેમાં ૯૬.૯ ટકા ઘરોને સામેલ કરાયા હતા, કુલ ૩,૫૪,૭૭,૫૫૪ લોકોને સામેલ કરાયા હતા. જેમાં ૫૬ ટકા ઓબીસી, ૧૭ ટકાથી વધુ એસસી, ૧૫ ટકાથી વધુ અન્ય, ૧૦ ટકાથી વધુ એસટી સમાજના લોકોનો સમાવેશ થાય છે. ૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ આ સરવે શરૂ થયો હતો જે માત્ર ૫૦ દિવસમાં જ પૂર્ણ થઇ ગયો હતો. આ ડેટાના આધારે હવે એસસી સમાજમાં પેટા અનામત લાગુ કરી દેવામાં આવી છે.

## ધ વર્લ્ડ એરાઉન્ડ



## અમરનાથ યાત્રા માટે ઓનલાઈન-ઓફલાઈન રજિસ્ટ્રેશનનો પ્રારંભ

**નવી દિલ્હી :** અમરનાથ યાત્રા-૨૦૨૫ માટે રજીસ્ટ્રેશન (૧૫ એપ્રિલ) શરૂ થઈ ગઈ છે. ભક્તો ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે રજીસ્ટ્રેશન કરાવી શકે છે. રજીસ્ટ્રેશન ફી ૨૨૦ રૂપિયા રાખવામાં આવી છે. ૬૦૦થી વધુ બેંકોમાં ઓફલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકાય છે. આ વર્ષે અમરનાથ યાત્રા ૩ જુલાઈથી શરૂ થશે અને ૯ ઓગસ્ટ (રક્ષા બંધન) સુધી ૩૯ દિવસ સુધી ચાલશે. આ યાત્રા બે રૂટ પરથી થશે - પહેલગામ (અનંતનાગ) અને બાલતાલ (ગંદરબલ) રૂટ. યાત્રામાં લગભગ ૬ લાખ શ્રદ્ધાળુઓ પહોંચી શકે છે. શ્રી અમરનાથ શ્રાઇન બોર્ડની ૪૮મી બેઠકમાં લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા દ્વારા યાત્રાની તારીખોની જાહેરાત કરવામાં આવી હતી. બેઠકમાં શ્રદ્ધાળુઓ માટે સુવિધાઓ સુધારવા માટેના ઘણા પ્રસ્તાવો પર ચર્ચા કરવામાં આવી હતી. શ્રાઈન બોર્ડે ઈ-કેવાયસી, આરએફઆઈડી કાર્ડ, ઓન-સ્પોટ રજીસ્ટ્રેશન અને અન્ય વ્યવસ્થાઓમાં સુધારો કરવાનો પણ નિર્ણય લીધો છે જેથી યાત્રા વધુ સુવ્યવસ્થિત અને સુરક્ષિત બની શકે. બોર્ડનું કહેવું છે કે આ વખતે ગયા વખત કરતાં વધુ શ્રદ્ધાળુઓ યાત્રા માટે આવી શકે છે, આને ધ્યાનમાં રાખીને, જમ્મુ, શ્રીનગર, બાલતાલ, પહેલગામ, નુનવાન અને પંથા ચોક ખાતે રહેવા અને રજીસ્ટ્રેશન માટેની વ્યવસ્થામાં સુધારો કરવામાં આવી રહ્યો છે. પહેલગામ આ રૂટથી ગુફા સુધી પહોંચવામાં ૩ દિવસ લાગે છે, પરંતુ આ રસ્તો સરળ છે. પ્રવાસમાં ઊભું ચઢાણ નથી. પહેલગામથી પહેલું સ્ટોપ ચંદનવાડી છે. તે બેઝ કેમ્પથી ૧૬ કિમી દૂર છે. અહીંથી ચઢાણ શરૂ થાય છે. ત્રણ કિલોમીટર ચડ્યા પછી યાત્રા પિસુ ટોપ પર પહોંચે છે. અહીંથી પગપાળા યાત્રા સાંજે શેષનાગ પહોંચે છે. આ યાત્રા લગભગ ૯ કિમીની છે. બીજા દિવસે, મુસાફરો શેષનાગથી પંચતરણી જાય છે. તે શેષનાગથી લગભગ ૧૪ કિમી દૂર છે. આ ગુફા પંચતરણીથી માત્ર ૬ કિમી દૂર રહે છે. બાલતાલ રૂટઃ જો સમય ઓછો હોય તો તમે બાબા અમરનાથનાં દર્શન માટે બાલતાલ રૂટથી જઈ શકો છો. તેમાં માત્ર ૧૪ કિમી ચડવું પડે છે, પરંતુ તે ચઢાણ ખૂબ જ ઊભું છે, તેથી વૃદ્ધોને આ માર્ગ પર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ માર્ગ પર સાંકડા માર્ગો અને જોખમી વળાંકો છે.

## ગુજરાતમાં દારૂની તસ્કરી વધવાના એંધાણ : MPએ ગુજરાત સરહદે મોંઘા ભાવના ઠેકા આપ્યા

**ભોપાલ :** મધ્ય પ્રદેશની નવી શરાબ નીતિએ ગુજરાતના દાહોદ, છોટાઉદેપુર જિલ્લા સાથે સંકળાયેલી સરહદના આદિવાસી વિસ્તારોને તસ્કરીનો અઘોષિત કોરિડોર બનાવી દીધો છે. ઝાબુઆ અને અલીરાજપુર જિલ્લામાં શરાબની દુકાનોની વહેંચણી ૭ સમૂહમાં કરવામાં આવી છે. આ વહેંચણી એ રીતે કરાઈ છે કે દરેક સમૂહના ગુજરાત સરહદ સાથે જોડાયેલો સમગ્ર બેલ્ટ સોંપી દેવાયો છે. ગુજરાતમાં દારૂબંધી છે. જેના કારણે આ સરહદી વિસ્તારમાં દારૂની હેરાફેરીની આશંકા વધી ગઈ છે. દરેક સમૂહને જે દુકાન આપવામાં આવી છે તે સરહદથી માત્ર ૫૦૦ મીટરથી ૫ કિલોમીટરની અંદર આવેલી છે. હરાજી દરમિયાન આ દુકાનોની બોલી કેટલીક જગ્યાએ ૧૨થી ૧૬ કરોડ રૂપિયા સુધી પહોંચી હતી. જ્યારે આ ગામોની વસ્તી ૧૫૦૦થી ૫ હજાર વચ્ચે છે. એમાં પણ મોટાભાગની વસ્તી બીપીએલ છે. સૌથી મોટું ઉદાહરણ ઝાબુઆ જિલ્લાનું મંડલી ગામ છે. અહીં માત્ર ૨૫૦૦ની વસ્તીમાં ઈંગ્લિશ દારૂની એક દુકાન ૧૩ કરોડ રૂપિયાની બોલી બાદ આપવામાં આવી હતી. અહીંની અડધી વસ્તી દારૂ પીતી હોય એવું માની લેવામાં આવે તો દરેક જણે વર્ષમાં ૧ લાખ રૂપિયા સુધીનો દારૂ પીવો પડે. એટલે કે આ ગણિત સ્થાનિક ખપત કરતાં ગુજરાતમાં સંભવિત તસ્કરી માટે બેસાડવામાં આવ્યું છે. બીજી તરફ સ્થાનિક જનપ્રતિનિધિઓએ વિરોધ કરતાં કહ્યું છે કે સરકારે તસ્કરોને કાયદેસરનો રસ્તો બતાવીને આદિવાસી સમાજને સામાજિક પતન તરફ ધકેલી દીધો છે.

## યુ.એસ.ના દક્ષિણ કેલિફોર્નિયામાં ૫.૨ની તિવ્રતાનો ભૂકંપ : કોઈ જાનહાની નહીં

**નવી દિલ્હી :** અમેરિકાનો દક્ષિણ કેલિફોર્નિયા રાજ્યમાં ૫.૨ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. ભૂકંપના આંચકાથી લોકો ગભરાઈ ગયા હતા. ભૂકંપને કારણે સાન ડિએગોની બહાર ગ્રામીણ વિસ્તારોમાં રસ્તાઓ પર પથ્થરો પડી ગયા હતા. પ્રાણી સંગ્રહાલયના હાથીઓ ડરથી ભાગવા લાગ્યા. છાજલીઓ અને દિવાલો પરથી વસ્તુઓ નીચે પડવા લાગી. હાલમાં આ ભયાનક ભૂકંપથી કોઈ નુકસાનના સમાચાર નથી. જોકે, અધિકારીઓ નુકસાનનું મૂલ્યાંકન કરવામાં વ્યસ્ત છે. યુએસ ભૂસ્તરશાષીય સર્વે અનુસાર, સોમવારે સ્થાનિક સમય મુજબ સવારે ૧૦.૦૮ વાગ્યે ભૂકંપ આવ્યો હતો. તેનું કેન્દ્ર સાન ડિએગો કાઉન્ટીમાં જુલિયનથી માત્ર ૪ કિલોમીટર દૂર હતું. જુલિયન લગભગ ૧,૫૦૦ લોકોનું પર્વતીય શહેર છે, જે તેની સફરજન પાઈની દુકાનો માટે જાણીતું છે. તે ૧૯૩ માઈલ દૂર લોસ એન્જલસ કાઉન્ટી સુધી અનુભવાયું હતું. ભૂકંપ પછી અનેક આંચકા અનુભવાયા. પરિવહન અધિકારીઓએ વાહનચાલકોને ટેકરીઓ પરથી ખડકો ગબડીને રસ્તાઓ અને હાઈવે પર પડતા સાવધ રહેવા ચેતવણી આપી હતી. આમાં જુલિયનના ઉત્તરપશ્ચિમમાં સ્ટેટ રૂટ ૭૬નો સમાવેશ થાય છે. સાન ડિએગો કાઉન્ટીમાં કેલિફોર્નિયાના પરિવહન વિભાગે જણાવ્યું હતું કે કામદારો સંભવિત નુકસાન માટે રસ્તાઓનું મૂલ્યાંકન કરી રહ્યા છે. જ્યારે જમીન ધ્રુજવા લાગી ત્યારે સાવચેતી તરીકે શાળાના બાળકોને ઈમારતોની બહાર ખસેડવામાં આવ્યા હતા. તેને ધ્રુજારીનો સંકેત મળ્યો અને પછી તેને વસ્તુઓ ગબડતી અને અથડાતી અનુભવાવા લાગી. તેણે કહ્યું કે ત્યાં ખૂબ કંપન અને ધબકારા હતા. પણ સદનસીબે હવે બધું સામાન્ય થઈ ગયું છે.

## ઉતાવળે

- યુ.પી.ના બહેરાઈચમાં ઓટોને બસે ટક્કર મારતા એક જ પરિવારના ૫ના મોત : ૧૬ ઘાયલ
- યુએસ ટેરિફના જવાબમાં બોઈંગ જેટની ડિલિવરી લેવા ચીનનો ઈન્કાર
- મુર્શિદાબાદ હિંસામાં પિતા-પુત્રની હત્યાના બે આરોપી બીરભૂમ અને બાંગ્લાદેશ સરહદેથી ઝડપાયા
- લખનૌની સરકારી લોકબંધુ હોસ્પિટલમાં ભીષણ આગ : એકનું મોત, ૨૦૦ દર્દીને મહામુસિબતે અન્યત્ર ખસેડાયા
- જમ્મુ-કાશ્મીરના પૂંછમાં એન્કાઉન્ટર ચાલુ : એક જવાન ઘાયલ : આતંકીઓને સેનાએ ઘેર્યા
- શનિવારે PM મોદી જમ્મુ-કાશ્મીર માટે વંદે ભારત ચેર કારનું લોકાર્પણ કરશે
- બિહારમાં ચૂંટણી પહેલા પશુપતિ પારસે NDA સાથે છેડો ફાડ્યો, INDIA ગઠબંધનમાં જોડાશે

# ગુરુગ્રામ જમીન કૌભાંડ કેસમાં જવાબ નોંધાવવા રોબર્ટ વાડ્રા ચાલીને ED ઓફિસે પહોંચ્યા

### જ્યારે પણ હું રાજનીતિમાં આવવાનો પ્રયાસ કરીશ ત્યારે મને દબાવાશે : વાડ્રા

**સમય મિરર | નવી દિલ્હી**



કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રા આજે મંગળવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ઓફિસ ચાલતા જ પહોંચ્યા હતા, જ્યાં તેમની ગુરુગ્રામના શિકોહપુર જમીનકૌભાંડમાં પૂછપરછ કરવામાં આવી હતી. જમીન સોદા સંબંધિત મની લોન્ડરિંગ તપાસમાં પૂછપરછ માટે EDએ તેમને બીજું સમન્સ મોકલ્યું હતું. વાડ્રા અગાઉ ૮ એપ્રિલે મોકલવામાં આવેલા પહેલા સમન્સમાં હાજર થયા નહોતા.

ED ઓફિસ જતી વખતે વાડ્રાએ કહ્યું, ''જ્યારે પણ હું લોકોનો અવાજ ઉઠાવું છું અથવા રાજકારણમાં આવવાનો પ્રયાસ કરું છું ત્યારે આ લોકો મને દબાવશે અને એજન્સીઓનો દુરુપયોગ કરશે. હું હંમેશાં બધા સવાલોના જવાબ આપું છું અને આપતો રહીશ. આ કેસમાં કંઈ નથી. હું ત્યાં ૨૦ વાર ગયો છું અને ૧૫-૧૫ કલાક બેઠો છું. મેં ૨૩ હજાર ડોક્યુમેન્ટ આપ્યા છે, પછી તેઓ ફરીથી મને કહે છે, ડોક્યુમેન્ટ આપો, આવું થોડું ચાલે છે.'' વાડ્રાની સાથે હરિયાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભૂપિન્દ્ર સિંહ હુડ્ડા પણ આ કેસમાં આરોપી છે. તેમના પર આરોપ છે કે તેમણે મુખ્યમંત્રી હતા ત્યારે વાડ્રાની કંપનીને ફાયદો કરાવ્યો હતો.

આ કેસ વર્ષ ૨૦૧૮નો છે. આ કેસ ૧ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ ગુડગાંવના ખેરકી દૌલા પોલીસ સ્ટેશનમાં તૌરુના રહેવાસી સુરેન્દ્ર શર્માની ફરિયાદના આધારે નોંધવામાં આવ્યો હતો.

૨૦૧૮માં હરિયાણા પોલીસે ફરિયાદના આધારે રોબર્ટ વાડ્રા, ભૂપિન્દ્ર હુડ્ડા, DLF અને ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ સામે FIR નોંધી હતી, જેમાં છેતરપિંડી, ગુનાહિત કાવતરું અને ભ્રષ્ટાચારના આરોપસર IPCની કલમ ૪૨૦, ૧૨૦, ૪૬૭, ૪૬૮ અને ૪૭૧ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. બાદમાં IPCની કલમ ૪૨૩ હેઠળ નવા આરોપ જોડવામાં આવ્યા હતા. હરિયાણા જમીનકૌભાંડ કેસમાં કોંગ્રેસનાં સાંસદ પ્રિયંકા ગાંધીના પતિ અને ઉદ્યોગપતિ રોબર્ટ વાડ્રાની કંપની સ્કાયલાઈટ હોસ્પિટાલિટી પર અન્ય લોકો સાથે મળીને છેતરપિંડી કરવાનો આરોપ છે. આ કેસમાં હરિયાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભૂપિન્દ્ર સિંહ હુડ્ડાને પણ આરોપી બનાવવામાં આવ્યા છે.

ફેબ્રુઆરી ૨૦૦૮માં રોબર્ટ વાડ્રાની કંપની સ્કાયલાઈટ હોસ્પિટાલિટીએ ગુરુગ્રામના શિકોહપુર ગામમાં ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ પાસેથી ૭.૫ કરોડ રૂપિયામાં ૩.૫ એકર જમીન ખરીદી હતી. એ જ વર્ષે તત્કાલીન મુખ્યમંત્રી ભૂપિન્દર સિંહ હુડ્ડાના નેતૃત્વ હેઠળની હરિયાણા સરકારે ૨.૭ એકર જમીન પર વ્યાપારી કોલોની બનાવવા માટે લાઈસન્સ આપ્યું હતું. આ પછી કોલોની બનાવવાને બદલે સ્કાયલાઈટ કંપનીએ આ જમીન DLFને ૫૮ કરોડ રૂપિયામાં વેચી દીધી, જેના પરિણામે લગભગ ૫૦ કરોડ રૂપિયાનો નફો થયો હતો. આ પછી EDને શંકા હતી કે આ સોદામાં મની લોન્ડરિંગ સામેલ હતું, કારણ કે જમીનની કિંમત થોડા મહિનામાં અસામાન્ય રીતે વધી ગઈ હતી. વધુમાં, એવી પણ શંકા હતી કે ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ એક ખોટી કંપની હતી. એનો ઉપયોગ સોદામાં ચુકવણી તરીકે કરવામાં આવ્યો હતો. જમીન ખરીદવાનો ચેક ક્યારેય જમા કરવામાં આવ્યો ન હતો. હરિયાણા પોલીસની FIRના આધારે EDએ ૨૦૧૮માં મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો હતો.

## સાઉદી રાજદૂતને બ્લેકમેલ કરવાના આરોપસર બાંગ્લાદેશી મોડેલ મેઘના આલમની ધરપકડ

**સમય મિરર | નવી દિલ્હી**



બાંગ્લાદેશની લોકપ્રિય મોડેલ મેઘના આલમની ૯ એપ્રિલે ધરપકડ કરવામાં આવી હતી, જેના વિશેની માહિતી હવે સામે આવી છે. તેમના પર દેશની સુરક્ષાને જોખમમાં મૂકવ-ાનો અને નાણાકીય હિતોને નુકસાન પહોંચાડવાનો આરોપ છે. મેઘના (૩૦ વર્ષ) ૨૦૨૦માં મિસ અર્થ બાંગ્લાદેશ હતી.

મેઘનાના પિતા બદરુલ આલમે જણાવ્યું હતું કે પોલીસે તેમની પુત્રીને કોઈપણ ચાર્જશીટ વિના કસ્ટડીમાં લઈ લીધી છે. આ સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. મેઘનાની ધરપકડનું મુખ્ય કારણ સાઉદી અરબના રાજદૂત સાથેના તેના સંબંધો હોવાનું કહેવાય છે. બદરુલ આલમે કહ્યું, 'રાજદૂત અને મેઘના રિલેશનશિપમાં હતા અને મારી પુત્રીએ તેની સાથે લગ્ન કરવાનો ઈનકાર કર્યો હતો કારણ કે તે પહેલાથી જ પરિણીત હતો અને તેના બાળકો પણ હતા.'

તે જ સમયે પોલીસનો આરોપ છે કે મેઘના આલમે રાજદૂત ઈસા આલમને બ્લેકમેઈલ કરીને ૫ મિલિયન ડોલર (લગભગ ૪૩ કરોડ રૂપિયા) પડાવવાનો પ્રયાસ કર્યો હતો.

તાજેતરમાં મેઘનાએ ફેસબુક પર દાવો કર્યો હતો કે રાજદૂત ઈસા બિન-ઈસ્લામિક પ્રવૃત્તિઓમાં સામેલ હતા. જોકે, મેઘનાએ તેઓ શું કામ કરી રહ્યા હતા તે જાહેર કર્યું નહીં. મેઘના આલમે એવો પણ દાવો કર્યો હતો કે ઈસા યુસુફ પોલીસ દ્વારા તેને ધમકી આપી રહી હતી જેથી તે સોશિયલ મીડિયા પર હકીકત પોસ્ટ ન કરે. ધરપકડ પહેલા આલમ ફેસ-બુક પર લાઈવ સ્ટ્રીમિંગ કરી રહી હતી. ત્યારબાદ બાંગ્લાદેશ પોલીસની ખાસ જાસૂસી શાખા, ડીબી પોલીસ, તેના ઘરમાં ઘૂસી ગઈ અને તેની ધરપકડ કરી. આલમની બાંગ્લાદેશના વિશેષ સત્તા કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવી છે. આ કાયદો આરોપીને અનિશ્ચિત સમય માટે કસ્ટડીમાં રાખવાની મંજૂરી આપે છે. બાંગ્લાદેશમાં આ કાયદાને સરમુખત્યારશાહી કાયદો કહેવામાં આવે છે. આ ઘટનાએ બાંગ્લાદેશમાં માનવાધિકારની સ્થિતિ પર પણ પ્રશ્નો ઉભા કર્યા છે. જોકે, બાંગ્લાદેશ સરકારના કાનૂની સલાહકાર આસિફ નારુલે પણ કહ્યું હતું કે ધરપકડ યોગ્ય નથી.

### વ્હાઈટ હાઉસની માંગણીનું પાલન કરવાનો ઈન્કાર કરતા

## ટ્રમ્પે હાર્વર્ડ યુનિવર્સિટીનું ૨.૨ બિલિયન ડોલરનું ફંડિંગ અટકાવ્યું

**સમય મિરર | નવી દિલ્હી**



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે હાર્વર્ડ યુનિવર્સિટીનું ૨.૨ બિલિયન ડોલર (લગભગ ૧૮ હજાર કરોડ રૂપિયા)નું ફંડિંગ અટકાવી દીધું છે.

આ કાર્યવાહી એટલા માટે કરવામાં આવી કારણ કે હાર્વર્ડ કેમ્પસમાં યહૂદી-વિરોધને ડામવા માટે વ્હાઈટ હાઉસની માંગણીઓનું પાલન કરવાનો ઈનકાર કર્યો હતો.

ખરેખરમાં, ૩ એપ્રિલના રોજ, ટ્રમ્પ વહીવટીતંત્રે યુનિવર્સિટી સમક્ષ એક માંગણી રજૂ કરી હતી કે સરકારને યુનિવર્સિટીના શાસન, એડમિશન અને ભરતી પ્રક્રિયા પર નિયંત્રણ સોંપવામાં આવે અને તેમાં મોટા ફેરફારો કરવામાં આવે.

આ ઉપરાંત, ડાયવર્સિટી ઓફિસ બંધ કરવા અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની તપાસમાં ઈમિગ્રેશન અધિકારીઓને મદદ કરવાની પણ માંગ કરવામાં આવી હતી.

હાર્વર્ડે આ માંગણીઓને ગેરકાયદેસર અને ગેરબંધારણીય ગણાવીને નકારી કાઢી. પછી સોમવારે રાત્રે, ટ્રમ્પ વહીવટીતંત્રે હાર્વર્ડને જાણ કરી કે તે તેનું ૨ બિલિયન ડોલરથી વધુ ફેડરલ ફંડિ-ંગ રોકી રહ્યું છે. હાર્વર્ડના પ્રમુખ એલન ગાર્બરે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઓને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે યુનિવર્સિટી સરકાર સામે ઝૂકશે નહીં અને તેની સ્વતંત્રતા અને બંધારણીય અધિકારો સાથે સમાધાન કરશે નહીં.

ગાર્બરે કહ્યું કે કોઈ પણ સરકાર, કે સત્તામાં રહેલો કોઈ પણ પક્ષ, તે નક્કી કરી શકે નહીં કે પ્રાઈવેટ યુનિવર્સિટીઓ શું ભણાવી શકે, કોને એડમિશન આપશે કે નોકરી આપી શકે અને કયા વિષયોનો અભ્યાસ કે સંશોધન કરી શકે છે .

તેના જવાબમાં, ટ્રમ્પના સંયુક્ત કાર્ય દળ ટુ કોમ્બેટ એન્ટિ-સેમિટિઝમે એક નિવેદન જાહેર કરીને કહ્યું કે હાર્વર્ડની ૨.૨ બિલિયન ડોલર મલ્ટી- ઈયર ગ્રાન્ટ અને ૬૦ કરોડ ડોલર સરકારી કોન્ટ્રાક્ટનું ફંડિંગ રોકવામાં આવ્યું છે. યહૂદી વિરોધીવાદ સામે લડવા માટે સંયુક્ત ટાસ્ક ફોર્સે જણાવ્યું હતું કે હાર્વર્ડનું નિવેદન એક ખલેલ પહોંચાડતી માનસિકતાને દર્શાવે છે જે આપણા દેશની ઘણી શ્રેષ્ઠ યુનિવર્સિટીઓ અને કોલેજોમાં ફેલ-ાયેલી છે. આ દર્શાવે છે કે તેઓ સરકારી ભંડોળ મેળવવા માંગે છે, પરંતુ કાયદાઓનું પાલન કરવાની જવાબદારી લેવા માંગતા નથી.

ટાસ્ક ફોર્સે વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં, ઘણા કેમ્પસમાં અભ્યાસમાં અડચણ પડી છે, જે અમને સ્વીકાર્ય નથી. યહૂદી વિદ્યાર્થીઓનું હેરેસમેન્ટ સહન કરી શકાય નહીં. આ ટોપ યુનિવર્સિટીઓ આ સમસ્યાને ગંભીરતાથી લેવાનો અને કરદાતાઓ પાસેથી ભંડોળ મેળવ-વાનું ચાલુ રાખવા માંગતી હોય તો નક્કર ફેરફારો કરવા માટે તૈયાર રહેવાનો સમય આવી ગયો છે.

## ભારતના ગોલકોન્ડા બ્લુ ડાયમંડની જિનીવામાં હરાજી થશે : અંદાજિત કિંમત ૪૩૦ કરોડ રૂપિયા

**સમય મિરર | નવી દિલ્હી**



ભારતના શાહી વારસા સાથે સંકળાયેલ હીરો 'ગોલકોન્ડા બ્લુ' પહેલીવાર હરાજીમાં વેચાવા જઈ રહ્યો છે. તે ૨૩.૨૪ કેરેટનો તેજસ્વી વાદળી હીરો છે, જે પ્રખ્યાત પેરિસિયન જ્વેલરી ડિઝાઈનર JARએ એક સુંદર રિંગમાં ગોઠવ્યો છે. જીનીવામાં ક્રિસ્ટીઝ નામની હરાજી કંપની દ્વારા તેની હરાજી કરવામાં આવશે. તેની કિંમત રૂ. ૩૦૦ થી ૪૩૦ કરોડ (૩૫ થી ૫૦ મિલિયન) હોવાનો અંદાજ છે. ક્રિસ્ટીઝ કહે છે કે આવા ખાસ અને શાહી હીરા ભાગ્યે જ વેચાણ માટે આવે છે. અગાઉ પણ તેઓએ કેટલાક ઐતિહાસિક ગોલકોન્ડા હીરાની હરાજી કરી છે જેમ કે- આર્કડ્યુક જોસેફ, પ્રિન્સી અને વિટ્ટેલ્સબેક હીરા.

આ નાસપતી આકારનો હીરો ભારતના રાજાશાહી સાથે સંકળાયેલો છે. ક્રિસ્ટીઝના મતે, આ હીરો મહા-રાજા યશવંત રાવ હોલકર (ઈન્દોર)ની માલિકીનો હતો. ૧૯૨૦-૩૦ના દાયકામાં મહારાજા યશવંત રાવ હોલકર તેમની વૈભવી અને આંતરરાષ્ટ્રીય જીવનશૈલી માટે જાણીતા હતા.

યશવંત રાવના પિતાએ આ હીરા ઈન્દોર પિયર્સ ડાયમંડ્સમાંથી પેરિસની પ્રખ્યાત જ્વેલરી બ્રાન્ડ ચૌમેટ પાસેથી ખરીદ્યો હતો. ૧૯૨૩માં તેમણે શોમેટને તેમના ૨૩ કેરેટના પિઅર-આકારના વાદળી હીરાથી બ્રેસલેટ સેટ બનાવવા માટે કહ્યું. ૧૯૩૩માં મહારાજા યશવંત રાવે મૌબુસેનને તેમના સત્તાવાર ઝવેરી તરીકે નિયુક્ત કર્યા. મૌબુસેને તેના ઘરેણાં ફરીથી ડિઝાઈન કર્યા. તેણે ગોલકોન્ડા બ્લુ અને ઈન્દોર પર્લ્સ બંનેનો બનેલો લાંબો ગળાનો હાર બનાવ્યો. આ ઈન્દોરની રાણીએ પહેર્યો હતો, જેનું ચિત્ર પ્રખ્યાત ચિત્રકાર બર્નાર્ડ બુટ્ટી ડી મોનવેલ દ્વારા બનાવવામાં આવ્યું હતું.


હીરાના રાજા તરીકે જાણીતા અમેરિકન ઝવેરી હેરી વિન્સ્ટને ૧૯૪૬માં ઈન્દોર પિયર્સ અને ૧૯૪૭માં બ્લુ ડાયમંડ ખરીદ્યો હતો. બાદમાં તેમણે તેને બ્રોચમાં બેસાડ્યો હતો. તેમાં ૨૩ કેરેટનો સફેદ હીરો પણ હતો. આ બ્રોચ પાછળથી વડોદરાના મહારાજાએ ખરીદ્યો હતો. બાદમાં હેરી વિન્સ્ટને તેને પાછું ખરીદ્યું અને નવી ડિઝાઈન સાથે ફરીથી વેચી દીધું. લગભગ ૮૦ વર્ષ પછી, હવે ફરી એકવાર તેની જાહેરમાં હરાજી થવા જઈ રહી છે.

## વડાપ્રધાનના નિવેદનને વખોડતા અસદુદ્દીન ઔવેસીનો વળતો પ્રહાર

### સંઘની સંપત્તિનો ઉપયોગ દેશહિતમાં થયો હોત તો મોદીને ચા વેચવાની જરૂર ન પડી હોત

**સમય મિરર | નવી દિલ્હી**





વક્ફ અમેન્ડમેન્ટ એક્ટ હાલ રાષ્ટ્રીય રાજકારણમાં સૌથી વધુ ચર્ચિત મુદ્દો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ગઈ કાલે હરિયાણાના હિસારમાં વક્ફ કાયદા અને તેના અંગે થઇ રહેલા રાજકારણ અંગે નિવેદન આપ્યું હતું. વડા પ્રધાને કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું છે કે પાર્ટી વક્ફ અંગે તુષ્ટિકરણની રાજનીતિ કરી રહી છે. વડા પ્રધાને કહ્યું કે જો વકફ મિલકતનો ઉપયોગ પ્રામાણિકપણે કરવામાં આવ્યો હોત, તો મુસ્લિમ યુવાનોએ સાયકલનું પંચર રિપેર કરીને પોતાનું જીવન વિતાવવું ન પડતું હોય. હવે વિપક્ષે વડા પ્રધાન પર વળતા પ્રહારો કર્યા છે.

વક્ફ અમેન્ડમેન્ટ એક્ટ અને મુસ્લિમો અંગે વડા પ્રધાન મોદીના નિવેદનને ટીકા કરતા ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિ-મીનના વડા અસદુદ્દીન ઓવૈસીએ વખોડી કાઢ્યું હતું.

ઓવૈસીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, ' જો સંઘ પરિવારની વિચારસરણી અને સંપત્તિનો ઉપયોગ દેશના હિતમાં થયો હોત, તો મોદીને ચા વેચવાની જરૂર ન પડી હોત. છેલ્લા ૧૧ વર્ષમાં મોદીએ ગરીબ ભારતીયો માટે શું કર્યું છે? ભલે હિન્દુઓ હોય કે મુસ્લિમો. ૩૩% ભારતીયો નોકરી અને શિક્ષણ વિના જીવી રહ્યા છે. વકફ મિલકતો સાથે જે બન્યું તેનું એક મુખ્ય કારણ એ છે કે વકફનું માળખું અને વહીવટ હંમેશા નબળું રાખવામાં આવ્યું હતું. મોદીનો વકફ મેન્ડમેન્ટ તેને વધુ નબળું પાડશે.

વડા પ્રધાનના નિવેદનની કોંગ્રેસે પણ ટીકા કરી હતી. કોંગ્રેસના પ્રવક્તા સુપ્રિયા શ્રીનાતે કહ્યું કે વડાપ્રધાન એક ચોક્કસ સમુદાયને 'પંકચર બનાવનારા' કહી રહ્યા છે.

સુપ્રિયા શ્રીનાતે ભાજપ અને RSS પર પ્રહાર કરતા કહ્યું કે, આખી દુનિયા જાણે છે કે RSSમાં દલિતોની શું સ્થિતિ છે. અમને શિખામણ આપવાને બદલે, મને કહો કે આજ સુધી RSSનો એક પણ વડા ઠાકુર અને બ્રાહ્મણ સિવાય બીજી કોઈ જાતિનો કેમ નથી બન્યો?

કોંગ્રેસના નેતા ઈમરાન પ્રતાપગઢીએ કહ્યું, મને આશ્ચર્ય થાય છે કે દેશના એ વડાપ્રધાન જેમણે યુવાનોને પકોડા તળવાની સલાહ આપી હતી તેઓ આજે પકોડાની મજાક ઉડાવી રહ્યા છે. સરકારે યુવાનોને પકોડા તળવા અને પંચર રીપેર કરવા સિવાય બીજું કોઈ કામ કરવા સક્ષમ રાખ્યા નથી. આ દેશના મુસ્લિમો ફક્ત પંચર રિપેર કરતા નથી. તેઓ આ દેશની અર્થવ્યવસ્થામાં મોટી ભૂમિકા ભજવે છે.

મહારાષ્ટ્રમાં સમાજવાદી પાર્ટીના પ્રમુખ અબુ આઝમીએ વડાપ્રધાન મોદીના નિવેદન પર કહ્યું, જો તમે કહી રહ્યા છો કે મુસ્લિમ પંચર રિપેર કરી રહ્યો છે, તો તે ગરીબ નથી રહેતો. તો મારો પ્રશ્ન એ છે કે દક્ષિણ ભારતના ફક્ત ચાર રાજ્યોમાં મંદિરની જમીન ૧૦ લાખ એકર છે. ૨૪ રાજ્યો ગણતરી રહેવા જ દઈએ. શું તમે આ જમીનથી ગરીબ હિન્દુઓની સ્થિતિ સુધારી છે? શું ગરીબ હિન્દુઓ પરેશાન નથી?

## રાજ્યના અધિકારોનું રક્ષણ કરવા તમિલનાડુ સીએમએ ઉચ્ચસ્તરીય કમિટી બનાવી

### આ ભાગલાવાદી માનસિકતાની નિશાની : ભાજપ

**સમય મિરર | નવી દિલ્હી**



તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને મંગળવારે કેન્દ્ર સરકાર સાથે સંબંધો સુધારવા માટે એક ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરી. આ કમિટીનું નેતૃત્વ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટિસ કુરિયન જોસેફ કરશે.

આ કમિટીને રાજ્ય યાદીમાં એવા વિષયોને ફરીથી દાખલ કરવાની ભલામણ કરવાનું કાર્ય પણ સોંપવામાં આવ્યું છે જે અગાઉ રાજ્ય સરકાર દ્વારા જોવામાં આવતા હતા પરંતુ હવે કેન્દ્ર અને રાજ્ય સરકાર બંને હેઠળ છે. આ કમિટીમાં પૂર્વ અધિકારીઓ અશોક શેટ્ટી અને એમયુ નાગરાજનનો પણ સમાવેશ થશે. આ કમિટીનો વચગાળાનો અહેવાલ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં અને અંતિમ અહેવાલ ૨૦૨૮ સુધીમાં રજૂ કરવાનો છે. મુખ્યમંત્રી સ્ટાલિને વિધાનસભામાં કહ્યું કે તેનો ઉદ્દેશ્ય તમિલનાડુ સહિત તમામ રાજ્યોના અધિકારોનું રક્ષણ કરવાનો છે. તમિલનાડુના બીજેપી અધ્યક્ષ નૈનાર નાગેંથિરને મુખ્યમંત્રી એમકે સ્ટાલિનના આ પ્રસ્તાવની ટીકા કરી છે. નાગેંથિરને કહ્યું, 'મુખ્યમંત્રીનો આ પ્રસ્તાવ ભાગલાવાદી માનસિકતા દર્શાવે છે. ડીએમકે બધી સત્તા પોતાના માટે ઈચ્છે છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે શિક્ષણ જેવા મુદ્દાઓ પર રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. ખાસ કરીને NEET પરીક્ષા અંગે. તમિલનાડુ સરકારે NEET માંથી છુટની માંગ કરી હતી. ખરેખરમાં, તમિલનાડુ સરકારે મેડિકલ (MBBS)માં પ્રવેશ માટે NEETને બદલે ૧૨માના ગુણનો ઉપયોગ કરવાની મંજુરી માંગી હતી. જેને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નકારી કાઢ્યું હતું. સ્ટાલિને કહ્યું હતું - ભલે કેન્દ્ર સરકારે અમારી માંગણી નકારી કાઢી હોય, પણ અમારી લડાઈ હજુ પૂરી થઈ નથી. આ નિર્ણયને પડકારવા માટે અમે કાનૂની નિષ્ણાતોની સલાહ લઈશું. આ અંગે ભાજપે કહ્યું હતું કે, NEET પરીક્ષા લાગુ થયા પછી, વિદ્યાર્થીઓ મેરિટના આધારે મેડિકલમાં પ્રવેશ મેળવી રહ્યા છે. અગાઉ એક સીટ માટે ૨ કરોડ રૂપિયા સુધીની લાંચ આપવી પડતી હતી. ઈન્દિરા ગાંધીએ શિક્ષણને રાજ્ય યાદીમાંથી સમવર્તી યાદીમાં સ્થાનાંતરિત કર્યું હતું. રાજ્યપાલ આર.એન. રવિ અને રાજ્ય સરકાર વચ્ચે લાંબા સમયથી સંઘર્ષ ચાલી રહ્યો છે. હાલમાં, સુપ્રીમ કોર્ટે રાજ્યપાલ રવિને ઠપકો આપ્યો હતો અને કહ્યું હતું કે તેમણે તમિલનાડુ વિધાનસભા દ્વારા પસાર કરાયેલા ૧૦ બિલોને લાંબા સમય સુધી સત્તા વિના લટકાવી રાખ્યા હતા. કોર્ટે તેને ''મનસ્વી'' અને ''ગેરકાયદેસર'' ગણાવ્યું હતું.

### સંચાલકના વાંકે સ્પોર્ટસ સંકુલ ખંઢેર થવાની કગાર પર

# સંચાલન પ્રાઈવેટ એજન્સીને આપવું કે તંત્ર પાસે રાખવું તે દોઢ મહિને પણ નક્કી ન કરી શકાયું : ટેન્ડર પ્રક્રિયા લટકી

**સમય મિરર | રાજકોટ**

મહાનગરપાલિકા દ્વારા પ્રજાલક્ષી મોટા પ્રોજેક્ટોનું લોકાર્પણ થયા બાદ તેનું સંચાલન સંસ્થાઓને સોંપવાની પ્રથા વર્ષોજૂની છે. કોર્પોરેશન પોતાના વિભાગની કામગીરી પણ સમયસર કરી શકતું નથી. આથી સંસ્થાઓ દ્વારા બાગ-બગીચાઓ, કોમ્યુનિટી હોલ સહિતના પ્રોજેક્ટો ચલાવી રહ્યું છે. પરંતુ પ્રોજેક્ટ તૈયાર થયા બાદ તેનું લોકાર્પણ કરવામાં સમય વિતાવી નાખે છે. ત્યાર બાદ સંચાલન કરવા માટે પણ યોગ્ય સમયે નિર્ણય ન લેવાતો હોય પ્રોજેક્ટ તૈયાર થયા બાદ અનેક વખત ધુળ ખાતો નજરે પડે છે. તેવું જ મવડી ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટસ સંકુલ કરોડોના ખર્ચે તૈયાર કરવામાં આવેલ અને તેનું લોકાર્પણ ગત તા. ૨૬ના રોજ



મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. તેનું સંચાલન કોને સોંપવું તેનો નિર્ણય લેવામાં અધિકારીઓ અને પદાધિકારીઓએ એક માસ જેટલો સમય કાઢી નાખતા આજે કરોડો રૂપિયાનો પ્રોજેક્ટ ધુળધાણી થતો જોવાઈ રહ્યો છે. અને આ સ્પોર્ટસ સંકુલ ક્યારે ખુલશે તેમ ખેલાડીઓ તથા લોકો પુછી રહ્યા છે.રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરનાં છેવાડાનાં લોકોને રમત-ગમતની સુવિધા આપવાના મુખ્ય ઉદેશને ધ્યાને લઈ મવડી વિસ્તાારમાં વોર્ડનં.૧૨માં ૧૧,૮૩૧.૦૦ ચો.મી. જગ્યા માં આંતરરાષ્ટ્રીય કક્ષાનું ૧૨૦૦ લોકોની ક્ષમતાવાળું સ્પોર્ટસ સંકુલ બનાવવામાં આવેલ છે. જેમાં આશરે ૯૫૦૦.૦૦ ચોરસ મીટર બાંધકામ કરવામાં આવેલ છે. જેમાં ઓપન ગ્રાઉન્ડમાં પાર્કિંગની સુવિધા, ટેનિસ કોર્ટ, બાસ્કેટ બોલ કોર્ટ, વોલી બોલ કોર્ટ અને સ્કેટીંગ રીંગનો સમાવેશ થયેલ છે.

તેમજ ગ્રાઉન્ડ ફલોર પર સ્પોર્ટસ સંકુલમાં ટેબલ ટેનીસ કોર્ટ, બેડમિન્ટન કોર્ટ, આર્ચરી, પ્લે-ગ્રાઉન્ડ એરીયા વિગેરે તથા પ્રથમ માળ પર મહિલાઓ તથા પુરૂષો માટે અલગ-અલગ જીમ, યોગા, શુટીંગ રેન્જ, ચેસ, કેરમ વિગેરે રમતો રમી શકાય તે માટે આયોજન કરવામાં આવેલ છે.

આ ઈન્ડોર સ્ટેડીયમથી આશરે ૧,૫૦,૦૦૦ લોકોને તેનો ફાયદો થશે. પરંતુ હાલ આ સ્પોર્ટસ સંકુલ ધુળ ખાઈ રહ્યું હોવાનું જાણવા મળેલ છે. આ બાબતે પદાધિકારી વિભાગ અને લાગતા વળગતા વિભાગ પાસેથી જાણવા મળેલ કે, સ્પોર્ટસ સંકુલનું સંચાલન ખાનગી સંસ્થાને સોંપવું કે કોર્પોરેશન ખુદ કરે તે મુદ્દે આજ સુધી ચર્ચા હાથ ધરાઈ નથી. આથી ટુંક સમયમાં પદાધિકારીઓ અને અધિકારીઓ મીટીંગ યોજી સ્પોર્ટસ સંકુલના સંચાલનનો નિર્ણય લેશે. જેના માટે મીટીંગ ક્યારે યોજવામાં આવે તે અંગે અધિકારીઓ આગામી દિવસોમાં તૈયારી કરશે જેના કારણે મીટીંગ યોજાયા બાદ સંભવત ખાનગી સંસ્થાને સંચાલન સોંપવાનું થાય તો ટેન્ડર સહિતની પ્રક્રિયા હાથ ધરવી પડે અને તેના માટે સમય પણ જોઈએ તેમજ ટેન્ડર થયા બાદ વર્કઓર્ડર સહિતની કામગીરીમાં પણ વધુ સમય લાગતો હોય સ્પોર્ટસ સંકુલ ક્યારે ખુલશે તે કહેવું મુશ્કેલ બન્યું છે.

**નજીકનાઓને ફાયદા અપાવવા કારસો**

કરોડો રૂપિયાના ખર્ચે મવડીમાં તૈયાર થયેલ આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્પોર્ટસ સંકુલનું સંચાલન કોને સોંપવું તે મુદ્દે કોકડું ગુંચવાયું છે. તા. ૨૬ના રોજ લોકાર્પણ થઈ ગયાને આજે ૨૦ દિવસથી વધુ થયેલ હોવા છતાં આ મુદ્દે પદાધિકારીઓ કે, અધિકારીઓ મગનું નામ મરી પાડવા તૈયાર નથી. ત્યારે જાણકારોના જણાવ્યા મુજબ સ્પોર્ટસ સંકુલ થકી આવક થવાની હોય તેમજ રાજકોટમાં પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટસ સંકુલ તૈયાર થયું છે. જેનું સંચાલન લાગતા વળગતાઓને આપવા માટેની ગોઠવણ થઈ રહી છે.

# રાજકોટમાં સૂર્યનારાયણનો આકરો મિજાજ યથાવત, બીજા દિવસે તાપમાન ૪૨ ડિગ્રી

### રાજમાર્ગો સુમસામ બન્યા : પવનની ગતિ ૧૪ કિ.મી. નોંધાઈ

**સમય મિરર | રાજકોટ**



સૌરાષ્ટ્ર-કચ્છ સાથે રાજકોટ શહેરમાં આજે પણ ગરમીનો પારો ૪૨ ડિગ્રીને પાર જતા જનજીવન પર અસર જોવા મળી રહી છે. સતત ગરમીમાં વધારો થતા ઠંડા પીણા-આઈસ્કીમ, સરબત, જયુસ, શેરડીના રસની ડિમાન્ડ વધી છે.

રાજકોટમાં આજે બપોરે મહત્તમ તાપમાન ૪૨.૨ ડિગ્રી સાથે હવામાં ભેજનું પ્રમાણ દર સાથે પવનની ગતિ સરેરાશ ૧૪ કિ.મી.નોંધાઈ હતી બપોરે આકરા તાપ સાથે રાજમાર્ગો સુમસામ બન્યા હતાં ગઈકાલે અમદાવાદમાં ૪૨.૯ ડિગ્રી સાથે ૪૨.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

જયારે વડોદરા ૪૦.૮, ભુજ ૪૦.૮, ડીસા ૪૧.૧, ગાંધીનગર ૪૨.૫, સુરત ૪૦.૧ ડિગ્રી મહત્તમ તાપમાન નોધાયું હતું.સમગ્ર સૌરાષ્ટ્ર સાથે રાજકોટ શહેરમાં આજે બપોરે પારો ૪૨ ડિગ્રીને પાર જતા અસહ્ય તાપથી જનજીવન પશુપંખીઓ પર અસર જોવા મળી હતી. બપોરના સમયે શહેરીજનોએ કામકાજ સિવાય બહાર નીકળવાનું ટાળ્યું હતું.૪૨ ડિગ્રી સાથે શહેર અગનભઠ્ઠીમાં ફેરવાયું છે.



### ૩૨ સેન્ટર પર બેઠક વ્યવસ્થા કરાઈ

# રાજકોટમાં રવિવારે ૭૦૦૦ ઉમેદવારો આપશે જીપીએસસી વર્ગ-૧ અને ૨ની પરીક્ષા

**સમય મિરર | રાજકોટ**

ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી)દ્વારા આગામી તા.૨૦ને રવિવારે જી.પી.એસ.સી.વર્ગ-૧ અને ૨ની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવનાર છે. રાજકોટમાં આ પરીક્ષા શાંતીપૂર્ણ વાતાવરણમાં લેવાય તે માટે તંત્ર સંજ્જ બની જવા પામેલ છે.

રાજકોટમાં ૩૨ જેટલા કેન્દ્રો પરથી આ પરીક્ષા લેવામાં આવશે.આ પરીક્ષામાં ૭૦૦૦ જેટલા ઉમેદવારો બેસનાર છે આ પરીક્ષામાં પેપરનો સમય બપોરના ૧૨ થી ૩ કલાક સુધીનો રાખવામાં આવેલ છે. આ પરીક્ષામાં ચોરી અને ગેરરીતીના બનાવો અટકાવવા માટે ખાસ પ્રબંધો કરવામાં આવેલ છે.

# વડોદરાના કુબેર ભવનની અગાસીમાં પડેલા કચરામાં આગ લાગી

**સમય મિરર | વડોદરા**

ગુજરાતમાં ઉનાળાની સિઝનમાં આગ લાગવાની અનેક ઘટનાઓ સામે આવી રહી છે. વડોદરામાં ગઈકાલે ફરસાણના ગોડાઉનમાં ગેસની બોટલોમાં બ્લાસ્ટ થતાં આગ ફાટી નીકળી હતી. આજે સરકારી કચેરી કુબેર ભવનમાં આગ લાગી હોવાની ઘટના બની છે.અગાસીમાં પડેલા કચરામાં એકાએક આગ લાગી હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમ પહોંચી ગઈ હતી અને આગ પર કાબુ મેળવી લીધો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વડોદરામાં સરકારી કચેરી કુબેર ભવનમાં આગ લાગવાની ઘટના બની હતી. આ ભવનમાં ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટની મુખ્ય કચેરીની ઉપર અગાસીમાં પડેલા કચરામાં આગ લાગી હતી. આગ કયા કારણે લાગી હતી તેનું કારણ હજી અકબંધ છે. આગની ઘટનાનો કોલ મળતાની સાથે જ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબુ મેળવી લીધો હતો.



બીજી તરફ ભાવનગરમાં પણ આગનો બનાવ સામે આવ્યો હતો. ભાવનગર નજીક નારી જીઆઈડીસીમાં ખુલ્લા પ્લોટમાં રહેલા સુકા ઘાસમાં આગ લાગી હતી. આ આગ અન્ય વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી. ખુલ્લામાં ફેલાયેલી આગ વધુ ફેલાય તે પહેલા જ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયરના જવાનોએ આગને કાબુમા લઈ લેતા આસપાસના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.




### આરોગ્ય ચકાસણી કેમ્પનું આયોજન

# કલેક્ટરની હાજરીમાં ધોરાજીના મોટી મારડમાં સેવા સેતુ યોજાશે

**સમય મિરર | રાજકોટ**

ધોરાજી નજીકના મોટીમારડ ગામે આગામી તા.૧૯મીના રોજ સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ સંદર્ભે જીલ્લા કલેકટર પ્રભવ જોશીએ આજે મોટીમારડ ખાતે દોડી જઈ આ વિસ્તારના સરપંચો અને શિક્ષકો સાથે બેઠક આયોજીત કરી હતી.

કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, મોટીમારડ ખાતે આગામી તા.૧૯મીના રોજ યોજાનારા આ સેવા સેતુ કાર્યક્રમ દરમ્યાન મેડીકલ કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં દર્દીઓને નિદાન કરી તબીબી સેવા પુરી પડાશે.

સેવાસેતુ કાર્યક્રમમાં સહાય ઝુંબેશ તેમજ અરજદારોને મળતા સરકારી યોજનાઓના લાભાલાભો અપાશે. આ સેવા સેતુ કાર્યક્રમનો ગ્રામ્ય વિસ્તારના લોકો વધુને વધુ લાભ લેવા અપીલ કરી હતી.

### કુવાડવામાં ૩૩ બાંધકામોનું ડિમોલેશન કરાયું

# કરોડોની સરકારી જમીન ખુલ્લી કરાવતું જિલ્લા વહીવટી તંત્ર : ૪૦૦૦ ચો.મી. જમીન દબાણમુક્ત થઈ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ જિલ્લામાં સરકારી જમીનો ઉપર ખડકાયેલ ગેરકાયદેસર બાંધકામો હટાવવાની ઝુંબેશના ભાગરૂપે શહેરની ભાગોળે આવેલા કુવાડવા ગામની અંદાજે ચાર હજાર ચોરસ મીટર જમીન ઉપર ખડકાયેલા ૩૩ જેટલા કાચા-પાકા મકાનો તથા એક ગેરજ ઉપર રેવન્યુ તંત્ર દ્વારા બુલડોઝર ફેરવી દેવામાં આવ્યા હતા.

જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીની સૂચનાને પગલે જિલ્લામાં ગેરકાયદેસર સરકારી જમીન પરના દબાણો દૂર કરવાની કાર્યવાહી તેજ કરવામાં આવી છે. આજે તાલુકા મામલતદારની ટીમ દ્વારા રાજકોટ નજીક આવેલા કુવાડવા ગામ ખાતે ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યવાહીમાં આશરે ૪૦૦૦ ચોરસ મીટર જેટલી સરકારી જમીન દબાણમુક્ત કરવામાં આવી હતી.



મળતી માહિતી અનુસાર, કુવાડવા ગામના સર્વે નંબર ૫૧૭ પૈકીની સરકારી જમીન પર છેલ્લા ઘણા સમયથી ગેરકાયદેસર દબાણો ઉભા હતા. તાલુકા મામલતદાર દ્વારા દબાણકર્તાઓને વારંવાર નોટિસ આપવામાં આવી હોવા છતાં, તેમણે દબાણ દૂર ન કર્યું. આથી, આજે વહીવટી તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા હતા. ડિમોલીશનની કાર્યવાહી દરમિયાન, આશરે ૨૫ જેટલા કાચા મકાનો, આઠ પાકા મકાનો અને એક ગેરેજ સહિતના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. અંદાજિત બે કરોડ રૂપિયાથી વધુ કિંમતની આ સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી હતી આ કામગીરીમાં કુવાડવા ગામના તલાટી મંત્રી તેમજ કુવાડવા પોલીસ, તાલુકા મામલતદાર, સર્કલ ઓફિસર સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

કુવાડવાથી આગળ બેટી ગામના પાદરમાં પણ હાઈવે ઉપર સરકારી જમીનમાં મોટાપાયે દબાણો ખડકાઇ ગયાનું જાણવા મળે છે. અમદાવાદ હાઈવે ઉપર બેટી નદીનો પુલ પુરો થયા પછી એરપોર્ટની સામેની બાજુ નદીકાંઠે મંજુરની પાછળના ભાગમાં ગેરકાયદે ખનીજની હેરફેર કરતા લોકોએ સરકારી ખરાબામાં પાકા મકાનો બનાવી લીધા હોવાનું અને લાંબા સમયથી આ મકાનોમાં અસામાજિક પ્રવૃત્તિ ચાલી રહી હોવાની ફરીયાદો ઉઠી છે.

### શહેરમાં મચ્છરજન્ય રોગચાળામાં ફરી વધારો

# ઝાડા-ઉલ્ટી અને કમળાના ૨૦૦, શરદી-ઉધરસના ૫૩૦, સામાન્ય તાવના ૬૨૮ દર્દી

### ટાઈફોઈડના ચાર નવા કેસ : મચ્છર ઉત્પત્તિ અને ગંદકી કરતા ૧૬૨ આસામીઓને નોટિસ ફટકારાઈ



**સમય મિરર | રાજકોટ**

મનપાના આરોગ્ય વિભાગ દ્વારા ડોર ટુ ડોર કામગીરી દરમિયાન આરોગ્યના આંકડાઓ બહાર આવ્યા છે. જે મુજબ ગરમી વધતા પાણીજન્ય રોગચાળામાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. એક સપ્તાહમાં ઝાડા-ઉલ્ટી અને કમળાના ૨૦૦ કેસ તેમજ શરદી-ઉધરસના ૫૩૦, સામાન્ય તાવના ૬૨૮ અને ટાઈફોઇડના નવા ચાર કેસ નોંધાતા તંત્ર દ્વારા મચ્છર ઉત્પતિ અને ગંદકી સબબ ૧૬૨ આસામીઓને નોટીસ ફટકારવામા આવી છે.

પાણી જન્ય રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૦૭/૪/૨૦૨૫ થી તા.૧૩/૦૪/૨૦૨૫ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ ૧૫,૩૯૫ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૨૯૨ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

મચ્છરજન્ય રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૪૯૫ પ્રીમાઈસીસ (બાંધકામ સાઈટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ / વાડી / પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરે) નો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૭૮ અને કોર્મશીયલ ૮૪ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયા રોકથામ માટે ૧૦–૧૦–૧૦નું સૂત્ર અપનાવવું. જેમાં પ્રથમ ૧૦ : દર રવિવારે સવારે ૧૦ વાગે ૧૦ મિનિટ ફાળવવી. બીજા ૧૦ : ઘરમાં તથા ઘરની આસપાસના ૧૦ મીટરના એરીયામાં પાણી ભરેલા પાત્રો ઢાંકીને રાખવા તેમજ બિનઉપયોગી પાણી ભરેલા પાત્રો ખાલી કરવા. ત્રીજા ૧૦ : આ માહિતી અન્ય ૧૦ વ્યકિતઓ સુધી પહોંચાડવી. આમ, માત્ર ૧૦ મિનિટ આપને તેમજ આપના પરિવારને ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકુનગુનિયા જેવા વાહકજન્ય રોગોથી બચાવી શકાશે.

# કલેક્ટર કચેરીમાં આજે મળશે લેન્ડગ્રેબિંગ કમિટીની બેઠક

### ૫૦ કેસમાં અરજદારોને રૂબરૂ બોલાવાયા

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે આજે તા.૧૬ને બુધવારે સવારના ૧૧ કલાકે લેન્ડગ્રેબીંગની બેઠક જીલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને આયોજીત કરવામાં આવી છે.

જેમાં ૯૦ કેસોની સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. જેમાંથી ૫૦ કેસોના અરજદારોને રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા ફરમાન કરાયેલ છે. અહીં એ ઉલેખનીય છે કે ગત માસે યોજાયેલ લેન્ડગ્રેબીંગની બેઠકમાં ૯૫ કેસો સુનાવણી માટે મુકવામાં આવેલ હતા.

જેમાંથી રાજકોટ શહેરના માત્ર એક જ કેસમાં પોલીસ ફરીયાદ દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. લેન્ડગ્રેબીંગની બેઠકમાં મોટાભાગના કેસોમાં સમાધાન અથવા તો આવા કેસો દફતરે થતા હોય માત્ર જુજ કેસોમાં જ પોલીસ ફરીયાદ થઈ રહી છે.


સરકારી જમીનો પર પેશકદમી અને પારકી મીલકતો પચાવી પાડનારા સામે કાયદાનો શિકંજો કસવા માટે રાજય સરકાર દ્વારા આ કાયદો અમલી બનાવવામાં આવેલ છે. અરજદારોને યોગ્ય ન્યાય મળી રહે તે માટે કલેકટર કચેરીમાં આ માટે ખાસ અલગથી અરજીઓ સ્વીકારવા માટેનો સેલ (વિભાગ) કાર્યરત કરવામાં આવેલ છે.

### ૪.૪૪ લાખ કરદાતાઓએ યોજનાનો લાભ લીધો

# વેરા વળતર યોજનામાં મનપાને માત્ર છ દિવસમાં જ રૂા. ૨૩.૧૯ કરોડની આવક

**સમય મિરર | રાજકોટ**

મહાનગરપાલિકાના હદમાં આવેલ ૫.૩૦ લાખ મિલ્કતો પૈકી બે લાખથી વધુ મિલ્કત ધારકો દર વર્ષે મિલ્કતવેરા વળતર યોજનાનો લાભ લઈ વેરો ભરપાઈ કરી વળતર મેળવી રહ્યા છે. આ વર્ષે પણ તા. ૯ એપ્રિલના રોજ વેરાવળતર યોજનાશરૂ થતાં જ ઓનલાઈન અને ઓફલાઈન વેરો ભરવા માટે પ્રમાણીક કરદાતાઓએ ભારે ધસારો બોલાવ્યો હતો. આજે બપોર સુધીમાં એટલે કે, છ દિવસમાં કુલ ૪૪૪૯૦ કરદાતાઓએ વેરાવળતર યોજનાનો લાભ લઈ વેરો ભરપાઈ કરતા મહાનગરપાલિકાને રૂા. ૨૩.૧૯ કરોડની વિક્રમી આવક થઈ હતી. જેના લીધે વાર્ષિક લક્ષ્યાંક પૂર્ણ કરવામાં સરળતા રહેશે અને સમયસર પુરો થઈ જશે તેમ વેરાવિભાગે જણાવ્યું હતું.




રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ મિલ્કતવેરા તથા પાણી વેરો ભરપાઇ કરવા માટે તારીખઃ-૦૯-૦૪-૨૦૨૫ના રોજથી વેરાની વસુલાત ચાલુ થયેલ છે. તારીખઃ-૧૫-૦૪-૨૦૨૫ના રોજ ૧:૩૦ વાગ્યા સુધીમાં કુલ-૪૪,૪૦૯ કરદાતા દ્વારા રૂ.૨૩.૧૯ કરોડની વસુલાત થવા પામેલ છે. જેમાં કુલ ૩૬,૧૩૮ કરદાતા દ્વારા ઓનલાઇન રૂ.૧૮.૭૯ કરોડ તથા ૮,૨૭૧ કરદાતા દ્વારા ચેક તથા રોકડા થી રૂ.૪.૪૦ કરોડ આવક થયેલ છે. સદરહું કુલ વેરામાં ૨૮.૭૯ કરોડ જેટલી માતબર રકમ નું ડિસ્કાઉન્ટ એડવાન્સ વેરો ભરપાઇ કરનારને આપવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ મિલ્કતવેરા તથા પાણી વેરો ભરપાઇ કરવા માટે તમામ ઝોન ઓફિસ, સિવિક સેન્ટર તથા વોર્ડ ઓફિસ ખાતે મિલ્કતવેરા તથા પાણી વેરો સ્વીકારવામાં આવે છે.સદરહું બાબતે ઝોન ઓફિસ, સિવિક સેન્ટર તથા વોર્ડ ઓફિસમાં છાંયડા,પીવાના પાણી તથા જરૂરી બેઠક વ્યવસ્થાની સુવિધા કરવામાં આવેલ છે.

તંત્રીલેખ



# સંવિધાનની પ્રક્રિયા મુજબ જ બનેલા વકફ કાયદાને લઈને પ.બંગાળમાં હિન્દુ સમુદાયને ટાર્ગેટ કેમ બનાવાય છે?

ધાર અસલ ધારણા રખાતી હતી એ મુજબ જ વડાપ્રધાને વકફ કાયદાના ફાયદાઓ વર્ણવાવ જાહેર પ્રવચનોમાં શરૂ કરી દીધું છે. વકફ કાયદાને લઈને મુસ્લિમભમોમાં ફેલાવાતી ભ્રમણા કે અસમંજસની સ્થિતિને દુર કરવા હવે વડાપ્રધાન મોદી મેદાનમાં આવ્યા છે. હાલ તો વકફ કાયદાને લઈને પ.બંગાળમાં સૌથી વધુ હિંસક દેખાવો અને તોફાનો થઈ રહ્યા છે. સંસદમાં પાસ થઈને રાષ્ટ્રપતિ દ્વારા આખરી મહોર માર્યા બાદ વકફ બિલે કાયદાનું સ્વરૂપ લીધું છે. ત્યારે તેનું શારૂ કે નરસુ જે કંઈ પણ પરિણામ હોય એ મુસ્લિમ સમાજ તોબાદમાં ભોગવશે, હાલ તો વકફ કાયદાને લઈને પ.બંગાળમાં હિન્દુ સમુદાય તેનુ નુકશાન કોઈ કારણ વગર ભોગવી રહ્યો છે. એક કાયદો બન્યો એમા હિન્દુ સમુદાયનો શું વાક છે? આશ્ચર્ય તો એ વાતનું છેકે મમતા બેનર્જી માત્ર શાંતિ રાખવાની અપીલ કર્યા વિના બાજુ કશુ કરી શકતા નથી. એક નવા બનેલા કાયદાને કારણે મુળ હિન્દુઓના દેશમાં હિન્દુઓને જ ભોગવવું પડે એ વિધિની વક્રતા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હરિયાણાના હિસારમાં કોંગ્રેસની ઝાટકણી કાઢતા કહ્યું કે કોંગ્રેસ વકફને લઈને તુષ્ટિકરણની રાજનીતિ કરે છે. તેમણે કહ્યું કે, ''વકફની સંપત્તિનો પ્રામાણિકતાથી ઉપયોગ થયો હોત તો મુસ્લિમ યુવાનોએ આજીવિકા માટે સાઇકલનાં પંક્ચર બનાવવા ન પડ્યા હોત.'' તેમણે કહ્યું કે, ''આનાથી માત્ર ભૂમાફિયાઓને ફાયદો થયો છે.'' વડા પ્રધાનના આ નિવેદન પર વાંધો ઉઠાવતા કોંગ્રેસે કહ્યું કે પીએમ એક સમુદાયને પંક્ચર બનાવનાર તરીકે ઓળખાવે છે. તેના વિશે એઆઈએમઆઈએમના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ પણ મોદીને નિશાન બનાવીને પોતાનો પ્રતિભાવ આપ્યો છે.

પીએમ મોદીએ સોમવારે હિસારથી અયોધ્યા સુધી એક કોમર્શિયલ ઉડાનને લીલી ઝંડી દેખાડી અને હિસારના મહારાજા અગ્રસેન ઍરપોર્ટના નવા ટર્મિનલની બિલ્ડિંગ માટે શિલારોપણ કર્યું હતું. નરેન્દ્ર મોદીએ અહીં પોતાના ભાષણ દરમિયાન વકફના મુદ્દે કોંગ્રેસને નિશાન બનાવી હતી અને પાર્ટી પર તુષ્ટિકરણની રાજનીતિ રમવાનો આરોપ લગાવ્યો હતો.

તેમણે કહ્યું, ''કોંગ્રેસ પાર્ટીના તુષ્ટિકરણના રાજકારણથી મુસલમાનોને નુકસાન થયું છે. કોંગ્રેસે માત્ર કટ્ટરવાદીઓને ખુશ કર્યા છે. વકફ કાયદો એ કોંગ્રેસની આવી કુનીતિનું સૌથી મોટું ઉદાહરણ છે.''

''ચૂંટણી જીતવા માટે કોંગ્રેસે ૨૦૧૩ના અંતિમ સત્રમાં કેટલાંય વર્ષથી ચાલ્યા આવતા વકફ કાયદામાં સુધારા કર્યા જેથી ચૂંટણીમાં મત મેળવી શકાય. વોટ બેન્કને ખુશ કરવા માટે આ કાયદાને બંધારણથી ઉપરનું સ્થાન આપ્યું. આ બાબા સાહેબ આંબેડકરનું અપમાન હતું.'' ''તેઓ કહે છે કે તેમણે આ મુસ્લિમોના હિતમાં કર્યું. જો ખરેખર તમારા હૃદયમાં મુસલમાનો પ્રત્યે થોડી સહાનુભૂતિ હોય તો કોંગ્રેસ પાર્ટી કોઈ મુસ્લિમને પોતાના પક્ષના અધ્યક્ષ બનાવે. સંસદની ટિકિટ આપવી હોય તો ૫૦ ટકા મુસલમાનોને આપે. જીતીને આવશે તો પોતાની વાત કહેશે, પરંતુ કોંગ્રેસ કંઈ આપવા માંગતી નથી.''

પીએમ મોદીએ કહ્યું કે વકફના નામે દેશમાં લાખો હેક્ટર જમીન છે, અને આ પ્રોપર્ટીથી અનાથ બાળકો અને મુસ્લિમોનું કલ્યાણ થવું જોઈતું હતું. તેમણે કહ્યું કે, ''ઈમાનદારીથી ઉપયોગ થયો હોત તો મારા મુસલમાન યુવાનોએ સાઇકલ પંક્ચર બનાવીને પોતાનું જીવન વીતાવવું પડ્યું ન હોત. પરંતુ તેનાથી મુઠ્ઠીભર ભૂમાફિયાને ફાયદો થયો. પસમંદા મુસ્લિમ સમાજને કોઈ ફાયદો ન થયો.''

કોંગ્રેસનાં પ્રવક્તા સુપ્રિયા શ્રીનેતે પીએમના નિવેદન સામે વાંધો ઉઠાવતાં કહ્યું કે તેઓ એક ચોક્કસ સમુદાયને પંક્ચરવાળા કહીને બોલાવે છે. તેમણે ઍક્સ પર લખ્યું કે ''આજે બાબા સાહેબની જયંતિના દિવસે પણ તમારી પાસેથી મર્યાદાની આશા રાખી શકાય તેમ નથી. આજે પણ તમે કોંગ્રેસનો વાંક કાઢો છો અને એક સમુદાયને પંક્ચરવાળા તરીકે બોલાવો છો.''

તેમણે કહ્યું કે ''આખી દુનિયા જાણે છે કે આરએસએસમાં દલિતોની કેવી સ્થિતિ છે. જ્ઞાન આપવાના બદલે એ જણાવો કો અત્યાર સુધી ઠાકુર અને બ્રાહ્મણ સિવાય બીજી કોઈ જાતિની વ્યક્તિને કેમ આરએસએસના અધ્યક્ષ બનાવવામાં નથી આવી.''

કોંગ્રેસના નેતા ઈમરાન પ્રતાપગઢીએ કહ્યું, ''મને તો નવાઈ લાગે છે કે જે દેશના પીએમ યુવાનોને પકોડા તળવાની સલાહ આપતા હતા. તે જ પીએમ આજે પંક્ચર પર મજાક ઉડાવે છે. યુવાનો પંક્ચર અને પકોડા તળવા સિવાય બીજું કોઈ કામ કરી શકે એવી હાલતમાં પણ નથી છોડ્યા. આ દેશના મુસલમાન માત્ર પંક્ચર નથી બનાવતા, તેઓ દેશના અર્થતંત્રમાં પણ મોટી ભૂમિકા ભજવે છે.'' બીજી તરફ મહારાષ્ટ્રમાં સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અબૂ આસિમ આઝમીએ વડા પ્રધાનના નિવેદન વિશે કહ્યું કે, ''તમે એવું કહેતા હોવ કે મુસ્લિમો પંક્ચર બનાવે તો તે ગરીબ નથી રહેતા. તો મારો સવાલ છે કે દક્ષિણ ભારતનાં માત્ર ચાર રાજ્યોમાં મંદિર પાસે ૧૦ લાખ એકર જમીન છે. ૨૪ સ્ટેટ બાકી છે. શું તમે આ જમીનોથી ગરીબ હિંદુઓની હાલત સુધારી દીધી? શું ગરીબ હિંદુ પરેશાન નથી?'' એઆઈએમઆઈએમના વડા અસદુદ્દીન ઓવૈસીએ વડા પ્રધાન મોદીને પૂછ્યું કે છેલ્લાં ૧૧ વર્ષમાં મોદીએ ગરીબ ભારતીય હિંદુ કે મુસલમાનો માટે શું કર્યું? તેમણે કહ્યું, ''૩૩ ટકા ભારતીયો રોજગારી અને ભણતર વગર જીવે છે. વકફની સંપત્તિઓનું જે થયું તેનું એક મોટું કારણ એ છે કે વકફના કાયદા અને વહીવટને હંમેશા નબળા રાખવામાં આવ્યા. મોદીનો વકફ સુધારો તેને વધુ નબળો બનાવશે.'' વકફ એ કોઈ પણ સ્થાવર કે જંગમ મિલકત હોય છે જેને ઈસ્લામમાં માનતી કોઈ પણ વ્યક્તિ અલ્લાહના નામે અથવા ધાર્મિક હેતુથી કે પરોપકાર માટે દાન કરી શકે છે. આ સંપત્તિ સમાજના કલ્યાણ માટે હોય છે અને અલ્લાહ સિવાય તેનું કોઈ માલિક નથી હોતું. જ્યારે બિલ લાવવામાં આવ્યું હતું ત્યારે વિપક્ષનો આરોપ હતો કે વકફ બિલ 'ગેરબંધારણીય' છે. વકફ સુધારા ખરડો હવે સંસદનાં બંને ગૃહોમાં પસાર થતાં અને રાષ્ટ્રપતિએ તેના પર સહી કરતા તે કાયદો બની ગયો છે. ભાજપના સહયોગી દળો જેડીયુ અને ટીડીપીએ પણ આ બિલને ટેકો આપ્યો હતો.

# બેલ્જિયમના ડાયમંડ કેપિટલ એન્ટવર્પથી ડાયમંડ કિંગ મેહુલ ચોક્સીની ભારતયાત્રાનો યોગ સર્જાયો

## ભારતમાં આર્થિક ગન્હાખોરી આચરી વિદેશોમાં મોજ કરતા ભાગેડુઓને દેશભેગા કરી તેને કાનૂની રાહે સજા અપાવવાનો નવો અધ્યાય આલેખાશે, હવે નિરવ મોદી, લલિત મોદી અને વિજય માલ્યાનો વારો છે





ભારતથી વિદેશ ભાગી છૂટેલા હીરાના વેપારી મેહુલ ચોક્સીની બેલ્જિયમમાં ધરપકડ કરવામાં આવી છે. સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ની વિનંતી પર તેમને પકડવામાં આવ્યા છે. ઉદ્યોગપતિ મેહુલ ચોક્સી સામે શનિવારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. હીરાના વેપારી મેહુલ ચોક્સી અને તેમના ભત્રીજા નીરવ મોદી સામે સરકારી માલિકીની બેન્ક, પંજાબ નેશનલ બેન્ક સાથે લગભગ ૧૩,૫૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ છે. ભાગેડુ હીરા કારોબારી મેહુલ ચોકસીની બેલ્જિયમ ખાતે ધરપકડ થયા બાદ તેમના વકીલ વિજય અગ્રવાલે પ્રતિક્રિયા આપી છે. તેમણે ન્યૂઝ એજન્સી એએનઆઈને કહ્યું છે, ''મેહુલ ચોકસીને બેલ્જિયમમાં પકડવામાં આવ્યા છે. તેઓ હાલ કસ્ટડીમાં છે. અમે તેની સામે અપીલ દાખલ કરવાની પ્રક્રિયામાં છીએ.''

મેહુલ ચોકસીના વકીલે કહ્યું કે અમે સ્વાસ્થ્યના આધારે તેમને છોડવાની માગ કરીશું. તેમના કેન્સરનો ઈલાજ થઈ રહ્યો છે. આ કૌભાંડમાં હીરાના વેપારી નીરવ મોદી ઉપરાંત, તેમનાં પત્ની એમી, તેમના ભાઈ નિશાલ અને કાકા મેહુલ ચોકસી મુખ્ય આરોપી છે.નીરવ મોદી હાલમાં લંડનની જેલમાં છે અને તેની જામીન અરજી ઘણી વખત ફગાવી દેવામાં આવી છે. તેઓ પ્રત્યાર્પણથી ભારતને સોંપણી ન થાય તે માટે કાનૂની લડાઈ લડી રહ્યો છે. બેન્કે દાવો કર્યો હતો કે આ તમામ આરોપીઓએ બેન્કના અધિકારીઓ સાથે મળીને કાવતરું ઘડ્યું હતું અને પીએનબીને નુકસાન પહોંચાડ્યું હતું.

પંજાબ નેશનલ બેન્કે સૌપ્રથમ જાન્યુઆરી ૨૦૧૮માં નીરવ મોદી, મેહુલ ચોક્સી અને તેમના સહયોગીઓ સામે ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદમાં તેમના પર ૨૮૦ કરોડ રૂપિયાના કૌભાંડનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ૧૪ ફેબ્રુઆરીએ આંતરિક તપાસ પૂર્ણ થયા પછી પંજાબ નેશનલ બેન્કે બોમ્બે સ્ટોક ઍક્સચેન્જને છેતરપિંડી વિશે જાણ કરી હતી.

અહેવાલો પ્રમાણે ભારતનું આ સૌથી મોટું બેન્કિંગ કૌભાંડ હતું. આ કેસમાં ચોક્સી અને તેમના ભત્રીજા નીરવ મોદી આરોપી છે. ''મેહુલ ચોક્સી પોતાનાં પત્ની પ્રીતિ ચોક્સી સાથે બેલ્જિયમના ઍન્ટવર્પ શહેરમાં રહે છે. તેણે દેશનું એફ રેસિડેન્સી કાર્ડ મેળવી લીધું છે.'' બેલ્જિયમની નાગરિકતા મેળવ્યા પછી મેહુલ ચોક્સીને યુરોપિયન દેશોમાં મુક્તપણે મુસાફરી કરવાની સ્વતંત્રતા મળી રહે છે અને પ્રત્યાર્પણ માટે અરજી થયા પછી તે દેશ બદલી શકે છે. આ અગાઉ મેહુલ ચોકસીએ મુંબઈની એક કોર્ટમાં દાખલ કરેલા સોગંદનામામાં ભારત આવવામાં પોતાની અસમર્થતા વ્યક્ત કરી હતી.

એક અહેવાલ મુજબ, મેહુલ ચોક્સીએ ભારતમાં કેસનો સામનો કરવા માટે પોતાની તબિયત ખરાબ હોવાનું કારણ આપ્યું હતું.

તેમણે દાવો કર્યો કે તેઓ લ્યુકેમિયાથી પીડિત છે, જેને બ્લડ કેન્સર તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમણે બેલ્જિયમના એક ડોક્ટરની ભલામણ રજૂ કરી જેમાં તેમણે જણાવ્યું હતુ કે તેઓ મુસાફરી કરવા માટે ''૧૦૦ ટકા'' અસક્ષમ છે. મેહુલ ચોક્સી ભારતમાં યોગ્ય સારવાર મેળવી શકે છે, જ્યાં વિશ્વ કક્ષાની તબીબી સુવિધાઓ ઉપલબ્ધ છે.

પ્રસંગ રંગ
– પી.એન.જાડેજા

પહેલા તહવ્વુર રાણા અને હવે પંજાબ નેશનલ બેંકમાં છેતરપિંડીનો આરોપી મેહુલ ચોક્સી ભારત પરત ફરી રહ્યો છે. મેહુલ પીએનબી બેંક કૌભાંડનો મુખ્ય આરોપી છે જે હીરાનો વેપારી છે. કૌભાંડ પછી તે દેશ છોડીને ભાગી ગયો અને ભારતથી લગભગ ૬૩૯૧ કિલોમીટર દૂર બેલ્જિયમમાં છુપાઈ ગયો. ભારતે તેને પાછો લાવવા માટે એવી જાળ બનાવી કે તે તેમાં ફસાઈ ગયો અને બેલ્જિયમ પોલીસે પોતે જ તેની ધરપકડ કરી. ચોકસી સારવાર માટે બેલ્જિયમ ગયો હતો. તેની ધરપકડની તસવીરો પણ સામે આવી છે. મેહુલ ચોકસીની બેલ્જિયમ પોલીસે જ ધરપકડ કરી છે. મુંબઈની એક કોર્ટ દ્વારા તેમની સામે જારી કરાયેલા બે ધરપકડ વોરંટનો ઉલ્લેખ કરીને. આ વોરંટ ૨૩ મે, ૨૦૧૮ અને ૧૫ જૂન, ૨૦૨૧ ના રોજ જારી કરવામાં આવ્યા હતા.

મેહુલ ચોક્સી પર પીએનબી તરફથી ૧૩,૫૦૦ કરોડ રૂપિયાની લોન છે. તે તેને લઈને ભાગી ગયો. અગાઉ, તે ૨૦૨૧ માં એન્ટિગુઆથી ભાગી ગયો હતો અને ડોમિનિકામાં છુપાઈ ગયો હતો અને હવે ત્યાંથી, તે સારવારના બહાને બેલ્જિયમમાં છુપાઈ ગયો હતો.

પીએનબી કૌભાંડના મુખ્ય આરોપી મેહુલ ચોક્સીનો પણ નીરવ મોદી સાથે સંબંધ છે. નીરવ મોદી, જેના પર બેંકો સાથે છેતરપિંડીનો પણ આરોપ છે, તે તેના કાકા મેહુલની જેમ ભારતમાંથી ભાગી ગયો હતો. તે લંડનમાં છુપાઈ ગયો છે અને તેની મિલકત ઊઉ દ્વારા જપ્ત કરવામાં આવી છે.

એજન્સીના જણાવ્યા અનુસાર, બેલ્જિયમના કાયદા મુજબ, ચોક્સી પાસે કોર્ટમાં અપીલ કરવાનો વિકલ્પ છે. તેને ભારત આવવા માટે લાંબી પ્રક્રિયાનો સામનો કરવો પડશે. આ જ કારણ છે કે મેહુલને ભારત આવવામાં મોડું થઈ શકે છે. રિપોર્ટ અનુસાર, ભારતીય અધિકારીઓએ બેલ્જિયમના અધિકારીઓને તેના ભારત પ્રત્યાર્પણની પ્રક્રિયા શરૂ કરવા વિનંતી કરી છે. આના થોડા દિવસ પહેલા જ સમાચાર આવ્યા હતા કે ચોક્સી તેની પત્ની પ્રીતિ ચોક્સી સાથે એન્ટવર્પમાં રહે છે.

પંજાબ નેશનલ બેંક (PNB) છેતરપિંડી કેસમાં ગીતાંજલિ જેમ્સના સ્થાપક મેહુલ ચોકસીનું નામ સામે આવ્યું હતું. આ ૧૩,૫૦૦ કરોડ રૂપિયાના બેંક લોન છેતરપિંડીનો કેસ છે. ૧૫ નવેમ્બર ૨૦૨૩ના રોજ તેમને બેલ્જિયમમાં રહેવાની પરવાનગી આપવામાં આવી હતી. બેલ્જિયમ જતા પહેલા મેહુલ ચોક્સી એન્ટિગુઆ અને બાર્બુડામાં રહેતો હતો. ખરેખર, તેમની પત્ની પ્રીતિ ચૌરસિયા બેલ્જિયમની નાગરિક છે. રિપોર્ટ અનુસાર, મેહુલ ચોકસીએ બેલ્જિયમમાં રહેવા માટે 'એફ રેસીડેન્સી કાર્ડ' લીધું હતું. જોકે, એવું કહેવામાં આવ્યું હતું કે ચૌરસિયાએ ભારત પ્રત્યાર્પણ ટાળવા માટે નકલી દસ્તાવેજો રજૂ કર્યા હતા.

આ પછી, સીબીઆઈ અને ઈડીએ મેહુલ ચોકસી અને નીરવ મોદી વિરુદ્ધ મની લોન્ડરિંગ અને છેતરપિંડીનો કેસ દાખલ કર્યો. કૌભાંડને કારણે બેંકને થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે, મેહુલ ચોકસીની ૨,૫૦૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ પણ જપ્ત કરવામાં આવી હતી.

ભારત અને બેલ્જિયમ વચ્ચે પ્રત્યાર્પણ સંધિ છે. પ્રત્યાર્પણ કરતા પહેલા જે તે દેશ ગુનેગારની ધરપકડ કરે છે. મેહુલ ચોકસીએ બેલ્જિયમમાં કોઈ ગુનો કર્યો નથી. જો તે ઝડપાયો ન હોત તો એ અહીંથી પણ ભાગી જવાનો હતો. મેહુલ અન્ય દેશમાં ભાગી જાય એ પહેલા જ બેજિયમમાં તેની ધરપકડ કરી લેવામાં આવી. ભારત સરકારે તો ક્યારની તેના પ્રત્યાર્પણ માટેની કાર્યવાહી શરૂ કરી દીધી હતી. હજુ મેહુલ ચોકસી પ્રત્યાર્પણથી બચવા માટે તેની પાસે જેટલા રસ્તા છે એ બધા જ અપનાવવાનો છે. જોકે, એ લાંબા ટકે મેહુલ ચોક્સી હજુ પ્રત્યાર્પણથી બચવાના તમામ પ્રયાસો કરવાનો છે. બ્લડ કેન્સરથી પીડાતા મેહુલ ચોકસીએ સારવાર માટે જ એન્ટીગુઆ છોડ્યું હતું. મેહુલ ચોક્સી સ્વિટ્ઝર્લેન્ડ ભાગી જવાની તૈયારીમાં હતો. બેલ્જિયમ છોડે એ પહેલા જ તેને ઝડપી લેવામાં આવ્યો! અલબત્ત, મેહુલ ચોકસીએ પોતે ભારતના ભૂતપૂર્વ નાગરિક હોવાનું અને ભારતમાં વોન્ટેડ હોવાની વાત બેલ્જિયમ સરકારથી છુપાવી હતી. મેહુલ ચોક્સીને એ વાતનો અંદાજ આવી ગયો હતો કે, બેલ્જિયમમાં ગમે ત્યારે તેની ધરપકડ થવાની છે. ૬૫ વર્ષનો મેહુલ ચોક્સી બ્લડ કેન્સરની ગંભીર બીમારીથી પીડાઈ રહ્યો છે. મેહુલ ચોક્સી એન્ટીગુઆમાં સલામત હતો. બ્લડ કેન્સરની સારવાર માટે જ તેણે એન્ટીગુઆ છોડીને બેજિયમ જવું પડયું હતું. એ-ટીગુઆમાં સારવારની પૂરતી સુવિધા નથી. મેહુલ એટલે એન્ટીગુઆમાં લાંબુ રહી શકે એમ નહોતો. બેલ્જિયમની અદાવતમાં જેવી ભારતને સોંપવાની વાત આવશે એટલે સૌથી પહેલા મેહુલ એવી જ દલીલ કરવાનો છે કે, તે ભારત સુધી ટ્રાવેલ કરી શકે એમ નથી, અત્યારે તો તેણે બેલ્જિયમની જેલમાંથી છૂટવા માટે જામીનની તૈયારીઓ આઠરી છે. મેલ્જિયમની સિટિઝનશીપ મેળવ્યા બાદ મેહુલ ચોક્સી પત્ની પ્રીતિ સાથે એન્ટવર્પમાં રહેતો હતો. પીતિ ચોક્સી મેલ્જિયમની નાગરિક છે. મેહુલ ચોક્સીએ બેલ્જિયમનું એક રેસિડેન્સ કાર્ડ મેળવી લીધું હતું.

શાતિર દિમાગના મેહુલ ચોક્સી અને તેના ભત્રીજા નીરવ મોદીએ ભારતમાં ઠાયમંડ અને જ્વેલરીનો મોટાપાયે બિઝનેસ શરૂ કર્યો હતો. મેહુલ ચોક્સીની કંપની ગીતાંજલિએ મુંબઇમાં સોના ચાંદીના સિક્કા અને વેલરી માટે એટીએમ લગાવ્યું હતું. જાત જાતના પેતરા કરવાના કારણે તેનું નામ થોડા જ સમયમાં આખા દેશમાં

ગાજવા લાગ્યું હતું. મિઝનેસને આગળ ધાવવાના નામે મેહુલ મોઠણીએ પંજાબ નેશનલ બેંકમાંથી મોટી રકમની બોનો લીધી લીધી હતી. આ લોન વિશે જ્યારે તપાસ આદરવામાં આવી ત્યારે ખબર પડી હતી કે, તેણે ખોટા દસ્તાવેજોના આધારે વોનો લીધી છે અને તેનો ઈરાદો બેંકોનું કરી નાખવાનો છે. તપાસમાં પોલ ખુશી પછી જાન્યુઆરી, ૨૦૧૮માં પંજાબ નેશનલ બેંકે મેહુલ ચોક્સી સામે ૨૮૦ કરોડની છેતરપિંડીનો કેસ કર્યો હતો. ધીમે ધીમે બહાર આવ્યું કે, માત્ર ૨૮૦ કરોડ જ નહીં, મેહુલની બદમાશીનો આંકડો તો ૧૩,૮૫૦ કરોડ સુધીનો છે. મેહુલ ચોક્સીને પોતાના કરતુતોના પરિણામોની ખબર જ હતી. તેની સામે પહેલો કેસ નોંધાય એ પહેલા જ ૧૦૧૭માં તેથી

એન્ટીગુઆની સિટિઝનશીપ મેળવી લીધી હતી. ભારતમાં તેની સાથે કાયદેસરની કાર્યવાહી શરૂ થાય એ પહેલા જ તે ભારત છોડીને એન્ટીયુઆ ભાગી ગયો હતો. મેહુલ ચોક્સીને ભારત લાવવા માટે આપણી સરકારે અનેક પ્રયાસો કર્યા છે. એક વખત તો આપણી સરકાર સહળતાની સાવ નજીક પહોંચી ગઈ હતી. જોકે, નસીબનો બળિયો મેહુલ બચી ગયો હતો. એન્ટીગુઆથી મેહુલ ચોક્સી ક્યુબા ભાગી જવા માટે સમુદ્ર રસ્તે રવાના થયો હતો. એ સમયે ડોમિનિકામાં તેને પકડી લેવામાં આવ્યો હતો. આપણી સરકારે ડોમિનિકાને વિનંતી કરી હતી કે, મેહુલ ચોક્સી અમારો ગુનેગાર છે, તેને અમને સોંપી ડો. મેહુલ ચોક્સીને લાવવા માટે આપણી સરકારે વિશેષ વિમાન પણ મોકલ્યુ હતું.

ગયા મહિને જ્યારે મેહુલ ચોક્સી બેલ્જિયમમાં હોવાની વાત બહાર આવી હતી ત્યારે જ બેલ્જિયમની ફેડરલ પબ્લિક સર્વિસ ફોરેન અફેર્સના પલકતા ડેવિડ જોર્ડગ્સે કહ્યું હતું કે, અમે મેહુલ ચોક્સીના પ્રકરણને ગંભીરતાથી લઈ રહ્યા છીએ. ફેબ્રુઆરી મહિનામાં બેલ્જિયમની રાજકુમારી એસ્ટ્રિડ દેશના પ્રતિનિધિ મંડળ સાથે ભારતની મુલાકાતે આવ્યા હતા. પ્રિન્સેસ એસ્ટ્રિડે પીએમ નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. તેમની સાથે આવેલા બેલ્જિયમના સંરક્ષણ પ્રધાન થિયો ફ્રેંકે આપણા દેશના સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ સાથે બેઠક કરી હતી. એ સમયે જ મેહુલ ચોક્સીને ભારત લાવવાનો તખ્તો તૈયાર થઈ ગયો હતો.

# પરશુરામે શા માટે ૨૧ વાર પૃથ્વીને ક્ષત્રિયોથી મુક્ત કરી?



ભગવાન પરશુરામને બ્રહ્માંડના રક્ષક ભગવાન હરિ વિષ્ણુના છઠ્ઠા અવતાર માનવામાં આવે છે. ઉપરાંત, પરશુરામ એક એવા દેવતા છે જેમને અમરત્વનો આશીર્વાદ મળ્યો છે. એવું માનવામાં આવે છે કે ભગવાન પરશુરામ આજે પણ પૃથ્વી પર હાજર છે અને કળિયુગના અંત સુધી રહેશે.

### ભગવાન શિવ પાસેથી અમરત્વનું વરદાન મળ્યું

દર વર્ષે, ભગવાન પરશુરામનો જન્મોત્સવ વૈશાખ મહિનાના શુક્લ પક્ષની તૃતીયા તિથિના રોજ ઉજવવામાં આવે છે. આ વર્ષે ૨૦૨૫ માં, તૃતીયા તિથિ ૨૯ એપ્રિલે સાંજે ૦૫:૩૧ વાગ્યે શરૂ થશે અને ૩૦ એપ્રિલે બપોરે ૦૨:૧૨ વાગ્યા સુધી ચાલશે. હિન્દુ ધર્મના મોટાભાગના તહેવારો ઉદય તિથિ અનુસાર ઉજવવામાં આવે છે, પરંતુ ભગવાન પરશુરામ પ્રદોષ કાળ દરમિયાન અવતાર પામ્યા હતા, તેથી પરશુરામ જયંતિ મંગળવાર, ૨૯ એપ્રિલ ૨૦૨૫ના રોજ ઉજવવામાં આવશે.

ભગવાન પરશુરામની પૂજા કરવાથી હિંમત અને શક્તિના આશીર્વાદ મળે છે. જીવનમાંથી ભય દૂર થાય છે. જીવનમાં સફળતા અને પ્રગતિના માર્ગો ખુલે છે. ભગવાન પરશુરામ ખૂબ જ ઝડપથી ગુસ્સે થઈ જાય છે અને ગુસ્સામાં તેઓ કંઈ પણ કરવા તૈયાર હતા. એવું કહેવાય છે કે ભગવાન પરશુરામે એક સંકલ્પ પૂર્ણ કરવા માટે હૈહય ક્ષત્રિય કુળનો ૨૧ વાર નાશ કર્યો હતો. ચાલો જાણીએ કે પરશુરામે ૨૧ વાર ક્ષત્રિયોનો વધ કરવાનું કારણ શું હતું?

### શા માટે પરશુરામે ૨૧ વાર ક્ષત્રિયોની હત્યા કરી

એકવાર પરશુરામ અને સહસ્ત્રાર્જુન વચ્ચે યુદ્ધ થયું. સહસ્ત્રાર્જુનને માહિષ્મતિના સમ્રાટ હોવાનો ખૂબ ગર્વ હતો. તેણે ધર્મની બધી મર્યાદાઓ ઓળંગી દીધી હતી. તેણે ધાર્મિક ગ્રંથો, વેદ, પુરાણો અને બ્રાહ્મણોનું અપમાન કર્યું અને ઋષિઓના આશ્રમોનો નાશ કર્યો. પરશુરામ પોતાની કુહાડી (શસ્ત્ર) સાથે સહસ્ત્રાર્જુનની નગરી માહિષ્મતીપુરી પહોંચ્યા. અહીં સહસ્ત્રાર્જુન અને પરશુરામ વચ્ચે યુદ્ધ થયું જેમાં પરશુરામની અપાર શક્તિથી સહસ્ત્રાર્જુનનો પરાજય થયો. પરશુરામે પોતાની કુહાડીથી સહસ્ત્રાર્જુનના હજારો હાથ અને ધડ કાપી નાખ્યા.

સહસ્ત્રાર્જુનની હત્યા કર્યા પછી તેના પિતાના આદેશથી પરશુરામ આ હત્યાનું પ્રાયશ્ચિત કરવા માટે તીર્થયાત્રા પર ગયા. પરંતુ તક મળતાં સહસ્ત્રાર્જુનનો પુત્ર, તેના સાથી ક્ષત્રિયો સાથે તપસ્યા કરી રહેલા મહર્ષિ જમદગ્નિના આશ્રમમાં પહોંચ્યો. સહસ્ત્રાર્જૂનના પુત્રે ઋષિનું માથું કાપીને હત્યા કરી અને આશ્રમને પણ બાળી નાખ્યો. માતા રેણુકાએ પોતાના પુત્ર પરશુરામને મદદ માટે વિલાપ કરતા સ્વરમાં બોલાવ્યો. માતાનો પોકાર સાંભળીને પરશુરામ આશ્રમમાં પહોંચ્યા અને જોયું કે તેની માતા રડી રહી હતી અને તેની નજીકમાં પિતાનું માથું શરીરથી અલગ પડી ગયું હતું અને તેના શરીર પર ૨૧ ઘા હતા. આ જોઈને પરશુરામ ખૂબ ગુસ્સે થયા અને તે જ સમયે તેમણે શપથ લીધા કે તેઓ હૈહય વંશનો નાશ કરશે અને તેના સાથી ક્ષત્રિયોને પણ ૨૧ વાર મારી નાખશે અને ભૂમિને ક્ષત્રિયોથી મુક્ત કરશે. પુરાણો અનુસાર પરશુરામે ૨૧ વખત પૃથ્વીને ક્ષત્રિયોથી મુક્ત કરીને પોતાનો સંકલ્પ પૂર્ણ કર્યો હતો.

# ઉનાળામાં આ વસ્તુઓને નાસ્તામાં કરો સામેલ, આખો દિવસ શરીર હાઈડ્રેટેડ રહેશે

ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે અને આ ઋતુ દરમિયાન પાચન સંબંધિત સમસ્યાઓ વધી જાય છે. ગરમીના દિવસોમાં ભોજન બરાબર પચતું નથી અને ડિહાઈડ્રેશનનું જોખમ પણ રહે છે. આ સ્થિતિમાં સ્વસ્થ રહેવું હોય તો આહારમાં ફેરફાર કરવો જરૂરી છે. નિષ્ણાંતો અનુસાર ગરમીના દિવસોમાં વધારે પડતું મસાલેદાર કે તળેલું ભોજન કરવાનું ટાળવું જોઈએ. જો તમે ઉનાળામાં હેલ્ધી રહેવા માંગો છો તો એવી વસ્તુઓ ખાવાનું રાખો જો શરીરને એનર્જી પણ આપે અને શરીરમાં પાણીનું પ્રમાણ પણ જળવાઈ રહે. ખાસ કરીને દિવસથી શરૂઆત તો હેલ્ધી વસ્તુઓ સાથે જ કરવી જોઈએ. ઉનાળામાં સવારે હેલ્ધી વસ્તુ ખાવાથી શરીરમાં આખો દિવસ એનર્જી રહે છે અને શરીરને ઠંડક પણ મળે છે.

આજે તમને જણાવીએ ઉનાળામાં સવારે કઈ કઈ વસ્તુઓને નાસ્તામાં સામેલ કરી શકાય છે. નાસ્તામાં આ હેલ્ધી વસ્તુઓને સામેલ કરવાથી શરીરમાં ઉર્જા રહે છે અને શરીર હાઈડ્રેટ પણ રહે છે.

જવનો દલિયા : ઉનાળામાં સવારે નાસ્તામાં જવનો દલિયા ખાઈ શકાય છે. આ દલિયા ઝડપથી પચી જાય છે અને પેટને ઠંડક પણ આપે છે. ઠંડી હોય છે તેથી ઉનાળામાં તેને ખાવાથી પાચનતંત્ર સારી રીતે કામ કરતું રહે છે.

ખજૂર : જો તમે સવારે નાસ્તો નથી કરતા તો પછી દિવસની શરૂઆત ખજૂર ખાઈને કરી શકો છો. ખજૂરમાં ફાઈબર, આયરન, કેલ્શિયમ, પોટેશિયમ ભરપૂર માત્રામાં હોય છે જે શરીરની સાથે પેટને પણ લાંબા સમય સુધી ભરેલું રાખે છે.

ફણગાવેલા મગ : ઉનાળામાં નાસ્તામાં ફણગાવેલા મગ ખાવા પણ ફાયદાકારક રહે છે. ફણગાવેલા મગ વિટામીન બી, ફાઈબર, પ્રોટીન, આયરન જેવા પોષક તત્વોથી ભરપૂર હોય છે. તે શરીરને ઘણા બધા ફાયદા કરે છે. સવારે મગ ખાવાથી પેટ કલાકો સુધી ભરેલું રહે છે જેના કારણે ઉનાળામાં પણ વજન ઘટાડવામાં મદદ મળે છે સાથે જ તેનાથી પાચનતંત્ર પણ દુરસ્ત રહે છે અને બ્લડ સુગર કંટ્રોલમાં આવે છે.

ઓટ્સ : ઉનાળાના નાસ્તા માટે સૌથી બેસ્ટ વિકલ્પ ઓટ્સ છે. ઓટ્સ પોષણથી ભરપૂર હોય છે અને તેનું પાચન પણ સરળતાથી થાય છે. ફાઈબરથી ભરપુર ઓટ્સ પાચનતંત્રને દુરસ્ત રાખવામાં પણ મદદ કરે છે. ઓટ્સ ખાવાથી પેટ કલાકો સુધી ભરેલું રહે છે. ઓટ્સ વજન કંટ્રોલ કરવામાં પણ મદદ કરે છે. ઓટ્સને તમે દૂધમાં પલાળીને અથવા તો પાણીમાં પકાવીને પણ ખાઈ શકો છો. ઓટ્સને વધારે ટેસ્ટી બનાવવા હોય તો તેમાં અલગ અલગ શાક અને મસાલા ઉમેરી ખીચડી બનાવીને પણ ખાઈ શકાય.



# ઉતાવળે કરેલા નિર્ણય ઘણીવાર નિષ્ફળતાનું મુખ્ય કારણ હોય છે



શ્રીમદ્ ભગવદગીતા'માં શ્રીકૃષ્ણે 'દૈવી સંપત્તિવાળા' અને 'આસુરી સંપદાવાળા' એમ બે પ્રકારના માણસોનું વર્ણન કર્યું છે. ૧૬મા અધ્યાયના ૭મા શ્લોકથી આસુરી સંપદાવાળા માણસોના સ્વભાવની ભગવાન કૃષ્ણ ચર્ચા કરે છે. તદનુસાર આસુરી સ્વભાવના માણસો પ્રવૃત્તિ અને નિવૃત્તિ આ બન્નેને નથી જાણતા માટે એમનામાં નથી હોતી બાહ્ય આંતરિક શુદ્ધિ નથી હોતું તેમનું શ્રેષ્ઠ આચરણ અને નથી હોતું સત્ય ભાષણ. આવા માણસો તમોગુણી ગણાય છે. દંભ, માન અને મદથી ભરેલા એ માણસો કોઈપણ રીતે પૂરી ન થનારી કામનાઓનો આશરો લઈને અજ્ઞાનને મિથ્યા સિદ્ધાંતોને પકડી રાખે છે. રજોગુણીઓ પણ જિદથી મુક્ત હોતા નથી. રાવણ, દુર્યોધન, હિરણ્યકસ્યપુ વગેરેએ પોતાની જિદો છોડી દીધી હોત તો મહાભારત અને રામાયણનો ઈતિહાસ જુદા જ અક્ષરે લખાયો હોત. એવા જિદ્દી લોકો કામ, ક્રોધ તથા લોભ એ નરકનાં દ્વાર છે એવું વિચારવાની તકલીફ પણ લેતા નથી. 'જિ દ્' મૂળ અરબી શબ્દ છે. જેનો અર્થ છે હઠ, દુરાગ્રહની એકની એક વાત કે બાબતને વળગી રહેવાનો આગ્રહ. 'જિદ' શબ્દ યત્ન, મહેનત, વેર, શત્રુતા, ઉલટી વાત વગેરે અર્થમાં પણ પ્રયુક્ત થાય છે. 'જિદ' પકડવી એટલે હઠ કરવી, જિદ પર આવવું એટલે હઠે ભરાવું. જિદખોર એટલે દુરાગ્રહી, પોતાની જિદ ખાતર ટંટો કે ઝઘડો કરે તેવો માણસ. 'ઝડપ' અર્થાત આવેગ, જોશ, ઉતાવળ, જલદી, ક્રોધ, ગુસ્સો, ચાલાકી, છટા, ઉતાવળે કામ પતાવવામાં રસ, તામસીપણું, ઝાળ, ભડકો, ઝપાટાબંધ, ઝડપવું એટલે એકદમ અદ્ધરથી પકડી લેવી, એકદમ પંજામાં લઈ લેવું, છીનવી લેવું, જબરદસ્તીથી કોઈની કોઈ પડાવી લેવી, પસંદ કરવી, ઝપાટો, અનિયંત્રિત ગતિ.

ઘરમાં પતિ-પત્ની અને સંતાનો તથા વડીલો વચ્ચે જાતજાતની ગેરસમજો જન્મતી હોય છે તેમાં વાણી, વર્તન, ગંભીરતાનો અભાવ, અસહિષ્ણુતા કામ કરતી હોય છે. નાનેરાંને 'જનરેશન ગેપ'ને કારણે વડીલોની સલાહ ગમતી નથી. 'નેગેટિવ' અને 'પોઝિટિવ' વિચારસરણીનો પ્રભાવ કામ કરતો હોય છે.

એટલે ઝડપથી અભિપ્રાય પણ ન આપવો જોઈએ અને ઝડપથી નિર્ણય પણ લેવો ન જોઈએ. રાજા-મહારાજા વચ્ચેનાં યુદ્ધો પણ ઝડપથી નિર્ણયને ખાતર જ લડાયાં હતાં. ઘરમાં રહેતાં માણસોમાં સહુને ઉતાવળ હોય છે. દરેકને ઉતાવળ પાછું બહાનું હોય છે અને એમાંથી 'જો' અને 'તો 'નો સંઘર્ષ સર્જાઈ જાય છે. પરીક્ષામાં જલ્દી પાસ થવાની અને સારા ગુણ મેળવવાની ઝડપ હોય છે તેટલી ઝડપ અભ્યાસ નિષ્ઠામાં નથી હોતી. દરેક નોકરીઆત જલ્દી પ્રમોશન મેળવે છે પણ કાર્ય માટે જરૂરી નિષ્ઠાને અભાવે તેની ઝડપી 'ઝડપ' ફળતી નથી. રાજકારણીઓ પણ ચૂંટણીમાં ઝડપી વિજય ઈચ્છે છે અને લોકપ્રિય થવાના જોશમાં બોલવામાં ઝડપ કરી બફાટકારી પોતાની વિરૂદ્ધનું વાતાવરણ સર્જે છે. પાસ-પડોશમાં રહેતા લોકો પણ નાની-નાની બાબતમાં એક તરફી વલણ દાખવી ઝઘડા નોંતરે છે. સમાજમાં પણ પતિ-પત્નીના ઝઘડા માટે બન્ને પક્ષની ઉતાવળ જ કામ કરે છે તેમાંથી ઝઘડા શરૂ થાય છે અને મામલો કોર્ટ કચેરી સુધી પહોંચે છે. જિદ પણ એક પ્રકારની ઉતાવળ જ છે.

જિદમાં માણસની હઠ અને વટ તથા અહંકાર કામ કરતાં હોય છે. જિદ્દી લોકો સામસામે વિચારતાં હોય છે કે હું શું કામ નમું ? નમવાની ફરજ સામેની વ્યક્તિની છે. કોઈ પક્ષ અંદરથી સાચું લાગતું હોવા છતાં જિદવશ પોતાની વાત જતી કરવા તૈયાર હોતું નથી. જિદ સતા માટે હોઈ શકે સ્વાર્થ માટે નહીં. જ્યાં એમ લાગે કે મારો અભિગમ ખોટો છે ત્યાં તરત જ વિનમ્ર પણ સત્વ સ્વીકારી પોતાનો આગ્રહ છોડી દેવો જોઈએ.

માણસ ઘણા નિર્ણયો ઝડપથી લે છે અને ઘણા નિર્ણયો ઠંડા કલેજે લે છે. માણસનું કોપાવિષ્ટ મન હંમેશાં ઝડપ માટે તૈયાર અને પોતે વિજેતા થાય તેવો અંદરથી તેનો ઈરાદો હોય છે. બોલવામાં ઝડપ અનેક જાતની ગેરસમજો પેદા કરે છે અને પરિણામે ઝઘડાનું મૂળ જન્મે છે. ઘણીવાર માણસ 'વટ' ખાતર પણ ઝડપનો આશરો લેતો હોય છે. બેફામ ગતિએ વાહન ચલાવવાની વૃત્તિ એમાં કામ કરતી હોય છે. એવી વ્યક્તિના મનમાં જોશ હોય છે પણ હોશ હોતા નથી એટલે એવા 'ઝડપવીરો' માનસિક સંતુલન ગુમાવી બેસે છે. માણસો મૈત્રી બાંધવામાં પણ ઉતાવળ કરે છે અને મૈત્રી તોડવામાં પણ. નાના-મોટા કારણસર મન દુભાય એટલે મૈત્રીનો અંત આવે છે.

પોતાની માગણીઓના બાબતમાં લોકો પોતાની ઢગલાબંધ માગણીઓ રજૂ કરતા હોય છે અને એવી માંગણીઓના ઔચીત્યનો વિચાર કર્યા સિવાય મંત્રણા કરવા તૈયાર થાય છે ઘણીવાર બન્ને પક્ષોની જીદને કારણે મંત્રણાઓ પડી ભાગી છે અને તે બદલ બન્ને પક્ષો સામેના પક્ષોને દોષ દેતા હોય છે.

# જીવનમાં નફાકારક સ્થિતિ ખોટનો સોદો હોય શકે છે અને ખોટનો સોદો નફાકારક!

જાબાલ ઉપનિષદ'નું નામ મોટાભાગના લોકોએ નહીં સાંભળ્યું હોય, વેદાંતમાં રસ ધરાવતા લોકોમાં પણ આ ઉપનિષદ બહુ પ્રચલિત નથી. અર્થવેદનું આ ઉપનિષદ 'સંન્યાસ ઉપનિષદ' તરીકે પણ ઓળખાય છે. સંન્યાસ અને મુક્તિ જેવા વિષયો પર વાત કરતા આ ઉપનિષદમાં જીવનને ચાર આશ્રમમાં વહેંચવાની વાત છે, બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાશ્રમ 'જીવનને પચ્ચીસ વર્ષના ચાર તબક્કામાં વહેંચી અને દરેક તબક્કાની ફરજ-જવાબદારી વિશેની સમજ એમાં છે. આજે બે કારણોસર આપણને આ વ્યવસ્થા સંપૂર્ણ રીતે વાહિયાત લાગે તો એમાં નવાઈ નથી. એક, આજે આપણું ફોકસ ફરજ પર ઓછું અને હક્ક પર વધારે છે. ફરજની વાત કરતા પહેલા લોકો હક્કની વાત કરતા હોય છે એટલે આજના સમયમાં આ આશ્રમ અપ્રસ્તુત છે તેવું મનને આસાનીથી મનાવી શકાય એમ છે. બીજું, ટેકનોલોજી અને બીજા ઘણા પરિબળોને કારણે આજે આ ચારે'ય આશ્રમની પ્રવૃત્તિઓ એક સાથે કરી શકાય છે ! બાળકો બ્રહ્મચર્યાશ્રમમાં ગૃહસ્થાશ્રમની પ્રવૃતિઓ કરી રહ્યા છે, ગૃહસ્થો વહેલી નિવૃત્તિની યોજનાઓ બનાવી રહ્યા છે !!'

'સાવ સાચી વાત છે, ટેકનોલોજીએ દાટ વાળ્યો છે' 'માત્ર ટેકનોલોજી જ નહીં બીજી ઘણી બાબતોએ આપણી જીવન પધ્ધતિ અને જીવન પરત્વેની સમજ બદલી છે.

જીવનમાં ષષ્ઠીપૂર્તિ જેટલું જ મહત્વ દ્વિતીયાપૂર્તિ, ચતુર્થીપૂર્તિ અને અષ્ટમીપૂર્તિનું પણ હોવું જોઈએ. જીવનમાં દર વીસ વર્ષે આવતા આ પડાવ છે. જે વીતી ગયું તેનું પૃથ્થકરણ કરી અને આવનારુ છે તેનું વ્યવહાર પુરતું આયોજન કરવાનું છે. જીવનનું ઓડિટ કરવું કે હિસાબ તપાસવો એટલો સરળ નથી કારણ કે, મોટાભાગના લોકોને નાણાં સંબંધિત નફા-ખોટમાં વગર ભણે પણ સમજ પડે છે પરંતુ જીવનના સરવૈયામાં હંમેશા ગોથા ખાય છે. જીવનનું ઓડિટ કરવું જટિલ છે કારણ કે જીવનમાં નફો જણાતી વાત વાસ્તવમાં ખોટ હોઈ શકે અને ખોટ લાગતી વાત વાસ્તવમાં નફો રળીને જાય. પૂછો સ્ટોક માર્કેટવાળાને, ચોપડે લોસ બૂક કરીને કમાવાનો આઈડિયા !! તમે તમારા જીવન પર નજર નાખશો તો તમને એવી ઘણી બાબતો મળશે કે જે તમને શરૂઆતમાં નુકસાનકર્તા કે ખોટની લાગી હોય પરંતુ સરવાળે એ જ બાબત તમને લાભકર્તા કે નફાકારક નિવડી હોય ! આવા ઘણા કારણોસર જીવનનું એકાઉન્ટિંગ અટપટું છે અને માટે જ, આપણું મન જીવનના ચોપડામાં શું કેરી ફોરવર્ડ કરવું અને શું માંડવાળ કરવું એ મુદ્દે સતત મૂંઝાયા કરતું હોય છે. દર વીસ વર્ષના પડાવમાં શું કેરી ફોરવર્ડ કરવું એ સરળ કરવા એક સમજ જરૂરી છે. માની લો કે તમે જીવનમાં દર વીસ વર્ષે ઘર બદલો છો, એક ઘર બદલી બીજા ઘરમાં જાવ છો. શું તમે ઘર બદલશો ત્યારે જૂના ઘરનો બધો જ સામાન નવા ઘરમાં લઈ જશો ?! મોટાભાગે નહીં. આપણે એવો જ સામાન લઈ જઈશું કે જે નવા ઘરમાં કામ લાગે, બાકીનો 'નકામો' કે 'કચરો' ગણીને મુકતા જઈશું અથવા એનો વહીવટ કરી નાખશું. નવા ઘરમાં નકામી વસ્તુઓ ભેગી નથી કરવી કે નવો ઉકરડો નહીં કરીએ એવા મનસૂબાથી આપણે મૂવ થઈએ છીએ. શું આપણે દ્વિતીયાપૂર્તિ, ચતુર્થીપૂર્તિ, ષષ્ઠીપૂર્તિ અને અષ્ટમીપૂર્તિ પર થોડા રોકાઈને આપણે હવે પછીના વીસ વર્ષમાં પાછળનો કેટલો સામાન લઈ જવો છે તે નક્કી ના કરી શકીએ ? જીવનમાં ઘણી યાદો, ભૂલો, આપણને થયેલા અન્યાયો, આપણે કરેલા ગુનાઓ, અફસોસ વગેરે સમય જતા લાગણીઓના કચરાથી વિશેષ કંઈ નથી તમારે શા માટે એને નવા ઘરમાં લઈ જવું છે ?! અને લઈ પણ જાવ તો સૌથી મોટું નુકસાન કોને છે ?!' જીવનના વિવિધ તબક્કાઓમાં આપણી પ્રાથમિકતા બદલાતી રહે છે અને એ પ્રમાણે આપણી માનસિકતા બદલાતી રહેવી જોઈએ. જેમ સાઈઠ વર્ષે વીસની ઉંમરના શોખ ના શોભે એમ સાઈઠે વીસ કે ચાલીસના અફસોસ, દુઃખ, અન્યાયો પણ ના શોભે એટલી સાદી સમજ આપણામાં હોવી જોઈએ' જીવનમાં મેં કરેલી ભૂલો ગણાવવાની નહીં કારણ કે એ અંગે હું કંઈપણ કરી શકું તે ઉંમર મારી વીતી ગઈ છે.

હવે તમારે મને પ્રોત્સાહિત કરતા રહેવાનું જેથી વધતી જતી ઉંમર મારો આત્મવિશ્વાસ તેની સાથે ના લેતી જાય અને હું તમારા પર પરવશ થઈને રહી જાઉં. ઉપરછલ્લી રીતે મૂલવશો તો આ વાત એક સાદી મોટીવેશનલ ટોક લાગશે પરંતુ આ વાતને એક નવા દ્રષ્ટિકોણ કે વિચારબીજ ગણીને ચિંતન કરશો તો જીવન પરિવર્તિત થશે.

# ભગવાન સ્વયં પ્રત્યક્ષ મદદ નથી કરતા પણ બીજાને નિમિત્ત બનાવી કાર્યો કરી આપે છે



સમાજમાં રહેતા-જીવતા માણસને બીજાની મદદની જરૂર પડે છે. માત્ર ભગવાન પર બધું છોડી દઈને મદદ ન માગવી કે મદદ ન કરવી એ વાત તાર્કિક નથી. ભગવાન પોતે પ્રત્યક્ષ રીતે મદદ કરવા આવતો નથી પણ બીજાને નિમિત્ત બનાવીને કામો કરી આપે છે. નરસિંહ મહેતાના સંદર્ભમાં કુંવરબાઈનું મામેરું કે શામળશાના વિવાહમાં ભગવાને નરસિંહ મહેતાને કેવી રીતે મદદ કરી હતી એ વાતોથી આપણે પરિચિત છીએ. માણસમાં ઈશ્વરનું દર્શન કરીએ એટલે આપણી દૃષ્ટિ આપોઆપ ઉર્ધ્વગામી બની જાય.

માણસનો ટેકો લેવો એ ભગવાનનો ટેકો લેવા બરાબર છે. ઘરનાં સભ્યોમાં ભગવાનનું દર્શન કરી તેમનું સન્માન જાળવવું, સહિષ્ણુતા કેળવવી અને તેમનો સહયોગ લેવો અને ખરા દિલથી તેમને ટેકો આપવો એ ઈશ્વરીય કામ છે.

માણસ પાસે જિંદગીની અપેક્ષાઓનું મોટું લિસ્ટ છે. પોતાનાં બધાં જ કામો ઈશ્વર કરી આપે એવી તેની અપેક્ષા હોય છે. ઈશ્વર સાધના નથી સાધ્ય છે. એને કશું યાદ કરાવવાની જરૂર નથી કારણકે એ સ્રષ્ટા પણ છે અને દ્રષ્ટા પણ. ટેકો લેવો જ હોય તો ઈશ્વરનો જ લેવો જોઈએ, પણ કરોડ- અબજોની વસ્તીવાળી આ દુનિયામાં ભગવાન પાસે માગણ બનીને માણસ પોતાની અપેક્ષાઓ તે સંતોષે એવી આરઝૂ સેવે છે. ભગવાને લાજ રાખી હોય એવા ભક્તો-સંતોનાં પારાવાર ઉદાહરણો કથાવાચકો પણ આપતા હોય છે.

ઈશ્વરનો ટેકો લેવો અને માણસને ઈશ્વર સ્વરૂપ માની નિસ્વાર્થભાવે મદદ કરવી અને મદદ વિના સંકોચે તેવી તેમાં કશું અઘટિત નથી. શું માણસ ઈશ્વર સાથે માગણીનો જ સંબંધ રાખે અને લાગણીના સાચા સંબંધને મહત્ત્વ આપે તો ઈશ્વર તો ઉદાર છે. એને રિઝાતાં વાર લાગતી નથી. ધીરજ જોઈએ. મીર હાદુએ સાચું જ કહ્યું છે કે માણસો ઈશ્વરને પોતાની જરૂરિયાતાનો હિસાબ કિતાબ રાખતો મુનિમ સમજે છે. ઈશ્વર અંતરયામી છે એને કશું જ યાદ દેવડાવવાની જરૂર નથી.

સમાજ,મૈત્રી અને પ્રેમ એ કુદરતે મનુષ્યને આપેલાં મહાવરદાનો છે. સમાજ એટલે સહજીવન. સુખી થાઓ. અને સુખી કરો એ એનો સિદ્ધાન્ત. માણસ આખરે પરમાત્માનું જ એક રૂપ છે. જીવાત્મા સત્વ, રજસ અને તમસ એ ત્રણ પ્રકારના ગુણોથી બંધાયેલો છે. સાત્વિક પ્રકૃતિના માણસો પરોપકારી હોય છે. ઘસાઈ છૂટવાની એનામાં ભાવના હોય છે. તેથી કશીય અપેક્ષા વગર બીજાને મદદ કરવા તત્પર રહે છે.

આપણું જીવન પરસ્પરના ટેકાથી ઉજળું છે. માણસ માંદો પડે ત્યારે હોસ્પિટલમાં સારવાર માટે દોડી જાય છે. ત્યાં ડોકટર, નર્સ, વોર્ડબોય, આયાબહેનો તેની સેવા કરે છે. એ બધાં ભગવાનનાં જ પ્રતિનિધિઓ છે. એમની દવા અને દુઆથી માણસ સાજો થઈ શકે છે. તે વખતે માણસ એવો તર્ક કરે કે મને ઈશ્વર સિવાય કોઈનો ટેકો ન ખપે તો એવી તેની વિચારણા ભ્રામક છે. માંદગીમાં માણસની સેવા ઘરનાં માણસો, સગાં-વહાલાં, ઈષ્ટમિત્રો વગેરે કરતા હોય છે. તે બધાં પ્રકારન્તરે ઈશ્વરનું બીજું રૂપ જ છે.

માણસ પોતે જ ઈશ્વરનો પનોતો પુત્ર છે. ઈશ્વર તેના મસ્તક પર બન્ને હાથ મૂકવા તૈયાર છે. પણ માણસનું ચારિત્ર્ય એટલું બધું ઉમદા રહે તો જ ઈશ્વરના બન્ને હાથોનો તેને સ્પર્શ થઈ શકે.


ઈશ્વરના ટેકામાં શ્રદ્ધા રાખીએ, તેમ માણસના ટેકા અને મદદની પણ શ્રદ્ધા રાખવી જોઈએ. માણસને કયા સમયે કેટલી અને કેવી મદદ કરવી એના હિસાબ માટે ઈશ્વરને કોમ્પ્યુટરની જરૂર નથી. ઈશ્વર કહે છે, માણસો, તમે એક બીજાની ભરપૂર મદદ લો કે મદદ કરો, તમને હું હારવા દેવાં માગતો નથી. તમને તમારી શ્રદ્ધા અને લાયકાત પ્રમાણે જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પહોંચે. એટલે સ્વર્ગની આકાંક્ષામાં તમે ઘરનીની ઉપેક્ષા ન કરશો. ધરતીનાં માનવીએ મારું જ ઈત્તર સ્વરૂપ છે.

આપણી વિચિત્રતા તો જુઓ. ઊંડા અંધારા આપણે જ સર્જીએ છીએ, અને તે અંધારાના તન-મનથી સામનો કરવાને બધો આપણે અંધકાર વિદારવાની જવાબદારી ઈશ્વરને સોંપીએ છીએ.

આપણું વિશાળ જીવન એક દેવમંદિર છે એમાં ચૈતન્ય રૂપે ઈશ્વર વિરાજિત છે. આપણને મળતી વિવિધ સગવડો ઈશ્વરની કૃપાનું જ પરિણામ છે. ઈશ્વર સક્રિય છે એટલે માણસ પણ સક્રિય રહે, એ તેને મંજૂર છે.

માણસ ક્યારેક દુનિયાનો યાચક બને છે. તો ક્યારેક પરમેશ્વરનો. માણસ 'અદ્વૈત' બની શક્તો નથી. યોગીઓ- સંતો અદ્વૈત બની શકતા હતા એટલે એમને ઈશ્વરનો સાક્ષાત્કાર થતો જ હશે. એ વાતનો ઈન્કાર કરી શકાય નહીં. કશું માગવું હોય તો આપણી જાતથી મોટો દાતા કોણ છે. વિવેક અને જ્ઞાનથી મોટો ગુરૂ કોણ હોઈ શકે ? પણ માણસને નડે છે. તેનો અહંકાર.

# કર્ણાટક વિસ્તારના રાજવી હૈદર અલીએ બ્રિટીશ લશ્કરી અધિકારીનું કાપેલું નાક ગામડાના એક વૈદ્યે ચોંટાડી દીધું'તું



પ્રાચીન આયુર્વેદના ઉપાસકો કહે છે કે પ્રાઈસવીસન પૂર્વે છઠ્ઠી સદીમાં એક મેધાવી ભારતીય વૈદ્ય થઇ ગયા. એ સુશ્રુત તરીકે પ્રખ્યાત થયા હતા. એમણે સુશ્રુત સંહિતા નામે ગ્રંથ લખ્યો જેની આજ સુધીમાં હજારો આવૃત્તિ થઇ ચૂકી છે. સંસ્કૃત ભાષામાં લખાયેલા આ ગ્રંથમાં સુશ્રુતે ૧૧૦૦ (અગિયારસો) જેટલા રોગો અને એની સારવારની વિગતો આપી છે. એમાં એક આખો વિભાગ પ્લાસ્ટિક સર્જરીનો છે. મૂળ ગ્રીક ભાષાના પ્લાસ્ટિકો શબ્દ પરથી આ અંગ્રેજી શબ્દ આવ્યો. પ્લાસ્ટિકો એટલે કશાકનો મોલ્ડ બનાવવો. પ્લાસ્ટિક સર્જ્યન મૂળ કદરૂપ કે અકસ્માતગ્રસ્ત યા રોગગ્રસ્ત અવયવના સ્થાને એવો જ બીજો અવયવ બનાવી આપે.

જો કે આજે તો તબીબી વિશ્વ એટલું આગળ વધી ગયું છે કે બાળક જન્મે ત્યારે માતા અને બાળકને જોડતી ગર્ભનાળમાંથી સ્ટેમ સેલ્સ મેળવીને બીજું અંગ બનાવી આપવાની કળા વિકસી રહી છે. મૂળ કહેવાનું તાત્પર્ય એ કે પ્લાસ્ટિક સર્જરી વિદેશમાંથી આપણે ત્યાં નથી આવી, આપણી ભૂમિ પરથી આખી દુનિયામાં પ્રસરી છે. લગભગ ૧૭૮૦ અને ૧૭૯૦ વચ્ચેની વાત છે. ભારતમાં ફરજ બજાવીને સ્વદેશ પાછા ફરેલા એક બ્રિટિશ લશ્કરી અધિકારી કર્નલ સર ઐરિક કૂટ કેબી બ્રિટિશ પાર્લામેન્ટમાં હાજર થયા. સૌનું અભિવાદન કર્યા બાદ કર્નલ કૂટે સંસદસભ્યોને પૂછયું, આપ સૌમાં કોઇને મારા ચહેરા પર કશું વિશિષ્ટ દેખાય છે ? ધારી ધારીને મારો ચહેરો જોઇ લેવા વિનંતી.

એક પણ સાંસદને કર્નલ કૂટના ચહેરામાં કશું અસ્વાભાવિક લાગ્યું નહીં. મલકતા ચહેરે કર્નલ કૂટે આપવીતી જણાવી. આ આપવીતી કર્નલ કૂટે પોતાની અંગત ડાયરીમાં પણ લખી હતી. કર્નલ કૂટે બ્રિટિશ સંસદમાં જે વાત રજૂ કરી એનો સાર માત્ર એટલો કે આજે આખી દુનિયામાં પ્લાસ્ટિક સર્જકી કે કોસ્મેટિક સર્જરી તરીકે જાણીતી શસ્ત્રક્રિયાનો જન્મ ભારતમાં થયો હતો. અહીંથી આ કલા આખી દુનિયામાં પ્રસરી ગઇ હતી.

આ ઘટના બની ત્યારે બ્રિટિશરોએ ભારતમાં ઔપચારિક રીતે શાસન કરવા માંડયું નહોતું. હજુ ઇસ્ટ ઇન્ડિયા કંપની તરીકે વેપારીનો સ્વાંગ ચાલુ રાખ્યો હતો. સાથોસાથ બ્રિટિશ લશ્કર જુદા જુદા સ્થળે સ્થાનિક રાજરજવાડા સાથે લડાઇ કરીને જે તે રાજ પર કબજો જમાવ્યે જતું હતું. એ જ રીતે કર્નલ કૂટ પોતાની લશ્કરી ટુકડી સાથે દક્ષિણ ભારતમાં કર્ણાટકની આસપાસ ધીમે ધીમે પગપેસારો કરી રહ્યા હતા. કર્ણાટકના એક વિસ્તારમાં હૈદર અલી નામે બહાદૂર રાજવીનું શાસન હતું. કર્નલ કૂટે હૈદર અલી પર હુમલો કર્યો. પહેલીવારના યુદ્ધમાં કર્નલ કૂટની ટુકડીએ ખાસ્સો માર ખાધો. એટલાથી સમજી જવાને બદલે હાર્યો જુગારી બમણું રમે જેવી કર્નલ કૂટની માનસિકતા થઇ. એક નાનકડા રાજનો શાસક પોતાને હરાવી જાય એ કૂટને સ્વીકાર્ય નહોતું. એનો અહં ઘવાયો હતો. એણે વધુ કુમક મંગાવી અને ફરી હૈદર અલીના રાજ પર આક્રમણ કર્યું. ખૂંખાર જંગ જામ્યો. સ્થાનિક ભૂગોળથી સારી પેઠે પરિચિત એવા હૈદર અલીએ ફરી કર્નલ કૂટને હરાવ્યો. એટલું જ નહીં, આ વખતે કર્નલ કૂટ જીવતો પકડાયો. યુદ્ધ કેદી તરીકે એને હૈદર અલી સમક્ષ રજૂ કરાયો. હૈદર અલીએ પહેલાં તો કર્નલને ખરીખોટી સંભળાવી. વેપારીના સ્વાંગમાં તમે લોકો લૂંટારા છો અને અમને લૂંટવા આવ્યા છો વગેરે વાતો દ્વારા કૂટને અપમાનિત કર્યો. એટલાથી સંતોષ ન થતાં હૈદર અલીએ એક અત્યંત પાણીદાર કટાર મંગાવી. કર્નલ કૂટ કંઇ સમજે વિચારે એ પહેલાં હૈદર અલીએ ચિત્તાની ચપળતાથી એક ઘામાં કૂટનું નાક કાપી લીધું.

લોહી નીંગળતા નાક સાથે એને એક ઘોડા પર બેસાડીને ભગાડી દેવામાં આવ્યો. અધમૂવો થઇ ગયેલો કર્નલ કૂટ અર્ધબેહોશ અવસ્થામાં હતો. ઘોડો પોતાની રીતે આગળ જઇ રહ્યો હતો. હૈદર અલીના રાજથી ત્રણેક કે ચારેક કલાક દુર એક ગામમાં ઘોડો પહોંચ્યો. હવે ઘોડો પણ થાક્યો હતો. કૂટના સદનસીબે એક દેશી વૈદ્યે એને જોયો. એ ઘોડાને પોતાને ત્યાં લઇ ગયો. ઘોડાને ઘાસ અને પીવાનું પાણી આપ્યું. કૂટને પોતાના ઘરમાં લઇ ગયો. એનો જખમ ધોયો. સાફ કર્યો. સારા નસીબે જખમમાં હજુ કોઇ ચેપ લાગ્યો નહોતો. વૈદ્યે એને નવશેકા પાણીથી સ્નાન કરાવ્યું. એને જમાડયો. પછી ધીરજભેર જાણી લીધું કે નાક શી રીતે વઢાયું હતું.

કર્નલ કૂટે ભાંગી તૂટી હિન્દી ભાષામાં આપવીતી જણાવી. વૈદ્યે એને આશ્વાસન આપ્યું અને કર્નલનું નાક ફરી બેસાડી આપવાની ખાતરી આપી. કર્નલના માનવામાં ન આવ્યું કે હૈદર અલીએ કાપી નાખેલું એનું નાક આ વૈદ્ય ફરી સાજું સારું કરી આપશે. પરંતુ પ્રાચીન ભારતીય આયુર્વેદ અને શલ્ય ચિકિત્સાના નિષ્ણાત વૈદ્યે એનું નાક ફરી ચહેરા પર બેસાડી આપ્યું. વિદાયવેળાએ કૂટને એક જડીબુટ્ટીમાંથી બનાવેલો લેપ આપ્યો કે આ લેપ નિયમિત લગાડતા રહેજો. થોડા સમયમાં તમારું નાક કુદરતી જેવું થઇ જશે. કર્નલ કૂટે વૈદ્યની સલાહનું નિષ્ઠાપૂર્વક પાલન કર્યું. એનું નાક પહેલાં જેવું થઇ ગયું. એનો કાર્યકાળ પૂરો થતાં એ લંડન પાછો ફ્યો અને પોતાની ડાયરીમાં આ આખી ઘટના વિગતવાર નોંધી. બ્રિટિશ પાર્લામેન્ટમાં આ વાત રજૂ કરી. થોડાક બ્રિટિશ ડોક્ટરોને ભારતના આ વૈદ્ય પાસે મોકલીને શલ્ય ચિકિત્સા શીખી લેવાની ભલામણ કરી. કર્નલ કૂટની એ ભલામણ સ્વીકારવામાં આવી. કેટલાક ઇંગ્લીશ યુવાનો ભારતમાં આવ્યા અને આ ચિકિત્સા પદ્ધતિ શીખ્યા. આજે આખી દુનિયામાં પ્લાસ્ટિક સર્જરીની બોલબાલા છે. પોતાને કદરૂપ કે અસુંદર સમજતા લોકો પ્લાસ્ટિક સર્જરીની સહાયથી સોહામણા બને છે.

# ગોધરામાં FCIના ગોડાઉનમાં ભિષણ આગ

## ચાર કિલોમીટર સુધી દેખાયા ધૂમાડાના ગોટા : હાઈવે નજીક ઘટના બનતાં વાહન વ્યવહારને પણ અસર : ફાયર ફાયટર ઘટના સ્થળે

**સમય મિરર । ગોધરા**

ગોધરા-અમદાવાદ હાઈવે પર આવેલા ત્રિમંદિર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ છે. અહીં FCIના ગોડાઉનમાં ભીષણ આગ લાગી છે. આગની ઘટનાની જાણ થતાં જ ગોધરા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. આગની ભયાનકતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેનો ધુમાડો ૪ કિલોમીટર દૂર સુધી દેખાઈ રહ્યો છે. આગ પર કાબૂ મેળવવા માટે ગોધરા ફાયર બ્રિગેડના ત્રણ ફાયર ફાયટર્સ સતત કામગીરી કરી રહ્યા છે.



જ્યારે GSRTCના ગોડાઉનમાં પડી રહેલા ટાયરોની સ્થાનિકો દ્વારા તાત્કાલિક હટાવવા માટે તજવીજ હાથ ધરી હતી. બીજી બાજુ ગોધરાના ફાયર ફાઈટર દિલ ધડક રેસક્યુ કરીને આગને કાબુ લેવા માટે મરણિયો પ્રયાસ કરી રહ્યા છે. આજ્ઞા બનાવને લઈને ગોધરા ડીવાયએસપી સહિતના પોલીસ કાફલો ઘટના સ્થળ ઉપર દોડી આવ્યો હતો.

બીજી તરફ આગની ઘટના સ્થળની બાજુમાં આવેલા ટાયરના ગોડાઉન ને પણ સ્થાનિક લોકો ધ્વારા સ્વયંભૂ ખાલી કરવામાં આવી રહ્યું છે. જ્યાં આગ લાગી છે તેની બાજુમાં જ મોટા પ્રમાણમાં ખેતરો આવેલા છે અને સ્થાનિક મકાનો પણ આવેલા છે જેને લઈને આજુબાજુના સ્થાનિક લોકો ભયનો માહોલ જોવા મળ્યો હતો.

ફાયર વિભાગના ઈન્ચાર્જ ફાયર ઓફિસર દિનેશભાઈ ડીંડોર ના જણાવ્યા મુજબ આગ ૫૦ ટકા જેટલી કાબુમાં આવી છે અત્યાર સુધીમાં ફાયર બ્રિગેડ દ્વારા ૬ વોટર બ્રાઉઝર થી પાણીનો મારો ચલાવી રહ્યા છે. હાલ આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. સ્થાનિક તંત્ર દ્વારા પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

# IPLની સટ્ટાબાજી બેંકિંગ સિસ્ટમ માટે પડકાર

## ડિજિટલ ચુકવણી સિસ્ટમ બની : વાર્ષિક રૂા. ૨૫૦ લાખ કરોડથી વધુ વ્યવહારોનું સંચાલન

**સમય મિરર । નવી દિલ્હી**

એક તરફ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ક્રિકેટ પ્રેમીઓ માટે મનોરંજન અને ઉત્સાહનો સ્રોત છે, તો બીજી તરફ તે ભારતની બેંકિંગ સિસ્ટમ માટે ટેકનિકલ પડકારોનો મોસમ બની ગયો છે. આ ટુર્નામેન્ટ દરમિયાન થઈ રહેલી કાયદેસર અને ગેરકાયદેસર સટ્ટાબાજીની પ્રવૃત્તિઓએ બેંકોના IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભારે દબાણ લાવ્યું છે.

ભારતમાં IPL દરમિયાન દર વર્ષે ૧૦૦ બિલિયન (લગભગ ૮.૩ લાખ કરોડ રૂપિયા) થી વધુનો ગેરકાયદેસર સટ્ટો રમાય છે. આ સટ્ટાબાજી મોટે ભાગે વિદેશી ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા થાય છે, જે ભારતીય નાગરિકોને ક્રિપ્ટોકરન્સી અને 'મ્યુલ એકાઉન્ટ્સ' દ્વારા સેવાઓ પૂરી પાડે છે. જોકે, ડ્રીમ૧૧ અને પ્રિડિક્શન માર્કેટ પ્રોબો જેવા કાયદેસર રીતે કાર્યરત ફેન્ટસી સ્પોર્ટ્સ પ્લેટફોર્મ પણ ભારતમાં વધુને વધુ લોકપ્રિય બની રહ્યા છે. આ દ્વારા, લોકો વાસ્તવિક પૈસા સાથે મેચ-આધારિત દાવ લગાવે છે, જેના માટે બેંકોએ UPI નેટવર્ક દ્વારા તાત્કાલિક અને સુરક્ષિત વ્યવહારો સુનિશ્ચિત કરવા પડે છે.




### વ્યવહારોનું મોનિટરિંગ વધ્યું

ભારતીય રિઝર્વ બેંકએ પણ બેંકોના ડિજિટલ પ્રદર્શન અને સાયબર સુરક્ષા પર કડક વલણ અપનાવ્યું છે. આવી સ્થિતિમાં, બેંકો હવે બિગ ડેટા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત વિશ્લેષણ કંપનીઓની મદદ લઈ રહી છે. બેંગલુરુ સ્થિત VuNet સિસ્ટમ્સ જેવા સ્ટાર્ટઅપ્સ દરરોજ લગભગ ૧ અબજ વ્યવહારોનું નિરીક્ષણ કરે છે અને દરરોજ લગભગ ૫૦ ટેરાબાઈટ ડેટા પ્રોસેસ કરે છે.

ભારતની UPI સિસ્ટમ વિશ્વની સૌથી મોટી રીઅલ-ટાઈમ ડિજિટલ ચૂકવણી સિસ્ટમ બની ગઈ છે, જે વાર્ષિક ૩ ટ્રિલિયન (લગભગ રૂ. ૨૫૦ લાખ કરોડ) થી વધુના વ્યવહારોનું સંચાલન કરે છે. IPL સીઝન દરમિયાન વ્યવહારોની સંખ્યા ઝડપથી વધે છે, જેના કારણે સર્વર પરનો ભાર અને નિષ્ફળતા દર વધે છે. દર મહિને, નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) બેંકોનો 'ફેલ્યોર રેટ' રિપોર્ટ બહાર પાડે છે, જે ગ્રાહકોને કઈ બેંકમાં ખાતું રાખવું તે નક્કી કરવામાં મદદ કરે છે.

2024-25માં 1.20 લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો

# સૂક્ષ્મ સિંચાઈમાં ૧૫.૭૬ લાખ ખેડૂતોને રૂ. ૮,૮૬૪ કરોડથી વધુની સહાય ચુકવાઈ

## બે દાયકામાં ૧૫.૭૬ લાખથી વધુ ખેડૂતોએ ૨૪.૩૪ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી

**સમય મિરર । રાજકોટ**

આજના કૃષિ વૈશ્વિકરણ અને વૈવિધ્યતાના સમયમાં કૃષિને વધુ નફાકારક બનાવવા માટે સિંચાઈમાં પાણીનો અસરકારક ઉપયોગ અને વ્યવસ્થાપન થવું ખૂબ જ જરૂરી છે. એટલા માટે જ, વર્ષ ૨૦૦૫માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીના માધ્યમથી સૂક્ષ્મ સિંચાઈ યોજના અમલમાં મૂકી હતી. ખેડૂતો પાણીના માર્યાદિત ઉપયોગથી વધુમાં વધુ ખેત ઉત્પાદન મેળવી શકે તે માટે સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ શ્રેષ્ઠ વિકલ્પ છે. રાજ્યના મહત્તમ ખેડૂતો ટપક, ફૂવારા, રેનગન અને પોરસ પાઈપ જેવી અદ્યતન સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરી શકે તે માટે સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ ખેડૂતોને ખાસ પ્રોત્સાહન આપવામાં આવે છે. પાણીના ઓછા સ્રોત વચ્ચે સૂક્ષ્મ સિંચાઈથી આશરે ત્રણ ગણો પિયત વિસ્તાર વધારી શકાય છે. એટલે જ, છેલ્લા બે દાયકાથી ગુજરાતમાં સૂક્ષ્મ સિંચાઈનો વ્યાપ અને સૂક્ષ્મ સિંચાઈ ક્ષેત્રે દેશમાં ગુજરાતનો દબદબો સતત વધી



રહ્યો છે. વર્ષ મે-૨૦૦૫ થી માર્ચ-૨૦૨૫ સુધીમાં ગુજરાતના ૧૫.૭૬ લાખથી વધુ ખેડૂતોએ આશરે ૨૪.૩૪ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી છે. આ ૧૫.૭૬ લાખ જેટલા ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ અત્યાર સુધીમાં રૂ. ૮,૮૬૪.૨૫ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. જેમાં ગુજરાત સરકારનો ફાળો રૂ. ૫૫૩૮.૭૮ કરોડ અને ભારત સરકારનો ફાળો રૂ. ૩૩૨૫.૪૭ કરોડ છે.

> **સૂક્ષ્મ સિંચાઈ અપનાવવામાં બનાસકાંઠા જિલ્લો પ્રથમ, જૂનાગઢ દ્વિતીય અને રાજકોટ જિલ્લો તૃતીય ક્રમે**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ખેતીમાં સૂક્ષ્મ સિંચાઈ જેવી અદ્યતન પદ્ધતિ અપનાવવાની દિશામાં ગુજરાતે હરણફાળ ભરી છે. વર્ષ ૨૦૨૩-૨૪માં આશરે ૧.૩૦ લાખ હેક્ટર વાવેતર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવામાં આવ્યો હતો. જ્યારે, ગત વર્ષ ૨૦૨૪-૨૫માં પણ આશરે ૧.૨૦ લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો હતો. આ માટે ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ કુલ રૂ. ૬૦૫.૪૨ કરોડની સહાય આપવામાં આવી છે, જેમાં રાજ્ય સરકારનો ફાળો રૂ. ૩૨૯.૪૨ કરોડ અને ભારત સરકારનો ફાળો રૂ. ૨૭૬ કરોડનો છે. સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરેલ વિસ્તારની દૃષ્ટિએ ૪.૭૭ લાખ હેક્ટર વિસ્તાર સાથે બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં પ્રથમ સ્થાને, ૧.૮૧ લાખ હેક્ટર વિસ્તાર સાથે જૂનાગઢ જિલ્લો દ્વિતીય સ્થાને તેમજ ૧.૩૨ લાખ હેક્ટર વિસ્તાર સાથે રાજકોટ જિલ્લો ત્રીજા સ્થાને છે.

### મગફળી માટે ૧૦.૭૬ લાખ હેક્ટરમાં અપનાવી સૂક્ષ્મ સિંચાઈ

ગુજરાતમાં સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવાયેલા કુલ ૨૪.૩૪ લાખ હેક્ટર વિસ્તાર પૈકી ૨૦.૦૨ લાખ હેક્ટર વિસ્તારમાં ખેતી પાકો માટે તેમજ ૪.૩૨ લાખ હેક્ટર વિસ્તારમાં બાગાયતી પાકો માટે ખેડૂતો દ્વારા સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવવામાં આવી છે. મુખ્ય ખેતી પાકોમાં મગફળી માટે ૧૦.૭૬ લાખ હેક્ટર, કપાસ માટે ૭.૩૫ લાખ હેક્ટર અને શેરડી માટે ૦.૧૬ લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો છે. જ્યારે, બાગાયતી પાકોમાં બટાટા પાક હેઠળ ૨.૧૧ લાખ હેક્ટર, કેળ પાક હેઠળ ૦.૩૨ લાખ હેક્ટર, આંબા પાક હેઠળ ૦.૧૮ લાખ હેક્ટર અને શાકભાજી પાકો હેઠળ ૦.૮૪ લાખ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો છે.

# સુરેન્દ્રનગરમાં સ્મશાનનો રસ્તો બંધ થતાં અનુસૂચિત જાતિ સમાજ દ્વારા કરાયું ચક્કાજામ

## યોગ્ય નિરાકરણ નહીં આવે તો કલેક્ટર કચેરીમાં અંતિમવિધિ કરવાની ચિમકી ઉચ્ચારી

**સમય મિરર । સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરમાં તંત્ર દ્વારા નવા ફાયર સ્ટેશનના બાંધકામને લઈને રસ્તો બંધ કરવામાં આવ્યો છે. આ રસ્તો અનુસુચિત જાતિ સમાજના સ્મશાન તરફ જતો હોવાથી આ બાબતે આજે અનુસુચિત જાતિ સમાજ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો અને રસ્તા પર ઉતરી ચક્કાજામ કરવામાં આવતા હાઈવે પર વાહનોની લાંબી કતાર લાગી હતી.

આ ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો તુરંત સ્થળ પર પહોંચી ગયો હતો અને વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકોને સમજાવટ કરી ફરીથી વાહન વ્યવહાર પુર્વરત કરાયો હતો. આ



અંગે અનુસુચિત જાતિ સમાજના લોકોએ જણાવ્યું હતું કે, આ બાબતે અગાઉ તંત્રમાં રજૂઆત કરવા છતાં પણ યોગ્ય નિરાકરણ કરાવમાં આવ્યું નથી.

આગામી દિવસોમાં સ્મશાન તરફનો રસ્તો ખુલ્લો કરવામાં નહીં આવે તો મૃતકોની અંતિમ વિધિ કલેક્ટર કચેરીના પટાંગણમાં કરાશે. તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

સુરેન્દ્રનગરના ભોગાવો રિવરફ્રન્ટ રોડ પર આજે અનુસૂચિત જાતિ સમાજે ભારે વિરોધ પ્રદર્શન કર્યું. મહાનગરપાલિકા દ્વારા નવા ફાયર સ્ટેશનના બાંધકામને કારણે સમાજના સ્મશાનનો મુખ્ય રસ્તો બંધ થઈ ગયો છે. સમાજના લોકોએ આ મુદ્દે અગાઉ મનપા તંત્ર અને જિલ્લા કલેક્ટરને રજૂઆત કરી હતી. પરંતુ કોઈ ઉકેલ ન આવતા આજે તેમણે રસ્તા પર બેસીને ચક્કાજામ કર્યો. આંદોલનકારીઓએ ચેતવણી આપી છે કે જો યોગ્ય નિરાકરણ નહીં આવે તો જિલ્લા કલેક્ટર કચેરી આગળ અંતિમવિધિ કરવામાં આવશે.

ચક્કાજામને કારણે રસ્તાની બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતા સુરેન્દ્રનગર પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે આંદોલનકારીઓને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો.

હેલ્મેટથી ૪૫ ડિગ્રીમાં લોકોના આરોગ્ય પર જોખમ અને દંડમાં પણ લૂંટાતા હોવાની રાવ

# શહેરી વિસ્તારમાં હેલ્મેટમાંથી મુક્તિ આપવા માંગણી : પૂર્વ ધારાસભ્યની મુખ્યમંત્રીને રજૂઆત

**સમય મિરર । સુરત**

સુરતમાં હેલ્મેટનો કાયદો ફરજીયાત કરવામાં આવ્યો છે અને હેલ્મેટના નિયમનું કડક પાલન કરાવવામાં આવી રહ્યું છે ત્યારે સુરતમાં પૂર્વ ધારાસભ્ય ધીરુભાઈ ગજેરાએ ફરી એક વખત હેલ્મેટના કાયદાને લઈને મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે અને શહેરી વિસ્તારમાં હેલ્મેટનો કાયદો રદ થવો જોઈએ તેવી માંગ કરી છે.

ધીરુભાઈ ગજેરાએ મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે અગાઉ મે હેલ્મેટ બાબતે આપને પત્ર રાખ્યો હતો જે આજે હેલ્મેટ પ્રજાને સીટી વિસ્તારમાં આરોગ્યને માટે જોખમ રૂપ છે, કારણ કે બપોરના સમયમાં ૪૦-૪૫ ડીગ્રીમાં શહેરના



કોઈપણ ભાગમાં જવું હોય તો ૩૦૦ થી ૪૦૦ મીટરના સિગ્નલ પાસ કરવા પડે અને આ ગરમીમાં પ્રજા માટે જોખમ છે. પ્રજા હેલ્મેટમાં લુટાઈ છે અને ગરમીમાં પણ બીમારીનો ભોગ બનશે બીજી બાજુએ લુંટાશે.

તેમણે પત્રમાં લખ્યું છેકે, મારી અપીલ છે કે આપ આ નિર્ણય માટે ફેરવિચાર કરીને સીટી વિસ્તારમાં હેલ્મેટમાંથી મુક્તિ આપો. પ્રજા મંદિર જાય ત્યારે, લગ્ન પ્રસંગમાં, શ્રદ્ધાંજલિમાં, સ્કૂલોમાં, ક્યા-ક્યા સાચવે અને ઘણીવાર ગાડીઓ પરથી ચોરાઈ જાય છે. જેથી પ્રજાને પણ મારી અપીલ છે કે આપના વિસ્તારના એમ.પી., ધારાસભ્ય, તેમજ આગેવાનો પણ પત્ર લખીને રજૂઆત કરો. સરકાર આ કાયદા માટે બીલ લાવી અથવા વટ હુકમથી રદ કરે એવી મારી અપીલ છે. જેથી ગરીબ અને મધ્યમ વર્ગને મોંઘવારીમાં થોડી રાહત મળે.

મુખ્યમંત્રીને લખેલા પત્ર અંગે ધીરુભાઈ ગજેરાએ જણાવ્યું હતું કે મે મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે, શહેરી વિસ્તારમાં હેલ્મેટનો કાયદો રદ થવો જોઈએ, એનો હું પૂર્ણ આગ્રહી છું. કારણ ગરીબ અને મધ્યવર્ગ હેલ્મેટના હિસાબે લુંટાઈ રહી છે. રાજ્યમાં ગરીબ અને મધ્યમ વર્ગની પાસે આજે સરકાર પણ કરોડો રૂપિયા ઉઘરાવી રહી છે. હેલ્મેટની અંદર કંપનીઓએ પણ કરોડો રૂપિયા ઉઘરાવી લીધા, પ્રજા લુંટાણી અને હેલ્મેટના કાયદાથી આજે ૪૦ થી ૪૫ ડિગ્રીની ગરમીમાં સીટી વિસ્તારમાં ૧૦ થી ૨૦ કિલોમીટર ગાડી ચાલતી હોય એક કિલોમીટરમાં ચાર ચાર સિગ્નલ આવતા હોય છે.

# ચલાલા નજીક ડ્રાઈવરે કાબુ ગુમાવતા ખાનગી બસ પલ્ટી : ૧૮ મુસાફર ઘાયલ

## તમામ ઈજાગ્રસ્તોને સારવારમાં ખસેડાયા : હાઈ-વે પર ટ્રાફિક જામ

**સમય મિરર । અમરેલી**

ગત મોડી રાત્રે ઉનાથી અમદાવાદ જતી હરિ દર્શન નામની ખાનગી બસ અમરેલી જિલ્લાના ધારી તાલુકા નજીક આવેલા ચલાલા નજીક પહોંચતા અચાનક ડ્રાઈવરે સંતુલન ગુમાવતા બસ પલ્ટી મારી હતી.

અમરેલી જિલ્લાના ચલાલા નજીક મોડી રાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો છે. ઉનાથી અમદાવાદ જઈ રહેલી ખાનગી ટ્રાવેલ્સની બસ પુરપાટ ઝડપે જતી હતી. આ દરમિયાન ચાલકે બસનું સંતુલન ગુમાવતા બસ પલટી ખાઈ ગઈ હતી. જોકે બસે પલ્ટી લાગતાંની સાથે લગભગ ૧૮ જેટલા મુસાફરો બસમાં સવાર હતા જેમાં કેટલાક ઈજાગસ્ત થતા તત્કાલ હોસ્પિટલ



ખસેડવામાં આવ્યા હતા. જોકે ઘટના અંગે જાણ થતાની સાથે ધારાસભ્ય જે.વી.કાકડીયા અને જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી સીધા હોસ્પિટલ ખાતે પહોંચ્યા અને ઈજાગસ્તોના ખબર અંતર પૂછ્યા હતા.

અમદાવાદ અમરેલી રૂટ પર ચાલતી ખાનગી બસો અનેક વખત મોડી રાત્રે બેફામ બસો હંકારતા જોવા મળે છે જોકે આ ઘટના બન્યા બાદ અમરેલી જીલ્લા પોલીસે આ અંગે ગુનો નોંધવાની પણ તજવીજ હાથ ધરી હતી. સાથે આ ઘટનાને કારણે મુસાફરોમાં હાલ તો ખાનગી બસ સંચાલકો અને બસ ચાલકો સામે ભારે આક્રોશ પણ જોવા મળી રહ્યો છે.

વાતાવરણના કારણે ૮૦ ટકા નુક્સાનનું જોખમ : હજુ ૨૦મી બાદ આવક શરૂ થવાની સંભાવના

# આંબાના બાગ રાખનારને માત્ર ૨૦ ટકા જ નફાની શક્યતા

**સમય મિરર । નવસારી**

APMCમાં દર વર્ષે ૧૦ એપ્રિલે કેરીની સિઝન શરૂ થાય છે, પરંતુ આ વર્ષે વાતાવરણના બદલાવને કારણે કેરી હજુ અપરિપક્વ છે. ૨૦ એપ્રિલ પછી કેરીની આવક શરૂ થવાની શક્યતા છે, પરંતુ આ વખતે ૮૦ ટકા નુકસાનની આશંકા છે. કેટલાક વેપારીઓએ જણાવ્યું છે કે, જો ખેડૂતોને તેમના લીધેલા પૈસાની સમાધાન ન મળે, તો તેઓ આત્મહત્યા કરવાની સ્થિતિમાં આવી શકે છે.

ગ્લોબલ વોર્મિંગએ વૈશ્વિક સમસ્યા બની છે, દિવસેને દિવસે વાતાવરણમાં આવતા બદલાવને કારણે સૌથી વધુ ખેતીનો વ્યવસાય પ્રભાવિત બન્યો છે. ઉનાળાની સિઝનમાં કેરીનો મધઝરતો સ્વાદ ચાખવા સૌ કોઈ તલ પાપડ હોય છે, પરંતુ હજી સુધી કેરીની સીઝન શરૂ થઈ શકતી નથી તેનું મુખ્ય કારણ છે બદલાયેલું વાતાવરણ.

નવસારી જિલ્લો બાગાયતી પાકનું નંદનવન ગણવામાં આવે છે, કેરી અને ચીકુ આ વિસ્તારના ઘરેણા સમાન ફળપાક છે, પરંતુ આ વખતે કેરી રસીયાઓને કેરીનો સ્વાદ ચાખવા માટે હજી એક મહિનો રાહ જોવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. નવસારી APMCમાં એપ્રિલ ૧૦થી દર વર્ષે કેરીની સીઝન શરૂ થતી હોય છે.પરંતુ બદલાયેલા વાતાવરણને કારણે હજુ આંબા પર કેરી અપરિપક્વ છે. જેના કારણે ખેડૂતો થોડી રાહ જોઈ રહ્યા છે. ૨૦ એપ્રિલ બાદ કેરીની આવક શરૂ થાય તેવી સંભાવના હાલ જોવામાં આવી રહી છે.

એપીએમસીના સેક્રેટરી દર્શન દેસાઈ જણાવે છે કે, આ વર્ષે



કેરીની સિઝન ખરાબ હવામાનને કારણે મોડી થવાની શક્યતા છે. ગત વર્ષે ૧૦ એપ્રિલની આજુબાજુ અમારે ત્યાં કેરીની હરાજી શરૂ થઈ ગઈ હતી. આ વર્ષે કેરીની સીઝન શરૂ થવાને હજુ પંદર દિવસ લાગી શકે તેવી સંભાવના જોવામાં આવી રહી છે. આ વર્ષે શરૂઆતમાં ખૂબ મોટા પ્રમાણમાં ફ્લાવરિંગ થયું હતું, પરંતુ વાતાવરણમાં ફેરફાર થતાં કેરીનું બેસાણ થયું ન હતું,જેને કારણે આ વખતે કેરીની સીઝન ટૂંકી રહેશે, હવામાન વિભાગ દ્વારા માવઠાની અસરની પણ આગાહી કરવામાં આવી રહી છે, બે વર્ષ અગાઉ એપીએમસીમાં ચાર લાખ મણ કેરીની આવક થઈ હતી અને ગયા વર્ષે ૨,૦૦,૦૦૦ થઈ હતી અને આ વર્ષે ૧,૦૦,૦૦૦ મણ કેરીની પણ માંડ માંડ આવક થશે તેવી સ્થિતિ ઉત્પન્ન થઈ છે.

નવસારી એપીએમસીના વેપારી શામલાલના જણાવ્યા મુજબ ખરાબ હવામાનને કારણે આ વખતે ખૂબ ઓછી કેરી ઝાડ પર જોવા મળી રહી છે. કેરીની માવજતમાં વપરાતી દવા અને અન્ય મજૂરી કરતા પણ ખેડૂતોને પોસાય નહીં તેવી સ્થિતિ ઉત્પન્ન થઈ છે. શરૂઆતમાં કેરીની આવક ખૂબ દેખાતી હતી, પરંતુ બદલાયેલા વાતાવરણને કારણે એવી સ્થિતિ બદલાય કે મોર કાળા પડી ગયા. કેટલા ખેડૂતોના વાડીમાં કેરી બચી છે, તો કેટલાકને નુકસાની વેચવાનો વારો આવ્યો છે. જે પહેલા સો ટકા પાક આવવાની સંભાવના હતી, તેની સામે હવે ૧૫થી ૨૦% જ પાક આવશે, તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

એપ્રિલના પહેલા સપ્તાહમાં એપીએમસીમાં કેરીની આવક શરૂ થતી હોય છે, પરંતુ આ વખતે હજુ અઠવાડિયાથી દસ દિવસ બાદ કેરી આવશે તેવી સ્થિતિ ઊભી થઈ છે. હાલમાં માત્ર ૧૦૦થી ૨૦૦ મણ જેટલી કેરીઓ માર્કેટમાં હરાજી માટે આવે છે. હાલમાં કેરીના મણના ૧૨૦૦થી લઈને ૨૦૦૦ સુધી બોલાઈ રહ્યા છે. વાડી રાખનાર વેપારીઓએ ખેડૂતો પાસે પ્રતિમણ ૧૨૦૦થી ૧૩૦૦ રૂપિયાના હિસાબે વાડી રાખી છે. એમાં વધતા ૩૦૦ રૂપિયા ખર્ચો ઉમેરવાનો એટલે ૧૬૦૦ રૂપિયા મણના હિસાબે વેપારીને કેરી ઘરમાં પડે છે. હવે આ ભાવથી ઉપર વેચાય તો વેપારીને પરવડી શકે તેમ છે. કેટલા કિસ્સામાં વાડી રાખનારને નુકસાની જાય તો છેલ્લે આપઘાત પણ કરવો પડે તેવી સ્થિતિ છે.

# કેશોદ પંથકમાં હપ્તાખોરીથી ખનીજચોરોને મોકળું મેદાન

## બામણાસામાં તલાટી મંત્રી અને કર્મચારીની મીઠી નજર હેઠળ ચાલતું ખનીજ ચોરીનું મસમોટું કૌભાંડ : સીએમને ફરિયાદ

**સમય મિરર | કેશોદ**





(તસ્વીર : રાજુ પંડ્યા-કેશોદ)

કેશોદ તાલુકાના બામણાસા ઘેડ ખાતે ગૌચરની જમીનમાં એક મોટી હિટાચી મશીનરી અને ૬ ડમ્ફર દ્વારા બેફામ રીતે ખનીજ ચોરી થઈ રહી છે, માટી અને મોરમનું પરિવહન કરવામાં આવી રહ્યું છે. કોઈપણ પ્રકારની મંજૂરી વગર ખનીજ ચોરી કરવામાં આવી રહી છે.

જુનાગઢ જિલ્લામાં કહેવાતા ખનીજ વિભાગના કર્મચારી દેવરાજ ચારિયા અને તલાટી મંત્રીએ એક ડમ્ફરના ફેરા દીઠ ૫૦૦૦ રૂપિયા ભાવ નક્કી કરી દેવરાજ ચારિયા તથા તલાટી મંત્રી મોટું કૌભાંડ આચરી ગેરકાયદેસર રીતે ખનીજ ચોરી કરવામાં ભાગીદારી કરી રહ્યા છે. ગામના લોકોએ ખનન અટકાવ્યુ તો તલાટી મંત્રીએ જણાવ્યું કે એ સરકારી કામ છે, પરંતુ સરકારી કામમાં કોઈપણ પ્રકારની સરકારની રોયલ્ટી પણ ભરવામાં આવતી નથી અને આ ખનન કરેલ માટી મોહરમનો ઉપયોગ ક્યાં થાય તે પણ ગ્રામજનોને ખ્યાલ નથી.

કહેવાતા ખનીજ વિભાગના અધિકારી દેવરાજ ચારિયા મોબાઈલ નંબર ૮૮૬૬૩ ૧૨૦૦૭ ને જાણ કરેલ કે તુરંત કાર્યવાહી કરો પરંતુ તેમના દ્વારા આ માટી કૌભાંડમાં ભાગીદારી હોવાથી કાર્યવાહી કરાઈ નથી. જેથી તુરંત જ ખનીજ ચોરી આચારનાર કૌભાંડી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી અને આ હિટાશી મશીન તથા ડમ્ફરોને કબજામાં લઈ તુરંત જ દંડની કાર્યવાહી કરવામાં આવે અને તલાટી મંત્રીની ખાતાકીય તપાસ કરવામાં આવે તેવી ઉમેશ આત્રોલીયા દ્વારા લેખિતમાં મુખ્યમંત્રી કાર્યાલય સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે.

કેશોદ પંથકમાં ખનીજ ચોરોને હપ્તારાજમાં મોકળું મેદાન મળી ગયું છે ખનીજ વિભાગ દ્વારા ફરિયાદ થતાં રોજકામ કરી નોટિસ આપ્યાં બાદ વસુલાત કરવા કે ફોજદારી રાહે કામગીરી હાથ ધરવામાં આવતી નથી જેના કારણે લાખો રૂપિયાની રોયલ્ટી ની સરકારી તિજોરીમાં આર્થિક નુકસાન થાય છે.

રાજ્ય સરકાર દ્વારા સેટેલાઈટનો ઉપયોગ કરી ખનીજ ચોરી અટકાવવા વ્યવસ્થા કરવામાં આવી હોવાછતાં જવાબદાર તંત્ર કુંભકર્ણની નિદ્રામાં પોઢી રહ્યું છે ત્યારે ફાકાફોજદારી કરતાં પદાધિકારીઓ દ્વારા જવાબદાર અધિકારીઓ કર્મચારીઓ વિરુદ્ધ ખાતાકીય તપાસ હાથ ધરી શિક્ષાત્મક પગલાં ભરવામાં આવશે કે કેમ એ તો આવનારા દિવસોમાં ખબર પડશે.

## પાણી ભરવા ગયા અને તસ્કરો હાથ સાફ કરી ગયા : પોલીસમાં ફરિયાદ

# વિરમગામમાં એગ્રોના વેપારીની દુકાનમાંથી રૂ. બે લાખ ભરેલી થેલીની થઇ ઉઠાંતરી

**સમય મિરર | વિરમગામ**



તસવીર : રાજેન્દ્ર પંડયા

વિરમગામ હાંસલપુર તિરંગા સર્કલ પાસે આવેલી એગ્રોની દુકાનના વેપારીના રૂ. બે લાખ ભરેલી થેલીની ઉઠાંતરી થયા અંગેની ફરિયાદ વેપારીએ વિરમગામ ગ્રામ્ય પોલીસ મથકમાં નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વિરમગામ હાંસલપુર તિરંગા સર્કલ પાસે આવેલી પરમેશ્વર ખેડુત સેવા કેન્દ્ર એગ્રોની દુકાનના માલિક ઘનશ્યામભાઇ ભગવાનજીભાઇ સોજીત્રા રહે. વઢવાણ સાંજે દુકાનના વકરાના પૈસા થેલીમાં મુકીને વઢવાણ લઇ ગયા હતા. બીજા દિવસે સવારે વઢવાણ થી વકરો ભરેલી થેલી લઇને વિરમગામ હાંસલપુર પોતાની દુકાને આવી દુકાન ખોલીને ખુરશી પર રૂપિયા ભરેલી થેલી મુકીને દુકાનની પાછળના ભાગ પાણી ભરવા ગયા હતા. પાણી ભરીને પરત ફર્યા ત્યારે રૂપિયા ભરેલી થેલી ખુરશી પર નહોતી જેથી આજુબાજુમાં તપાસ કરી હતી અને સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા. ઘનશ્યામભાઇ દુકાન ખુલ્લી મુકી પાણી ભરવા ગયા તે દરમિયાન કોઇ અજાણ્યો શખ્સ દુકાનમાં પ્રવેશી રૂપિયા ભરેલી થેલી લઇને રફુચક્કર થઇ ગયો હતો. આ અંગે વિરમગામ ગ્રામ્ય પોલીસ મથકમાં રૂપિયા બે લાખ ભરેલી થેલીની ચોરીની અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.

# સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા દ્વારા ડો. આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ

## કોંગ્રેસ દ્વારા પ્રતિમાને ફૂલહાર કરાયા



(તસ્વીર : મીલન ઠકરાર-વેરાવળ)

**સમય મિરર | વેરાવળ**

સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાની આગેવાની હેઠળ ડો, ભીમરાવ બાબા સાહેબ આંબેડેકટર ની ૧૩૪ મી જન્મ જયંતિ નિમિતે વેરાવળના ટાવર ચોક ખાતે પ્રતિમાને કોંગ્રેસપક્ષના કાર્યકરો સાથે ફૂલહાર કરવામાં આવેલ

આ તકે હિરેનભાઈ બામરોટીયા, અનવરભાઈ પટેલ, રમેશભાઈ રાઠોડ, પ્રતાપભાઈ ડોડીયા, ફારૂકભાઈ પરેડાઈઝ, મનસુખભાઈ ગોહેલ, સંગીતાબેન ચાંડપા, કાજલબેન ભજગોતર, કાજલબેન લાખાણી, નરેશભાઈ ચાવડા, ઉમેશભાઈ પટેલ, માલાભાઈ મેર, મનસુખભાઈ મકવાણા, વજુભાઈ ડોડીયા, જેન્તીભાઈ રાઠોડ, સુરેશભાઈ રાઠોડ, ગફારભાઈ, રાજેશભાઈ ચુડાસમા, આમદભાઈ સહીત વેરાવળ તાલુકા અને શહેરના આગેવાનો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેલ હતા.

## વિકાસ કાર્યોનો પ્રારંભ : થોરડી, આદસંગ, ખામા, ધજડી, સાંકરપરા અને મિતિયાળાના લોકોને સુવિધા મળશે

# સાવરકુંડલાના છ ગામના રોડનું રૂ.૧૦ કરોડના ખર્ચે થશે નવીનીકરણ

**સમય મિરર | સાવરકુંડલા**



ધારાસભ્ય મહેશ કસવાલા,ધારાસભ્ય જે.વી.કાકડીયા,જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કર્યું અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓને વધુ સુદૃઢ બનાવવાના ભાગરૂપે આજે મહત્વપૂર્ણ વિકાસ કાર્યોનો શુભારંભ કરવામાં આવ્યો.

આ અંતર્ગત, થોરડીથી આદસંગ ખાંભા સુધીના ₹ ૭ કરોડના ખર્ચે નિર્માણ પામનાર રોડ અને ધજડીથી સાંકરપરા થઈને મિતિયાળા સુધીના ₹ ૩.૨ કરોડના ખર્ચે નવીનીકરણ થનાર રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.આ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને ધારાસભ્ય જે.વી. કાકડીયા તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના વરદ હસ્તે સંપન્ન થયું. આ પ્રસંગે મોટી સંખ્યામાં સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ''આ રોડના નવીનીકરણથી આસપાસના ગામોના લોકોને અવરજવરમાં ઘણી સુગમતા રહેશે. વિકાસ એ સરકારની પ્રાથમિકતા છે અને અમે અમારા વિસ્તારના લોકોની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ છીએ.''ધારાસભ્ય જે.વી. કાકડીયાએ પણ આ વિકાસ કાર્યોને પ્રદેશના વિકાસ માટે મહત્વપૂર્ણ ગણાવ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, ''ગ્રામ્ય વિસ્તારોમાં સારી કનેક્ટિવિટી હોવી એ વિકાસની પૂર્વશરત છે અને આ દિશામાં આ એક મોટું પગલું છે.

''જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ આ વિકાસ કાર્યો માટે સરકારનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે, ''ભાજપ સરકાર હંમેશાં લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકાસના કામો કરે છે અને આ રોડનું નવીનીકરણ તેનું ઉત્તમ ઉદાહરણ છે.''આ વિકાસ કાર્યો પૂર્ણ થવાથી આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકોને તાલુકા અને જિલ્લા સ્તરે પહોંચવામાં સરળતા રહેશે, તેમજ આર્થિક અને સામાજિક પ્રગતિને પણ વેગ મળશે. સ્થાનિક લોકોએ આ વિકાસ કાર્યોનો શુભારંભ થવા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા,ધારાસભ્ય જે.વી.કાકડિયા,જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી,તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા,શહેર ભાજપ પ્રમુખ અનિરૂધ્ધસિંહ રાઠોડ,તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરીયા,ખાંભા તાલુકા ભાજપ પ્રમુખ આનંદભાઈ ભટ્ટ,એ.પી.એમ.સી.ચેરમેન દિપકભાઇ માલાણી,જીલ્લા પંચાયતના સિંચાઇ સમિતીના ચેરમેન લાલભાઇ મોર,જીલ્લા પંચાયત સદસ્ય શરદભાઇ ગૌદાની તથા અરવિંદભાઇ ચાવડા,તાલુકા પંચાયત હોદેદારઓ,તાલુકા પંચાયતના સદસ્યો દિપકભાઇ મકવાણા,પ્રફુલભાઇ વેકરીયા તથા ખીમજીભાઇ બગડા તેમજ આદસંગ સરપંચ લખુભાઇ ચાંદુ તથા મોટા ભમોદ્રા સરપંચ ભાવેશભાઇ ખુંટ તથા ધજડી ગામના સરપંચ ભરતભાઇ ઘડુક તથા કૃષ્ણગઢ સરપંચ હર્ષદભાઇ મુંજપરા તથા તાલુકા સંગઠન હોદેદારઓ તથા તાલુકા ભાજપ અગ્રણી નિલેશભાઇ કચ્છી,પ્રકાશભાઇ પાનસુરીયા,સંજયભાઇ બરવાળીયા,ભુપેન્દ્રભાઇ ખુમાણ,ભોળાભાઇ ઢોલરીયા સહિત કાર્યકર્તાઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ થોરડી-આદસંગ-ખાંભા રોડ અને ધજડી-સાકરપરા-મિતિયાળા રોડનું નવીનીકરણના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.તેવુ સત્વ અટલધારા કાર્યાલયના ઇન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# સાવરકુંડલા, વિરમગામ, અમરેલી, વેરાવળ અને કેશોદમાં ડો. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિની ઉજવણી કરાઈ

## બાઈક રેલી, પુષ્પાંજલિ, ભીમ ડાયરા સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા : વિરમગામના એંદલા ગામમાં પ્રતિમાનું અનાવરણ : રાજકીય, સામાજીક, વિવિધ સંસ્થાઓ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ









**સમય મિરર | રાજકોટ**

સાવરકુંડલા ખાતે ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૩૪ મી જન્મ જયંતિ નિમિતે યોજાયેલ વિવિધ કાર્યક્રમોમાં અરવિંદ મેવાડાએ હાજરી આપી ડો. બાબાસાહેબના વિચારો દરેક સમાજ લોકો સુધી માર્ગદર્શન આપવાનો લ્હાવો લીધો. સાવરકુંડલા નગરપાલિકા દ્વારા હાથસણી રોડ ઉપર ડો.બાબાસાહેબ આંબેડકર હોલ લોકાર્પણ કાર્યક્રમમાં ધારાસભ્ય સમાજ અને ભાજપ આગેવાનનો સાથે ઉપસ્થિત રહ્યા હતા.. નાવલી પોલીસ ચોકી ખાતે યોજાયેલા ડો. બાબાસાહેબને પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમમાં ધારાસભ્ય અને શહેર ભાજપ આગેવાન સાથે ઉપસ્થિત રહ્યા તો અટલધારા ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસાવાલા સાથે ડો.બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરવાના કાર્યક્રમમા ઉપસ્થિત રહીને પુષ્પાંજલિ અર્પણ કરી. તો આ પ્રસંગ નિમિત્તે ભીમરાવ સંકલ્પ ગ્રૃપ-૨૦૨૫માં બાળકોના રમતોત્સવ ઇનામ વિતરણ સમારોહમાં હાજરી આપી આ ગ્રુપના યુવાનોને પ્રોત્સાહિત કરીને માર્ગદર્શન આપ્યુ .ત્યાર બાદ ડો. બાબાસાહેબ આંબેડકરજીની ભવ્ય રેલીમાં જોડાયા. નાવલી નદી બજાર જાહેર સભા મળી હતી.

સાવરકુંડલા શહેરમાં આજરોજ ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે વોર્ડ નંબર પાંચમાં વિકાસના કામોનું લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમાં ઉપસ્થિત ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ તેનાં ઉદબોધનમાં જણાવ્યું હતું કે તેમને સાવરકુંડલાનો સર્વાંગી વિકાસ કેમ થાય તેમાં જ રુચિ છે.

અમરેલી ખાતે રમેશભાઈ ચાવડાએ ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે ૫૦૦ પક્ષીઓને પાણી પીવાના કુંડાનું વિતરણ કર્યુંઆમ અબોલ જીવની સેવા કરી ડો. બાબાસાહેબ આંબેડકરના સંદેશાને ખરા અર્થમાં સાર્થક કર્યો. ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૪ મી જન્મ જયંતિ નિમિત્તે રમેશભાઈ ચાવડા દ્વારા પર્યાવરણની જાળવણી અને પક્ષીઓ માટે પાણી ભરવાના ૫૦૦ કુંડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

વિરમગામમાં ભારતના બંધારણના ઘડવૈયા અને ભારત રત્ન ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતિ નિમિતે વિરમગામમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ડો. બાબા સાહેબ આંબેડકર બ્રિજથી ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાં અને ઠેર ઠેર શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આપ્રસંગે યુવક મંડળના પ્રમુખ હર્ષદ પરમાર, ભાજપ નેતા હિતેશ મુનસરા, નગરસેવક નારણભાઈ અજાણા, શહેર ભાજપ પ્રમુખ દેવાભાઈ ઠાકોર, મહામંત્રી મિતેષ આચાર્ય, ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર ડો. કે.એસ. દવે સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

વિરમગામ વિધાનસભા ના માંડલ તાલુકાના એંદલા ગામે ડો.બાબાસાહેબ આંબેડકર ની પ્રતિમા નું વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલ અને અમદાવાદ જિલ્લા ભાજપ પ્રમુખ શૈલેષભાઈ દાવડા ના વરદહસ્તે અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સામાજિક એકતા જનસભા ને સંબોધન કરતાં ધારાસભ્ય એ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ના સક્ષમ નેતૃત્વમાં બંધારણ વધુ સશકત અને મજબૂત બન્યું છે.વર્ષો સુધી કોંગ્રેસ ની સરકાર રહી છતાંય દિલ્હીમાં ડો. બાબાસાહેબ આંબેડકર નું રાષ્ટ્રીય સ્મારક ન બનાવ્યું પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દિલ્હીમાં ડો.બાબાસાહેબ આંબેડકર નું રાષ્ટ્રીય સ્મારક બનાવ્યું.

ગુજરાત સમન્વય શેડ્યુલ્ડ કાસ્ટ સંગઠન સોમનાથ અને ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગીર સોમનાથ દ્વારા રક્ત દાન કેમ્પનું ટાવર ચોકમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પમાં મુંબઈ થી આવેલ ઉદ્યોગપતિ જીવરાજભાઈ ચાંડપા સહીતનાએ બ્લડ ડોનેશન કરી માનવતાનો ધર્મ બજાવ્યો હતો અને તમામ રક્ત દાતાઓને સર્ટીફીકેટ આપી સન્માનિત કરાયા હતા. આ તકે પરસોતમભાઈ પટેલ, ગીરીશભાઈ ભજગોતર, દિનેશભાઈ આમહેડા, ગોવિંદભાઈ ચાવડા, કાજલબેન ભજગોતર, બીજલભાઈ પરમાર, મનસુખભાઈ ભજગોતર, રાજેશ બામણિયા, દિનેશભાઈ ભજગોતર સહીતના હાજર રહેલ હતા. સંસ્થાના અધ્યક્ષ ભગવાનભાઈ સોલંકીને રેડક્રોસ સોસાયટીના ચેરમેન કિરીટભાઈ ઉનડકટ, ઇન્ચાર્જ પી.આઇ. એલસીબી એ.બી.જાડેજા, સિટી પી.આઈ. એચ.



આર.ગૌસ્વામી એ સન્માન પત્ર આપી સન્માનીત કરાયા હતા. ભવ્ય શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર જય ભીમ ના નાદ્ સાથે કાઢવામાં આવી હતી. કેશોદ મેઘવાળ પંચ અને અન્ય સંલગ્ન સંસ્થાઓ સાથે જોડાઈને નીકળેલી ભવ્ય શોભાયાત્રા નું ઠેરઠેર સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતુ અને ઠંડા પીણાં પાણી ની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ઉનાનાં કાણકબરડા ગામને જોડતાં માર્ગ પર હાઈવે ઓથોરિટી ડામર પાથરતા ભૂલી ગઇ ??

## હાઈવેથી ગામમાં જવા ગ્રામજનો હેરાનગતિ અનુભવતા ભારે રોષ

**સમય મિરર | ઉના**



ભાવનગર રોડ પર આવેલા હાઈવે થી માર્ગ પર આવતાં ઊના તાલુકાના કાણકબરડા ગામ ને જોડતો માર્ગ પર ડામર પાથરતા હાઈવે ઓથોરિટી ભૂલી ગઈ કે શું ? એવી લોકો ચર્ચા સમગ્ર ગ્રામજનો માં ઉઠવા પામી છે

ઘણાં લાંબા સમયથી ભાવનગર સોમનાથ હાઈવે પરથી આવતાં ગામો નાં નીચે ઉતરતા તમામ રસ્તાઓને ડામર થી મઢવામાં આવ્યા છે પણ કાણકબરડાના પાટીયા પાસે નીચે ઉતરતા ગામ તરફ જવા માટે ના રસ્તા મા હજી સુધી ડાંમર સપાટી નાં રસ્તા કાચાં અને ધુળીયા પડ્યા હોય ગ્રામજનો ને પોતાના નાનાં મોટાં વાહનો ચલાવવા ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે આ માર્ગ ડામર પાથરવા માં નહીં આવતાં રસ્તો હજી બનાવવામાં આવ્યો નથી જેના કારણે વાહન ચાલકો ને મુશ્કેલીનો સામનો કરવો પડે છે

નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા સોમનાથ ભાવનગર નેશનલ હાઈવે શરૂ કરી દીધાં ને એક વર્ષ જેવો લાંબો સમય વિત્યા બાદ પણ કાણકબરડા ગામ ને જોડતો રસ્તો બિસ્માર બનતાં લોકોમાં ચર્ચા જાગી છે કે બધા રસ્તા ડામરથી મઢાઈ ગયા હોય અને કાણકબરડા ગામના અંદર જવાનો રસ્તો બાકી હોય તે હાઈવે ઓથોરિટી નાં એજન્સી દ્વારા આ માર્ગ ભૂલી ગઈ છે કે શું? કે પછી હાઈવે ઓથોરિટી ની આળસ ના કારણે ડામર કામ નથી થતું તેવી લોકોમાં ચર્ચા જાગી છે કાણક બરડા ગ્રામજનોની માંગ છે કે તાત્કાલિક રસ્તામાં ડાંબર પાથરવામાં આવે તો વાહન ચાલક ની મુશ્કેલીનો અંત આવે.

## વહિવટી પ્રશાસન દ્વારા યોજના અંગે માર્ગદર્શન અપાયું

# દીવમાં પ્રધાનમંત્રી વિશ્વકર્મા રાષ્ટ્રીય યોજનાનો પ્રારંભ : સાહસિકોને લોન મળશે




**સમય મિરર | દીવ**

દીવ કલેક્ટર કોન્ફરન્સ હોલમાં એડીઓમ વિવેકકુમારની અધ્યક્ષતામાં પ્રધાનમંત્રી વિશ્વકર્મા રાષ્ટ્રીય યોજનાનો કાર્યક્રમ થયો જેમાં આ યોજનાથી થતા ફાયદાઓ જણાવ્યા, આ યોજનાથી દરેક લોકોમાં સાહસ/ઉર્જા અને કૌશલ બહાર આવશે અને લોકો આત્મનિર્ભિર બનશે. લોકોમાં રહેલ હુન્નર, ક્ષમતા ને સરકાર સહયોગ આપશે અને બુનિયાદી સુવિધા ઉપલબ્ધ કરાવશે. જેથી સો ટકા લક્ષ્યાંક પ્રાપ્ત કરી શકાય. આ યોજનામાં લોકોને અલગ અલગ પ્રકારની ટ્રેનિંગ અપાશે. બેંક દ્વારા લોન અપાશે. જેથી દરેક લોકોને એક તક મળે અને ૨૦૪૭ સુધીમાં વિકસીત ભારત સાર્થક થશે. આ યોજનામાં ૧૮ પ્રકારના હુન્નરને સમાવેશ કરાયો છે. જેમાં ખાસ કરીને સુથાર, લુહાર, ધોબી, વાણંદ, દરજી વગેરેનો સમાવેશ થાય છે. આ યોજનાનો લાભ મેળવવા એડીએમ વિવેકકુમારે ખાસ અનુરોધ કર્યો. આ પ્રસંગે નોડલ અધિકારી સંદીપ વારિયા પણ હાજર રહ્યા હતા.

# ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલયની સ્થાપના તે સહકારી ક્ષેત્રે અભૂતપૂર્વ નિર્ણય : અશોક ડાંગર

## ભારતમાં સહકારી ચળવળ અને ગુજરાતનું અગ્રેસર યોગદાન

**સમય મિરર । રાજકોટ**

ગુજરાતમાં હાલમાં ૮૩,૧૩૪ જેટલી સહકારી સંસ્થાઓ કાર્યરત છે, જેનો ફાળો માત્ર રાજ્ય માટે નહીં પણ સમગ્ર દેશ માટે અત્યંત મહત્વનો છે. સમગ્ર વિશ્વની સહકારી મંડળીઓમાંથી લગભગ ચોથો ભાગ ફક્ત ભારતમાં છે, જેમાંથી મોટો હિસ્સો ગુજરાતનો છે. દેશના સહકારી ક્ષેત્રના સશક્ત વિકાસ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના પ્રયાસોને નોંધપાત્ર માનવામાં આવે છે. તેમણે ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલયની સ્થાપનાનું પુરૂષાર્થપૂર્વક સમર્થન કર્યું છે સહકારી ચળવળના મૂળ ભારતની આઝાદી પહેલા પાયો પામ્યા હતા. ખેડા જિલ્લાના ત્રિભુવનદાસ કાશીભાઈ પટેલ મહાત્મા ગાંધી અને સરદાર પટેલના અનુયાયી તરીકે, સહકારિતાની પ્રેરણા આપી. તેમણે આણંદમાં દૂધ સહકારી મંડળીઓની શરૂઆત કરી અને 'અમુલ' જેવી વૈશ્વિક સ્તરે ઓળખાતી સંસ્થા ઊભી કરી. આના કારણે તેમને 'ભારતમાં સહકારી ચળવળના પિતા તરીકે ઓળખવામાં આવે છે.

૧૯૪૬માં સરદાર પટેલના માર્ગદર્શન હેઠળ 'ગુજરાત કોઓ કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન'ની સ્થાપના થઈ. જે આજે 'અમુલ' તરીકે જાણીતી છે આજની તારીખે અમુલ એશિયાની સૌથી મોટી ડેરી છે, જે લાખો નાનાં અને મધ્યમ કક્ષાના દૂધ ઉત્પાદકો માટે જીવતંત્ર સમાન છે.ગુજરાતમાં સહકારી માળખું બહુ વિશાળ છે. તેમાં ૧ રાજ્ય સહકારી બેંક, ૧૮ મધ્યસ્થ શિલા બેંકો, ૧૦,૧૬૬ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ, ૨૨૩ નાગરિક સહકારી બેંકો. ૧૬,૦૯૧ દૂધ મંડળીઓ ઉપરાંત અનેક પ્રકારની બજાર સમિતિઓ. ગ્રાહક ભંડાર મંડળીઓ અને ખરીદ



વેચાણ સંઘો શામેલ છે. ગુજરાતે ઘણા રાષ્ટ્રીય કક્ષાના સહકારી નેતાઓ આપ્યા છે જેમ કે શભુભાઈ પટેલ, દ્વારકાદાસ પટેલ, અરવિંદભાઈ મણિયાર, મોતીભાઈ ચૌધરી વગેરે. આ તમામ નેતાઓએ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે સહકારી ચળવળને નવી ઊંચાઈઓ પર પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. કેન્દ્રીય સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના સહકાર ક્ષેત્રમાં બહુ વર્ષોથી યોગદાન છે. તેઓ એડીસી બેંકના વર્ષો સુધી ચેરમેન રહ્યા અને ગુજરાત સ્ટેટ કોઓપરેટિવ બેકમાં પણ નિર્દેશક રહ્યા છે. તેમના અનુભવોને ધ્યાને લઈને વડાપ્રધાનએ તેમને સહકાર મંત્રાલયની જવાબદારી સોંપીછે. વર્ષ ૨૦૧૩-૧૪માં સહકાર મંત્રાલયનું બજેટ ફક્ત ૧૨૨ કરોડ હતું જે વડાપ્રધાન મોદીની આગેવાની હેઠળ વધીને ₹૧૧૮૩ કરોડ થયું છે. પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓને વધુ મજબૂત બનાવવા માટે દેશભરના ૩૨ રાજ્યોમાં મોડેલ બાયલોઝ અમલમાં મૂકાયા છે. મહિલાઓ તથા અનુસૂચિત જાતિ અને જનજાતિઓને સહકારિતામાં પૂરતું પ્રતિનિધિત્વ મળે તે માટે પણ ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. ₹૨૫૧૬ કરોડના ખર્ચ સાથે સહકારી સંસ્થાઓના કોમ્પ્યુટરાઈઝેશન માટે યોજનાઓ અમલમાં છે. ઉપરાંત, ડેરી અને માછીમારી ક્ષેત્રે પણ સહકારી મોડેલ વિકસાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. ત્રીભુવન સહકારી વિશ્વવિદ્યાલયની સ્થાપનાથી સહકારી ચળવળને વૈજ્ઞાનિક, શૈક્ષણિક અને વ્યવસ્થાપનાત્મક આધાર મળશે. આ વિશ્વવિદ્યાલય વૈશ્વિક ધોરણો અનુસાર સહકારી નેતાઓ તૈયાર કરશે અને સહકારી સંસ્થાઓની કાર્યક્ષમતા અને વ્યવસાયિકતા વધારશે. સહકારીતાને માત્ર કૃષિ સુધી મર્યાદિત રાખવામાં આવી નથી, પણ આરોગ્ય, નર્સિંગ, મેડિકલ શિક્ષણ અને આરોગ્ય વીમા જેવા ક્ષેત્રોમાં પણ વિસ્તૃત કરાઈ રહી છે. ''આયુષ્માન સહકાર'' જેવી યોજનાઓ તેની જ સફળ ઉદાહરણ છે, જે આરોગ્ય સંભાળ અને સેવા ક્ષેત્રમાં સહકારિતાનું દઢીકરણ કરે છે.

# સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત

## કેળવો.. મેદસ્વિતાની સામાન્ય સમજ અને દૂર કરો.. સ્થૂળતા

**સમય મિરર । રાજકોટ**

આધુનિક જીવનશૈલી અને ખાનપાનની આદતોના કારણે બેઠાડુ જીવન જીવનારા લોકો વધી રહ્યા છે. બેઠાડુ જીવનના લીધે શરીર ભારે થવાના કારણે સ્થૂળતા એટલે કે મેદસ્વિતા વધી રહી છે. જો મેદસ્વિતા બાબતે કાળજી રાખવામાં ન આવે, તો આવા લોકો અન્ય અનેક રોગોમાં સપડાય તેવી સંભાવના છે. આથી, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફિટ ઈન્ડિયા માટે યોગાભ્યાસ, ખેલકૂદ, પરિશ્રમ તથા વ્યાયામને મહત્વ આપ્યું છે.

આ ઉપરાંત, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રેડિયો વાર્તાલાપ 'મન કી બાત'ના એપિસોડમાં મેદસ્વિતા સામે પ્રજાને જાગૃત કરવાની અપીલ કરી છે. જેને ધ્યાને લઈને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન કાર્યરત કર્યું છે. જેમાં રાજ્ય સરકાર પહેલું સુખ તે જાતે નર્યા એ કહેવતને ચરિતાર્થ કરવા નાગરિકોને સ્વાસ્થ્યની જાગૃતિ તથા મેદસ્વિતાના નિયંત્રણ માટે પ્રેરિત કરી રહી છે. ત્યારે આપણે મેદસ્વિતા અંગે સામાન્ય સમજ કેળવીએ અને સ્થૂળતા દૂર કરીને તંદુરસ્ત થવાનો પ્રયત્ન કરીએ.

### મેદસ્વિતા એટલે શું?

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (W.H.O.)ના જણાવ્યા અનુસાર મેદસ્વીપણાને અસામાન્ય કે વધુ પડતી ચરબીના સંચય તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે. કોઈ પણ વ્યક્તિની સ્થૂળતા વર્ગીકૃત કરવા માટે બોડી માસ ઈન્ડેક્સ (B.M.I.)નો આધાર લેવામાં આવે છે. ૨૫ કે તેથી વધુના બી.એમ.આઈ.ને વધુ વજનવાળા અને 30 કે તેથી વધુના બી.એમ.આઈ.ને મેદસ્વિતા તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. બી.એમ.આઈ. શોધવા માટે વ્યક્તિનું વજન (કિલોગ્રામ)ને તે વ્યક્તિની ઊંચાઈ (મીટર)ના વર્ગ વડે વિભાજિત કરવાનું હોય છે.

### મેદસ્વિતા માટે જવાબદાર પરિબળો*

જંક ફૂડ, તળેલો ખોરાક, વધુ ગળ્યો આહાર અને ફાસ્ટ ફૂડનું વધતુ સેવન અસંતુલિત આહાર આદતો, વ્યાયામ, કસરતનો અભાવ થાઈરોઈડ અને ડાયાબિટીસ જેવી હોર્મોનલ સમસ્યાઓ કુટુંબીજનોમાં સ્થૂળતા હોય તો પેઢી દર પેઢી સુધી અસર અનિયમિત અને અપૂરતી ઊંઘ અને માનસિક તણાવ

### મેદસ્વિતાની અસરો

સ્થૂળતાના પરિણામે હૃદયરોગ, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, થાક, શ્વાસ લેવામાં તક-લીફ, સાંધાના દુઃખાવા અને ડીપ્રેશનની બીમારી થવાની શક્યતા

### મેદસ્વિતા નિવારવાના ઉપાયો

સ્થૂળતાના નિયંત્રણ અને નિવારણ માટે તાજા શાકભાજી, ફળો, ફાઈબરયુક્ત અને ઓછી ચરબીવાળો ખોરાક લેવો જોઈએ. નિયમિત કસરત, યોગ, ચાલવું-દોડવું ફાયદાકારક રહે છે. દરરોજ ઓછામાં ઓછી સાત-આઠ કલાક ઊંઘ લેવી જરૂરી છે. ધ્યાન, યોગ અને હળવી પ્રવૃત્તિઓ થકી સ્ટ્રેસ ઘટાડવું જોઈએ.

# નેમ : યુવા સેના ટ્રસ્ટ દર શનિવારે ૧૫૦થી વધારે બાળકોની જઠરાગ્નિ ઠારશે

## આરોગ્યને ધ્યાનમાં રાખી અપાશે નાસ્તો : સેવાકાર્યનો પ્રારંભ

**સમય મિરર । રાજકોટ**

યુવા સેના ટ્રસ્ટ રાજકોટ છેલ્લા ૧૨ વર્ષથી માનવ સેવા એ જ પ્રભુ સેવા સુત્રને સાર્થક કરી રહી છે. જેમાં દરેક પ્રકારની સામાજીક, ધાર્મિક સેવાકીય પ્રવૃતિ કરવામાં આવે છે. આ સંસ્થામાં હરતું ફરતું અન્નક્ષેત્ર તેમજ મેડીકલ સેવાઓ, અબોલ જીવોની સેવાઓ આ ઉપરાંત અનેકવિધ સેવાકીય પ્રવૃતિ હાથ ધરવામાં આવેલ છે. સંસ્થામાં બાળકો માટે દર શનિવારે દાતાઓના સહયોગથી ૧૫૦ થી વધુ બાળકોને નાસ્તો આપવામાં આવે છે. જેમાં દાતાઓ અગાઉથી અમોને જાણ કરતા હોય છે. જેથી અમો દર શનિવારે દાતાઓના પસંદગીના નાસ્તાની વ્યવસ્થા કરતા હોઈએછીએ.



દર શનિવારે ૧૫૦ થી વધુ બાળકો આ નાસ્તાનો લાભ લે છે જેમાં પૌવા-બટેટા, વેફર્સ, બિસ્કીટ, સેવમમરા, પફ, દાબેલી, ગુંદી ગાઠીયા, અમેરીકન મકાઈ, વેજીટેબલ ખીચડી, ભુંગળા બટેટા તથા દરેક પ્રકારનો નાસ્તો આપવામા આવે છે.

યુવા સેના ટ્રસ્ટ દ્વારા અપીલ કરવામાં આવે છે કે આપના બાળકના જન્મદિન નિમીતે તેમજ મેરેજ એનીવર્સરી તથા કોઈપણ ઘરના સભ્યોની પુણ્યતિથી નિમીતે શનિવારે બાળકોને જો નાસ્તો આપવા માંગતા હોય તો અમોને અગાઉથી જાણ કરવાની રહેશે. વિશેષ માહિતી માટે મો.નં. ૯૯૧૩૩ ૧૦૧૦૦ પર સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે.

# પ્રેમ અને સદભાવના થકી જ સમાજમાં સામાજીક સમરસતાનું સ્થાપન થાય : કાનગડ

## વોર્ડ નં. ૧૫ માં ડો. આંબેડકરજીની જન્મજયંતિ નિમિત્તે સમુહ ભોજન અને ભીમ ભજનનો કાર્યક્રમ સંપન્ન : સામાજીક સમરસતાનો સંકલ્પ

**સમય મિરર । રાજકોટ**

બંધારણના ઘડવૈયા, ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની જન્મ જયંતિ નિમિતે વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડની અધ્યક્ષતામાં અને સહયોગથી વોર્ડ-૧૫માં અમુલ સર્કલ અને નવા થોરાળા મેઈન રોડ ખાતે સ્વરૂચી ભોજન સમારોહ અને ભીમ ભજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ કે પ્રેમ અને સદભાવના થકી જ સમાજમાં સામાજીક સમરસતાનું સ્થાપન થાય છે સામાજિક સમરસતા એ વર્તમાન સમયની માંગ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરની વિચારધારા સંગઠિત બનો, સંઘર્ષ કરો અને શિક્ષિત બનો એ સૂત્રને વ્યવહારમાં અમલી બનાવવામાં આવે તો જ સમાજમાં સમરસતાનો વિકાસ કરી શકાય. ડૉ. આંબેડકરજીનું સ્વપન હતું કે ભારત જ્ઞાતિ-જાતિના ભેદભાવોમાંથી બહાર આવે અને સમાજરચના જ્ઞાતિવિહીન બને ત્યારે



સામાજિક સમરસતા માટે વ્યકિતના અધિકારો કરતા ફરજોને વધુ બળ આપવું જોઈએ. તેમ અંતમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરજીને કોટી કોટી વંદન કરતા ધારાસભ્ય ઉદય કાનગડે જણાવેલ હતું. આ કાર્યક્રમમાં રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ડૉ. દર્શીતાબેન શાહ, શહેર ભાજપ પ્રમુખ ડૉ. માધવ દવે, મહામંત્રી અશ્વિન મોલીયા, સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરાજીના વિજય ડાભીને ત્રણ માસ સુધી રાજકોટ જિલ્લામાંથી હદપાર કરાયો

ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ ધોરાજી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી નાગાજણ એમ.તરખાલા દ્વારા શ્રી વિજયભાઈ કાનજીભાઈ ડાભીને રાજકોટ જિલ્લામાંથી હદપાર કરવામાં આવ્યા છે. જિલ્લામાં જાહેર વ્યવસ્થાની જાળવણી હેતુ અસામાજિક પ્રવૃત્તિ આચરતા જુનાગઢ રોડ,ધોરાજીના રહેવાસી ૩૦ વર્ષીય વિજયભાઈ કાનજીભાઈ ડાભી માથાભારે અને ઝનૂની તોફાની તકરારી સ્વભાવના વ્યક્તિ છે જેને દારૂ પીવાની ટેવ હોવાથી વારંવાર પ્રોહીબીશનના કાયદાનો ભંગ કરતા હતા. તેમના પર વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૪ સુધીમાં પ્રોહી.ધારાનો ભંગ કરવા અંગેના કુલ ૧૭ ગુન્હા નોંધાયેલ છે જેમાંથી ધોરાજી સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પ્રોહીબીશનના ૧૫ ગુન્હાઓ અંતર્ગત તેને કોર્ટ દ્વારા સજાઓ ફરમાવવામાં આવી છે. આમ, વિજય ડાભીને જાહેર સુલેહ-શાંતિ વિરુદ્ધનાં કૃત્યો કરતા અટકાવવા ધોરાજી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ ત્રણ માસ માટે રાજકોટ જિલ્લાની હદમાંથી હદપાર કરવા હુકમ કર્યો છે.

# ૨૧ એપ્રિલે શહેર માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાશે

શહેર માર્ગ સલામતી સમિતિની બેઠક તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ બપોરે ૪.૩૦ વાગ્યે પોલીસ કમિશનરશ્રીની અધ્યક્ષતામાં રાજકોટની પોલીસ કમિશનરશ્રી કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે યોજાશે. અગાઉ યોજાયેલ શહેર માર્ગ સલામતી સમિતિની બેઠકની નોંધ અનુસાર સંબધિત વિભાગને લગત મુદ્દાઓ હેઠળ થયેલી કાર્યવાહી અંગેનો અહેવાલ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સ્વરૂપે તૈયાર કરીને દિન-૦૩માં મભા-ર્રિ-ફિષલી-ષફફિ.લિંઙાદ.શક્ષ પર મેઈલ કરવા અને બેઠક દરમિયાન પ્રેઝન્ટેશન સાથે રાખવા ટ્રાફિક રાજકોટ શહેરના નાયબ પોલીસ કમિશનરશ્રી પુજા યાદવની યાદીમાં જણાવાયું છે.

# ૧૬ એપ્રિલે યોજાશે NCORD કમિટીની બેઠક

કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને તા.૧૬/૦૪/૨૦૨૫ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યે કલેકટર કચેરી ખાતે NCORD જિલ્લા વિસ્તારની કમિટીની બેઠક યોજાશે. રાજકોટ ગ્રામ્યમાં નશાબંધીને લગતા ગુનાઓ અટકાવવા તે રાજકોટ ગ્રામ્ય પોલીસની પ્રાથમિકતા છે. નાર્કોટીકસની ગેરકાયદેસર હેરા-ફેરી અને વેચાણ અટકાવવા માટે કાર્યરત કેન્દ્રના તથા રાજ્યના અલગ અલગ વિભાગો, એજન્સીઓ એકબીજાના સંકલનમાં રહી સંયુકત રીતે કામ કરી શકે તે હેતુસહ આ બેઠક યોજાશે તેમ પોલીસ ઈન્સ. એસ.ઓ.જીની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક ૧૭ એપ્રિલે યોજાશે

રાજકોટ જિલ્લા કક્ષાની ફરિયાદ સહ સંકલન સમિતિની એપ્રિલ માસની બેઠક તા. ૧૭ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ગુરુવારે સવારે ૧૧ કલાકે જિલ્લા કલેક્ટર કચેરીના મુખ્ય સભા ખંડ ખાતે યોજવામાં આવશે, જેની સભ્યોએ નોંધ લેવા કલેક્ટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ રેન્જ આઈજી તરીકે નિર્લિપ્ત રાયને મુકાશે?

## રાજ્યના પોલીસ બેડામાં મોટાપાયે ફેરફાર થવાની ચાલતી ચર્ચા : વિકાસ સહાયને છ મહિના વધુ મળવાની શક્યતાઓ

**સમય મિરર । અમદાવાદ**

ગુજરાતમાં વર્ષ ૨૦૨૨ માં ગૃહ વિભાગમાં એટલેકે પોલીસ બેડામાં મોટા ધરખમ ફેરફારો થયા હતા અને ત્યારબાદથી અત્યાર સુધી એવા ફેરફારો જોવા નથી મળ્યા. જોકે હવે ગુજરાત પોલીસ બેડામાં ચર્ચાઓ ચાલી રહી છે હવે મોટા ફેરફારો જોવા મળશે. કેમકે રાજ્યના DGP 30 જૂને નિવૃત થઈ રહ્યા છે બીજી તરફ રાજ્યમાં સૌથી મોટી કામગીરી કરનારી ટિમ SMC માં પણ કેટલાક અધિકારીઓ નિવૃત થઇ રહ્યા છે જોકે એ પોસ્ટિંગ માટે હાલમાં લોબિંગ પણ શરુ થઇ ચૂક્યું છે.

ગુજરાતમાં પોલીસ બેડામાં ચાલુ વર્ષે ૫ IPS અધિકારી નિવૃત થઇ રહ્યા છે જોકે બીજી તરફ DYSP અને અઈડ કક્ષાના પણ અમુક અધિકારીઓ નિવૃત થઈ રહ્યા છે. જેને લઈને રાજ્યના પોલીસ બેડામાં ચર્ચાઓ ચાલી રહી છે કે ગુજરાત કેડરના IPS અધિકારીઓ જે દિલ્હી ખાતે ફરજ બજાવી રહ્યા છે તેમાંથી કોઈ અધિકારીને પરત લાવવામાં આવશે પરંતુ એ શક્યતા જો અને તો પર છે બીજી તરફ ગુજરાત રાજ્યના પોલીસ વડા DGP વિકાસ સહાય આગામી 30 જૂને નિવૃત થઇ રહ્યા છે. પરંતુ ગૃહ વિભાગમાં એક ચર્ચા એ પણ ચાલી રહી છે કે વિકાસ સહાયએ તેમના કાર્યકાળ દરમિયાન તેમની સાફ છબી, નિર્વિવાદિત અને દરેક કેસમાં યોગ્ય તપાસના કારણે કદાચ તેમને સરકાર ૬ મહિનાનું એક્સટેન્શન આપી શકે છે.

જોકે હાલમાં રાજ્યના DGP તરીકે તેમની જગ્યાએ ચર્ચિત નામોમાં



નવા ડીજીપી તરીકે અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ.મલિક તેમજ જેલોના વડા ડો.કે.એલ.એન. રાવ બે માંથી એકને બનાવાય તેવી શક્યતા છે. બીજી તરફ ગુજરાતમાં દરેક જગ્યાએ રેડ અને બુટલેગરોને હંફાવી નાખનાર સ્ટેટ મોનિટરિંગ સેલના ડીવાયએસપી કે.ટી.કામરિયા ૩૧ મે એ નિવૃત્ત થઈ રહ્યા છે. જ્યારે સ્ટેટ મોનિટરિંગ સેલના ડીઆઈજી નિર્લિપ્ત રાયને રાજકોટ રેન્જ ડીઆઈજી અથવા તો અમદાવાદ ક્રાઈમ બ્રાંચમાં અધિક પોલીસ કમિશનર તરીકે મુકવામાં આવે તેવી શકયતા છે. જ્યારે ગુજરાતમાં દારૂ - જુગાર તેમજ અન્ય ગેર કાયદેસર પ્રવૃત્તિઓ ડામવાની જવાબદારી સ્ટેટ મોનિટરિંગ સેલના શીરે છે. તેમાં પણ સ્ટેટ મોનિટરિંગ સેલના ડીવાયએસપી કે.ટી.કામરિયા અને ડીઆઈજી નિર્લિપ્ત રાય પણ સાફ છબી ધરાવે છે. જેના કારણે છેલ્લા ૩ વર્ષથી સ્ટેટ મોનિટરિંગ સેલની કમાન્ડ આ બંને અધિકારીના હાથમાં જ છે.

### SMCની સુકાનને લઈને પોલીસ બેડામાં મોટું લોબિંગ

વિકાસ સહાય, નિર્લિપ્ત રાય અને કે.ટી.કામરિયા બાદ સ્ટેટ મોનિટરિંગ સેલની કમાન્ડ હવે કોના હાથમાં રહેશે. તેને લઈને ગુજરાત પોલીસ બેડામાં જાત ભાતની ચર્ચાઓ ચાલી રહી છે. કે.ટી.કામરિયાની જગ્યાએ સ્ટેટ મોનિટરિંગ સેલમાં પોસ્ટિંગ માટે રાજકીય પીઠબળ ધરાવતા ૧૫થી વધારે ડીવાયએસપી લોબિંગ શરૂ કર્યુ છે. જો કે તેમાંથી હવે કોણ બાજી મારી જાય છે તે જોવાનું રહ્યું. સરકાર કે.ટી.કામરિયા ને એક્સટેન્શન આપવા માટે પણ વિચારી રહી હોવાની ચર્ચા ગાંધીનગર ખાતે પોલીસ બેડામાં ચાલી રહી છે. કેમકે તેમની કામગીરી અને ફરજ પ્રત્યેની નિષ્ઠાને કારણે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ૩ વર્ષમાં ગુજરાતમાં દારૂના ૯૮૯ કેસ કરીને રૂ.૬૧.૨૮ કરોડનો દારૂ પકડયો હતો. જ્યારે જુગારના ૨૩૫ કેસ કરીને રૂ.૧૦ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ઉપરાંત તાજેતરમાં જ સેલે ગુજશીટોક હેઠળ ૨ ગુના નોંધી કુલ ૧૦ આરોપીની ધરપકડ કરી હતી.

# રણછોડદાસજીબાપુ ચેરિટેબલ હોસ્પિટલ-રાજકોટ દ્વારા એક વર્ષમાં ૯૦,૩૪૨ મોતિયાના વિનામુલ્યે ઓપરેશન

**સમય મિરર । રાજકોટ**

પૂ. સદ્દગુરૂદેવ ભગવાન શ્રી રણછોડદાસજીબાપુશ્રીના જીવન સંદેશ 'મૂજે ભૂલ જાના પર નેત્રયજ્ઞ કો નહિ ભૂલના' સુત્રને સાર્થ કરી શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ દ્વારા સમગ્ર ગુજરાત તથા ભારતના વિવિધ સ્થળોએ નિઃશુલ્ક નેત્રયજ્ઞ કેમ્પો કરવામાં આવી રહ્યા છે.

ભારતમાં ઉત્તર પ્રદેશના ગૌહનીયા (પ્રયાગરાજ), બનારસ, દેવારીયા (ગોરખપુર) તથા બિહારના ભાગલપુર, બકસર, સાસારામ (રોહતાસ), મધ્યપ્રદેશના (બદનાવર), ઈન્દોર મુકામે નેત્રયજ્ઞ કેમ્પો કરેલ છે. તા. ૧-૪-૨૦૨૪ થી તા. ૩૧-૩-૨૦૨૫ એક વર્ષમાં





કુલ ૯૦,૩૪૨ ઓપરેશન કરવામાં આવ્યા છે. જેમાં ૬૭૦૦૦ દર્દી ભગવાનને નિઃશુલ્ક ધાબળા વિતરણ પણ કરવામાં આવેલ.

આ નેત્રયજ્ઞ દરમિયાન તમામ દર્દી ભગવાન તથા સાથે આવેલ સાથીદારોને બે દિવસમાં છ વખત ચા, નાસ્તો, ચાર વખત ગરમા ગરમ જમવાનું, રહેવાનું, દવા, ટીપા, કાળા ચશ્મા, શુધ્ધ ઘીનો શીરો, બે કિલો ચોખા, એક કિલો ઘઉંનો લોટ, મીઠી બુંદી, સાડી, ધાબળો, ૧૦૦ રૂપિયા દક્ષિણા આ બધુ જ મફત આપવામાં આવે છે. તથા સંસ્થાની બસ દ્વારા તેઓને કેમ્પ સ્થળેથી લઇ આવવા તથા ઓપરેશન કરી પરત કેમ્પ સ્થળે મુકી જવામાં આવે છે. નેત્રયજ્ઞમાં દરેક દર્દી ભગવાનની આરતી પણ ઉતારવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ દ્વારા સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છ, ગુજરાતમાં દર માસે ૧૩૦ થી ૧૫૦ જેટલા વિનામુલ્યે મોતિયાના કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. જેમાં છેવાડાના ગામડા સુધી પહોંચી, ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને મોતિયાના કેમ્પમાં લાવીને તપાસ કરી વિનામુલ્યે મોતિયાના ઓપરેશન કરી અપાય છે.

હજુ આ સેવાને વધુ બળ મળે એ માટે શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ દ્વારા અંદાજે ૧૦૦ કરોડના ખર્ચે ૧૦ માળની અત્યાધુનિક નવી હોસ્પિટલ તૈયાર થઇ રહી છે. જે એશિયાની પ્રથમ નંબરની હોસ્પિટલ બનશે. ટુંક સમયમાં જ કાર્યરત થનાર આ હોસ્પિટલમાં એક જ જગ્યાએથી આંખની તમામ પ્રકારની સારવાર મળી રહેશે. તેમ સદ્દગુરૂ સદન ટ્રસ્ટ રાજકોટ (મો.૮૪૬૦૯ ૨૮૫૦૮)ની યાદીમાં જણાવાયુ છે.

## બે દ્રષ્ટિહીન બાંધવો હવે દુનિયા જોઈ શકશે

# રઘુવંશી સમાજના સ્વ. હંસાબેન હેમંતલાલ પોપટના ચક્ષુનું દાન કરાયું

**સમય મિરર । રાજકોટ**

મૂળ ઉપલેટાના રાજકોટ નિવાસી રઘુવંશી સમાજ ના સ્વ. હંસાબેન હેમંતલાલ પોપટ શ્રીજીચરણ પામતા સદગતના પુત્રો અશોકભાઈ તેમજ વિપુલભાઈ અને પરિવારજનોએ પોતાના પરિવારજન ડિમ્પલભાઈ લાખાણીની પ્રેરણાથી ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધેલ છે.

સ્વ. હંસાબેન હેમંતલાલ પોપટ નુ ચક્ષુદાન વિવેકાનંદ યુથ ક્લબ ની ચક્ષુદાન- દેહદાન અભિયાન સમિતિ મુકેશભાઈ દોશીના માર્ગદર્શક હેઠળ સંયોજકો અનુપમ દોશી તેમજ ઉપેનભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું. સમિતિ એ પોપટ પરિવારનો આભાર માનેલ. સંસ્થા નુ આ ૧૫૭ મુ



ચક્ષુદાન છે. શહેરીજનોને પોતાની આસપાસ પડોશમાં પરિવારમાં કે અન્ય કોઈના અવસાન બાદ સ્કિન ડોનેટ અને ચક્ષુદાન માટે પ્રેરણા આપવા અને માનવતાના ઉમદા કાર્યમાં સહભાગી બનવા અપીલ સહ વિનંતી છે ચક્ષુદાન માટે કોઈ પણ સમયે સમિતિના અનુપમ દોશી ૯૪૨૮૨ ૩૩૭૯૬ અથવા ઉપેનભાઈ મોદી , ૯૮૨૪૦ ૪૩૧૪૩ નો સંપર્ક સાધવા વિનંતી.

# અવસાન નોંધ

**રાજકોટ :** ચા.મ. મોઢ બ્રાહ્મણ મુળ ટંકારા હાલ રાજકોટ નિવાસી સુનિલકુમાર જયસુખલાલ ત્રિવેદી, (ઉ.વ.૫૩) તે સ્વ. જયસુખલાલ પ્રભાશંકર ત્રિવેદી તથા સ્વ. ભાનુમતિબેન જે. ત્રિવેદીના સુપુત્ર, સ્વ. નટવરલાલ પી. ત્રિવેદીના ભત્રીજા, ગં. સ્વ. રશ્મીબેનના પતિ, કમલેશભાઈ (આરઆઈસી), દિલીપભાઈ, હંસાબેન હર્ષદરાય પંડયા, સોનાબેન સતીષકુમાર વ્યાસના ભાઈનું તા. ૧૩-૦૪-૨૦૨૫ રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા. ૧૭-૦૪-૨૦૨૫ ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૬, ચા. મ. મોઢ બ્રાહમણ જ્ઞાતિની વાડી, મિલપરા શેરી નં.૧, રાજકોટ મુકામે રાખેલ છે. (લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.)

**રાજકોટઃ** સ્વ.કેશવજીભાઇ કાનજીભાઇ ડોડીયાના પુત્ર હરસુખ-ભાઇ કેશવજીભાઇ ડોડીયાના ધર્મપત્નિ સ્વ. સંગીતાબેન (ઉ.વ.૬૨) તે સોનીયાબેન અને જયભાઇના માતુશ્રી તા.૧૩ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું બેસણું (પીયરપક્ષનું સાથે રાખેલ છે) તા.૧૭ના રોજ સાંજે ૪ થી ૬ રામ મંદીર, રામનગર મેઈન રોડ, ગોંડલ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** જામનગર નિવાસી સ્વ.દલપતરાય જસરાજ કોઠારીના પુત્ર બીપીનભાઇ દલપતરાય કોઠારી (ઉ.વ.૭૫) તે ઈલાબેન કોઠારીના પતિ, મૌલીકભાઇ કોઠારી (રીલાયન્સ)ના પિતાશ્રી, ભાવિનીના સસરા, સ્વ.હર્ષદભાઇ તથા સ્વ.ઈશ્વરભાઇના નાના-ભાઇ સ્વ.ચંદ્રીકાબેન, સ્વ.રેખાબેન અને હેમલતાબેનના ભાઇ તથા આરોહીના દાદા તથા રાજકોટ વાળા સ્વ.ચુનીલાલ કાનજી મહેતાના જમાઈ જામનગર મુકામે તા.૧૪ના રોજ અરીહંત શરણ પામેલ છે.

**રાજકોટઃ** નવા વાધણીયા નિવાસી સુશીલભાઇ પ્રભાશંકર ભાઇ પાઠકના પત્ની સરોજબેન (ઉ.૪૨) નું તા. ૧૩ ના રોજ અવસાન થયેલ છે. બેસણું તા. ૧૭ ને ગુરૂવારે સવારે ૯ થી સાંજના ૬ સુધી નવા વાધણીયા ખાતે તેમના નિવાસસ્થાને રાખેલ છે.મો.૯૪૨૬૨ ૭૯૩૬૧, મો.૭૨૦૨૦ ૭૨૭૦૭

**વેરાવળ :** જયોત્સનાબેન અભાણી ઉ.વ.૭૦ તે સ્વ.વૃંદાવનદાસ અભાણી (વિનુભાઈ બંગડીવાળા) ના ધર્મપત્ની, નિતીનભાઈ, ચેતનભાઈ, દીપાબેન વસંત (રાજકોટ) ના માતુશ્રી, ગીરધરલાલ મનજીભાઈ કાનાબાર (કૂકસવાડા) ની દીકરીનુ તા.૧૫ ના અવસાન થયેલ છે. સદગતનું બેસણું તથા પિયર પક્ષની સાદડી તા.૧૭ ના રોજ સાંજે ૪ થી ૬ વાગે બિલેશ્વર મંદિર, જૈન દેરાસર રોડ, વેરાવળ ખાતે રાખેલ છે.

# રાજકોટ સિવિલ હોસ્પિટલમાં નસેડી દર્દીએ સિક્યુરિટીને માર મારી મચાવી ધમાલ

**બાઇક પાર્કિંગમાં રાખવાનું કહેતા બઘડાટી બોલાવી; એક્સ આર્મીમેન તમાસો જોતા રહ્યા અને દર્દી દિવાલ ટપી નાસી છૂટ્યો**

સમય મિરર | રાજકોટ

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં અવાર નવાર દર્દી અને તેના પરિવારજનો દ્વારા સિક્યુરીટી અને તબીબો સાથે માથાકૂટ થવાના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે વધુ એક બનાવમાં સિવિલમાં પીધેલા દર્દીએ ધમાલ મચાવી હતી. ઈજાગ્રસ્ત હાલતમાં આવેલા શખ્સને સિક્યુરીટીએ પાર્કિંગમાં બાઇક રાખવાનું કહેતા તેણે સિક્યુરીટી ગાર્ડને ગાળો ભાંડી મારમાર્યો હતો. આ બનાવથી સિવિલમાં લોકોના ટોળા એકઠા થયા હતા. એક્સ આર્મી મેન હાજર હોવા છતા છોડવવા આવવાને બદલે તમાશો જોતા રહ્યા હતા. દરમિયાન ઈજાગ્રસ્ત દર્દી સારવાર લઇ વંડી ઠેકી નાશી છૂટયો હતો.



જાણવા મળતી વિગત મુજબ પારેવડી ચોક પાસે ખોડીયાર પરામાં રહેતો રોહિત ઠાકોર નામનો શખ્સ બાઇક સ્લિપ થઈ જતા ઈજાગ્રસ્ત હાલતમાં તેના મિત્ર સાગર સાથે બાઇક લઈ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં આવ્યો હતો. દરમિયાન ઈમરજન્સી વિભાગની સામે પાર્કિંગ પાસે ફરજ બજાવતા સિક્યુરીટી ગાર્ડ હાસમભાઇ અબ્દુલભાઈ માલાણી (ઉ.વ.૫૦ રહે. હસનવાડી ૪) એ રોહિત ઠાકોરને બાઇક પાર્કિંગમાં રાખવાનું કહેતા તેણે સિક્યુરીટી ગાર્ડ સાથે માથાકૂટ કરી હતી અને ઉશ્કેરાય જઈ ગાળો ભાંડી સિક્યુરીટી ગાર્ડ સાથે ઝપાઝપી કરી મારમાર્યો હતો. ઈજાગ્રસ્ત રોહિત પીધેલી હાલતમાં હોવાનુ જાણવા મળ્યું છે.

પીધેલા દર્દીએ સિક્યુરીટી ગાર્ડ સાથે ધમાલ મચાવતા હોસ્પિટલમાં આવેલા અન્ય લોકોના ટોળા એકઠા થયા હતા. બનાવ વખતે એક્સ આર્મીમેન હાજર હોવા છતા સિક્યુરીટી ગાર્ડને છોડવવા આવ્યા ન હતા અને તમાશો જોતા રહ્યા હતા. જેથી રોહિત ઠાકોર ઈમરજન્સીમાં સારવાર લઇ વંડી ઠીકે નાશી છૂટયો હતો બાદમાં સિવિલના સ્ટાફ દ્વારા તેને પકડવા પાછળ ગયા હતા. પરંતુ તે હાથમાં આવ્યો ન હતો. આ અંગે પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરતા પીસીઆર વાન હોસ્પિટલે દોડી ગય હતી અને પીધેલી હાલતમાં ધમાલ મચાવતા રોહિત ઠાકોરનો મિત્ર સાગર ત્યા ઉભો હોય તેને પ્રનગર પાોલીસ મથકે લઇ જવામાં આવ્યો હતો. આ અંગે સિક્યુરીટી ગાર્ડ દ્વારા પીધેલા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

# રાજકોટમાં રોડ ક્રોસ કરતા પ્રૌઢને કારચાલકે ઉલાળતા મોત

## પ્રૌઢના મોતથી પરિવાર શોકમાં ગરકાવ; પોલીસ તપાસ જારી

સમય મિરર | રાજકોટ

શાપરમા રહેતા પ્રૌઢ કોઠારીયા સોલવન્ટ પાસે રોડ ક્રોસ કરીને હોટલે ચા પીવા જતા હતા ત્યારે કાર ચાલકે ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમા ગંભીર રીતે ઘવાયેલા પ્રૌઢનુ મોત નીપજતા પરીવારમા અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી છે.

આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ શાપરમા ગંગા ગેટ પાસે મફતીયાપરામા રહેતા દિલીપભાઈ નટુભાઈ સોલંકી (ઉ.વ. ૪૫) કોઠારીયા સોલવન્ટ પાસે રાત્રીનાં સાડા નવેક વાગ્યાનાં અરસામા રોડ ક્રોસ કરી હોટલે ચા પીવા જતા હતા ત્યારે કાર અડફેટે ચડી જતા અકસ્માત સર્જાયો હતો.

કાર ચાલક દ્વારા આધેડને સારવાર માટે ૧૦૮ મારફતે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડયા હતા જયા તેમનુ મોત નીપજયુ હતુ.

પોલીસે મૃતક પ્રૌઢનાં ખીસ્સામાથી મળેલી ડાયરીનાં આધારે ઓળખ મેળવી ઘટના અંગે પ્રૌઢનાં પરીવારને જાણ




કરી હતી. પ્રૌઢનાં મોતથી પરીવાર શોકમા ગરકાવ થઇ ગયો હતો.

પ્રાથમીક પુછપરછમા મૃતક પ્રૌઢ ૭ ભાઈમા વચેટ અને અપરણીત હતા. રોડ ક્રોસ કરતી વખતે કારની ઠોકરે ચડી જતા સર્જાયેલા અકસ્માતમા મોત નીપજયુ હોવાનુ જાણવા મળ્યુ છે. આ અંગે શાપર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાડુઆતની તરફેણમાં અને મકાન માલિકની વિરૂધ્ધમાં કાયમી મનાઈ હુકમ ફરમાવતી કોર્ટ

## ચૂકવેલ ભાડાની પહોંચની માંગણી કરતા મિલકત માલિકે કબજો છોડવવા પોલીસમાં અરજી કરી'તી

સમય મિરર | રાજકોટ

રાજકોટમાં ટાગોરરોડ ઉપર આવેલ સિલ્વર ચેમ્બર નજીક ટ્રાન્સગ્લોબની બાજુમાં આલોક દયાશંકર અગ્રવાલની મિલ્કતમાં માઉન્ટ મીડિયા અને પારેખ એન્ટરપ્રાઈઝની પેઢીના માલિક હિતેન્દ્રભાઈ પારેખ ભાડુઆત દરજજે સ્ટેશનરી અને પ્રિન્ટીંગનું કામ કામ કરે છે. મિલ્કતમાં વાદી ૧૯૯૭ થી ભાડુઆત તરીકેનું સ્ટેટસ ધારણ કરે છે. ભુતકાળમાં તેના માલિક જવાહરલાલ બી. વાધરને નિયમીત રીતે ભાડુ ચુકવવામાં આવતું હતું. જે તે મકાન માલિક પાસેથી આલોક દયાશંકર અગ્રવાલે ૧૯૯૫માં મિલ્કત ખરીદ કરી માલિક બન્યા હતા. ત્યારબાદ તેઓએ ખોટી વિગતો અને ભાડુઆત સિવાયના વ્યકિતને જોડી દાવો ૨૦૦૩ માં દાખલ કર્યો હતો. જે દાવો આલોક અગ્રવાલે ૨૦૧૭માં પરત ખેંચી લીધો હતો.ત્યારબાદ વાદીએ પ્રતિવાદીને ભાડુ ચુકવેલ પરંતુ તેની પહોંચ નહિ આપતા વાદીએ પહોંચની ડીમાન્ડ કરતા પ્રતિવાદી મકાન માલીકે પોલીસમાં ખોટી વિગતો સાથે ફરીયાદ દાખલ કરી હતી. જે ફરીયાદ અનુસંધાને પોલીસ કબ્જો છોડાવવા માટે વાદીને ધમકાવવાનો પ્રયાસ કરતા વાદીએ રાજકોટ કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. દાવામાં કોર્ટે બન્ને પક્ષકારોના કથનો અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ ભાડુઆતનો સંપુર્ણ દાવો મંજુર


એડવોકેટ

કરી વાદી માસિક રૂા.૬૫૧ ના ભાડાથી ધારણ કરે છે. આ સંજોગોમાં પ્રતિવાદી મકાન માલિક જાતે કે તેના એજન્ટ, એટર્ની કે નોકર કે અન્ય કોઈ મારફત વાદી ભાડુઆતના કબ્જામાં ખલેલ પહોંચાડવી નહીં કે કબ્જામાં કોઈ આવરણ ઉત્પન્ન ન કરવું તેમજ કાયદાની પ્રક્રિયા અપનાવ્યા વગર ભાડુઆત પાસેથી કબ્જો નહિ છોડાવવા અને ચુકવવામાં આવેલ ભાડાની પહોંચ ભાડુઆતને ઈશ્યુ કરી આપવા હુકમ કર્યો હતો.

આ દાવામાં વાદી હિતેન્દ્રભાઈ પારેખ વતી એડવોકેટ દરજજે વિકાસ કે. શેઠ, અલ્પા શેઠ, પ્રકાશ બેડવા અને ફાતેમાં ભારમલ રોકાયા છે.

**ધોકા-પાઈપ વડે હુમલો કરનાર શખ્સ વિરૂદ્ધ નોંધાતો ગુનો**

# દોસ્ત દોસ્ત ના રહા...દારૂ પીવા ગયા બાદ મિત્રએ પૈસાની માંગણી કરી મિત્રને જ માર માર્યો

સમય મિરર | રાજકોટ

રાજકોટ શહેરના મોરબી રોડ પર આવેલી જય જવાન જય કિશાન સોસાયટીમાં રહેતો યુવાન મિત્ર સાથે દારૂ પીવા ગયો હતો ત્યારે મિત્રએ પૈસાની માંગણી કરી ધોકા-પાઈપથી હુમલો કરી મારમારતા તેને ઈજાગ્રસ્ત હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

જાણવા મળતી વિગત મુજબ જય જવાન જય કિશાન સોસાયટીમાં રહેતો નરશી મેરામભાઈ ડાભી (ઉ.વ.30) નામનો યુવાન આજે બપોરે તેના મિત્ર રાહુલ સાથે સ્મશાન નજીક દારૂ પીવા ગયો હતો. ત્યારે તેની પાસે ૫૦૦૦ હોય જેમાં મિત્રને ૫૦ રૂપિયા આપતા રાહુલે હજુ પૈસા આપ તેમ કહેતા નરશીએ પૈસા આપવાની ના પાડતા રાહુલે ઉશ્કેરાય



જઈ ધોકા-પાઈપથી હુમલો કરી તેનો પગ ભાંગી નાખ્યો હતો. જેથી તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમા ખસેડવામાં આવ્યો હતો. આ અંગે બિડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે..

# રાજકોટમાં વ્યાજ વટાવના ગુનામાં આરોપીઓનો નવ વર્ષે નિર્દોષ છૂટકારો

**પઠાણી ઉઘરાણીથી કંટાળી યુવાને ઘર તરછોડતા પાંચ શખ્સ સામે ફરિયાદ નોંધાઈ'તી**

સમય મિરર | રાજકોટ

રાજકોટમાં વર્ષ ૨૦૧૬માં આજીડેમ પો.સ્ટે.માં રાજકોટમાં કોઠારીયા રોડ ઉપર રહેતા ફરિયાદી શિલ્પાબેન વિજયભાઈ બોઘરાએ આજીડેમ પોલીસ મથકમાં એ મતલબની પોલીસ ફરીયાદ નોંધાવી હતી કે, તેના પતિ વિજયભાઈએ


એડવોકેટ

કેટલાક લોકો પાસેથી ધંધાકીય કામકાજ માટે રોકડ રકમ વ્યાજે લીધેલ હોય જે રકમ તથા વ્યાજ આપી દીધેલ હોવા છતાં વ્યાજના રૂપિયા તથા મુદ્દલ રકમની ઉઘરાણી કરી, ધાક ધમકી આપતા હોય જેથી વિજયભાઈ બોઘરા ઘરેથી કોઈને કહ્યા વગર જતા રહેલ હતા અને ત્યારબાદ આરોપીઓ અવારનવાર ફરિયાદીના ઘરે આવી બળજબરીથી વ્યાજના પૈસાની રકમ કઢાવવા ધાકધમકી આપી ઘર છોડી જવાની ધમકી આપી ગુન્હો આચર્યાની શીલ્પાબેન બોઘરાની ફરીયાદના આધારે પોલીસે આઈ.પી.સી.ની તથા મની લેન્ડ એકટની જુદી જુદી કલમો હેઠળ ગુન્હો નોંધી અને તાત્કાલીક તપાસ શરૂ કરી ઘનશ્યામ અમરાભાઈ જળુ, જીજ્ઞેશ ઉર્ફે પથુભાઈ બાવાભાઈ ચાવડા, ધર્મેશ બાવાભાઈ ચાવડા, રમેશભાઈ ઉર્ફે મુનભાઈ ભીખુભાઈ રાઠોડ, લાભુભાઈ રાઠોડની ધરપકડ કરી ધોરણસરની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન કેસ અદાલતમાં ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ અદાલતે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવ્યો હતો.


આ કેસમાં આરોપીઓ તરફે લો ફર્મ યુવા લો એસોસિએટના એડવોકેટ હેમાંશુ પારેખ, કિરીટ નકુમ, કુલદીપ ચૌહાણ, યશપાલ ચૌહાણ, નીધી રાયચુરા, ડેનીશા રાઠોડ, નયન મણીયાર, વાય.વાય.શેખ અને આસીસ્ટન્ટ સતીષ હેરમા એડવોકેટ તરીકે રોકાયા હતા.

**સેશન્સ અને હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી રદ થતા સુપ્રીમમાં કરેલી અરજી પર ૧૪મીએ સુનાવણી**

# રાજકોટના બોગસ દસ્તાવેજ કૌભાંડમાં એડવોકેટ કિશન ચાવડાની ધરપકડ સામે સુપ્રીમ કોર્ટનો સ્ટે

સમય મિરર | રાજકોટ

રાજકોટ સ્થિત સબ રજીસ્ટ્રાર કચેરીના કર્મચારી અતુલભાઈ મધુભાઈ દેસાઈએ તા. ૧૧/૧૨/૨૦૨૪ન રોજ પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં હર્ષ સોહેલીયા ઉર્ફે હર્ષ સોની, જયદીપ ઝાલા અને કિશન ચાવડાએ તા. ૨૩/૦૨/૨૦૨૩ થી તા. ૧૮/૦૫/૨૦૨૪ સુધીમાં ૧૭ ખોટા બનાવટી દસ્તાવેજો ઊભા કરી કચેરીના કોમ્પપ્યુટરમાં રહેલા હસ્ત લેખિત દસ્તાવેજના સ્કેનિંગ રેકર્ડમાં ચડાવી મિલકત એક વ્યક્તિથી બીજી વ્યક્તિના નામે ટ્રાન્સફર કરી સબ-રજીસ્ટ્રાર કચેરીના મૂળ દસ્તાવેજી રેકર્ડનો નાશ કરી નવો દસ્તાવેજ બનાવી મૂળ દસ્તાવેજની જગ્યાએ ફેર બદલ કર્યા અંગેની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આઈ.પી.સી. કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૭, ૪૪૭, ૧૨૦(બી), ૩૪ મુજબ ગુનો દાખલ કર્યો હતો. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ગત તા.૨૪/૧૦/૨૦૨૪ ના રોજ મામલતદાર, પશ્ચિમના ઈ-ધરામા ફાઈલમા તા. ૨૨/૧૦/૨૦૨૪ નું પ્રકરણ મોજે ગામ રૈયાના સર્વે



નં. ૨૭૭/૧ ના પ્લોટ નં. ૪૨ ના ગામ નમુના નં.૨માં દાખલ કરવામાં આવેલી નોંધ રદ્દ કરવાના કામે અરજી મળેલી હતી જેમાં અસલ દસ્તાવેજ નં. ૧૩૦૫/૧૯૭૨ ની ખરાઈ કરવા જણાવેલ જે અંતર્ગત કચેરીના કોમ્પ્યુટરમાં સ્કેનીંગ થયેલ હસ્ત લેખિત રેકર્ડમાંથી ખરાઈ કરતા સાથે આવેલ દસ્તાવેજોની નકલ સરખાવતા, બન્ને દસ્તાવેજમાં વિસંગતતા ધ્યાનમાં આવેલ અને વધુ ખરાઈ કરતા રાજકોટ શહેરની કિંમતી કરોડો રૂપિયાની અલગ અલગ મિલકતના દસ્તાવેજોમાં વિસંગતતા જોવા મળેલી અને તેમાં મૂળ દસ્તાવેજમાં નામ છે તેનાથી અલગ નામો જોવા મળતા સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું. જે કેસમાં પ્ર.નગર પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી હતી. એડવોકેટ કિશન ચાવડાની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટ અને હાઈકોર્ટમાં નામંજુર થતા એડવોકેટ કિશન ચાવડાએ સુપ્રીમ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટ દ્વારા આરોપીનો રોલ, દસ્તાવેજી પુરાવાઓ વિગેરેની હકીકતો ધ્યાને લઈ આરોપીએ પોલીસ તપાસમાં હાજર રહી સાથ-સહકાર આપવાની શરત સાથે ધરપકડ સામે મનાઈ હુકમ ફરમાવ્યો છે. અને વધુ સુનાવણી તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ હાથ ધરવામાં આવશે.

આ કેસમાં એડવોકેટ કિશન ચાવડા વતી સુપ્રીમ કોર્ટના સીનીયર કાઉન્સિલ પુર્વીશભાઈ મલ્કાણ, રાજકોટના પી. એમ. શાહ લો ફર્મના એડ્વોકેટ પીયષુભાઈ એમ. શાહ, અશ્વિનભાઈ ગોસાઈ, નિવિદભાઈ પારેખ, નિતેષભાઈ કથીરીયા, હર્ષિલભાઈ શાહ, જીતેન્દ્રભાઈ ધૂળકોટીયા, વિજયભાઈ પટગીર, ચિરાગભાઈ શાહ, આસિસ્ટન્ટ તરીકે રવિરાજભાઈ વાળા, ઋત્વીકભાઈ વઘાસીયા અને સંજયભાઈ મેરાણી રોકાયા હતા

# રાજકોટમાં હોટેલ સંચાલકના મકાનમાંથી ૫૫ મિનિટમાં ૧.૭૫ લાખની માલમત્તાની ચોરી

## ઘરે માતાજીનો માંડવો હોવાથી લોકોની અવર જવર વચ્ચે હાથફેરો કરનાર શખ્સ સકંજામાં

સમય મિરર | રાજકોટ

રાજકોટ શહેરના અમરનગરમાં હોટેલ સંચાલકના મકાનમાં તસ્કરો ત્રાટકયા હતા અને સોના ચાંદીના દાગીના સહિત રૂ.૧.૭૩ લાખની કોઈ ચોરી કરી ગયાનું જાણવા મળ્યું હતું.હોટેલ સંચાલકના ઘરે માતાજીનો માંડવો રાખવામાં આવ્યો હોય ત્યારે આ ચોરીની ઘટના બની હોવાનું જાણવા મળ્યું છે.

વધુ વિગતો મુજબ,અમરનગરમાં રહેતા જતીનભાઈ રમેશભાઈ ઓળકીયા(કોળી)(ઉ.૧.૩૦)એ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ગોંડલ રોડ વૈદવાડી-૧ ખાતે ચામુંડા ટી-સ્ટોલ નામની ચા ની હોટલ ધરાવી વેપાર કરે છે. ગઈ તા.૦૮/૦૪ની રાત્રે તેમના ઘરે ચામુંડા માતાજી તથા મહાકાળી માતાજી નો માંડવો હતો જેથી ઘરે મહેમાનો ની અવર-જવર ચાલુ હોય અને ઘરના દરવાજા ખુલ્લા હતા અને જતીનભાઈએ રાત્રી ના આશરે ૧૨ વાગ્યા ની આસપાસ ઘરમા બેડરૂમમાં અંદર રહેલ લોખંડનો કબાટ યથાસ્થિતિ મા સુરક્ષિત જોયો હતો. બાદમાં રાત્રીના એકાદ વાગ્યે આસપાસ તેમને પત્ની સોનલ નો કોલ આવેલ અને કહેલ કે આપડા ઘરમા કબાટ નો દરવાજો ખુલ્લો છે અને ઘરમા બધુ વેર વિખેર પડયુ છે તમો જલ્દી ઘરે આવો જેથી જતીનભાઈ તરત જ ઘરે ગયા હતા અને જઈને જોયુ તો અમારા ઘરમા બેડરૂમમાં અંદર રહેલ લોખંડના કબાટનો દરવાજો ખુલ્લો હતો અને આ કબાટ ની તિજોરીના ખાનામાં જોતા સામાન વેરવિખેર પડયો હતો. આ તિજોરી કોઇએ બળ પ્રયોગ થી ખોલી હોય તેવુ લાગેલ હતુ અને આ



તીજોરીમાં રાખેલ એક જોડ નાની સોનાની બુટી વજન ૫.૮૨૦ ગ્રામ કીંમત આશરે રૂ.૪ ૮૦૦૦ અને એક જોડ મોટી સોનાની બુટી વજન ૧૩ ગ્રામ કીંમત આશરે રૂ.૧,૦૦,૦૦૦ તથા એક રુદ્રાક્ષ નો સોનાનો પારો વજન ૬૦૦ મીલીગ્રામ કીંમત આશરે રૂ. ૭૦૦૦, એક સોનાનો દાણો વજન ૩૨૦ મીલીગ્રામ કીંમત આશરે રૂ.૩ ૦૦૦ તથા એક સોનાનું લખેલ પેન્ડલ વજન ૫૦૦ મીલીગ્રામ કીંમત આશરે રૂ.૫૦૦૦,બે જોડ સોનાની બાલી વજન ૫૦૦ મીલીગ્રામ કીંમત આશરે રૂ.૫૦૦૦, એક ચાંદીની લક્કી વજન ૧૬ ગ્રામ કીંમત આશરે રૂ.૧૬૦૦, એક ચાંદીનું નારીયેલ વજન ૩૦ ગ્રામ કીંમત આશરે રૂ.૨૫૦૦, એક ચાંદીનો સીક્કો વજન ૧૦ ગ્રામ કીંમત આશરે રૂ. ૧૨૦૦ એમ આશરે કુલ કીંમત ૧,૭૩,૩૦૦ના સોના-ચાંદીના ઘરેણા અને રૂપીયા ૨૦૦૦ રોકડા જોવામા આવ્યા ન હોય જેથી માલવીયા પોલીસમાં ચોરી અંગેની ફરિયાદ નોંધાવી હતી એ અંગે પીએસઆઇ વી.આર.ઝાલા અને ટીમે તપાસ શરૂ કરી છે.

ફરીયાદીના મકાને માતાજીનો માંડવો હોય આરોપીઓ અવારનવાર દર્શન કરવા આવતા હોવાનુ અને બહાર જતો હોવાનું આ સમયગાળા દરમિયાન આવતો હોય આરોપીએ ચોરી કરી હોય તેવી કબુલાત આપી હતી.

# એનડીપીએસના કેસમાં મુખ્ય સપ્લાયરને જામીન મુક્ત કરતી કોર્ટ

## ૬૨.૭૨ ગ્રામ બ્રાઉન સુગર સાથે ઝડપાયેલા શખ્સની પૂછપરછમાં નામ ખુલતા ધરપકડ થઈ'તી

સમય મિરર | રાજકોટ

રાજકોટમાં આવેલી રામાપીર ચોકડી પાસેથી કેતન ગઢવી નામનો શખ્સ માદક પદાર્થના જથ્થા સાથે પસાર થવાનો હોવાની બાતમીના આધારે એસઓજી પોલીસે વોચ ગોઠવી કેતન અશોકદાન ઉધાસને ૬૨.૭૨ ગ્રામ બાઉનસુગર સાથે ઝડપી લીધો હતો. તપાસ દરમ્યાન કલીમ મુસ્તાક પઠાણ (રહે. પાલરીબાગ, સતનબગીયા, દરગાહ શરીફ રોડ, બહેરાઈચ, ઉતરપ્રદેશ)નું નામ ખુલતા તેની પણ અટકાયત કરવામાં આવી હતી. જેલ હવાલે રહેલા સપ્લાયર કલીમ મુસ્તાક પઠાણ દ્વારા જામીન ઉપર મુક્ત થવા કોર્ટમાં અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર


એડવોકેટ

આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ સેસન્સ કોર્ટ દ્વારા આરોપી સપ્લાયરને શરતી જામીન ઉપર મુક્ત કરવા હુકમ ફરમાવ્યો છે.


આ કેસમાં આરોપી વતી સૌરાષ્ટ્રના જાણીતા એડવોકેટ રોહીતભાઈ બી. ઘીયા, હર્ષ રોહીતભાઈ ઘીયા અને મદદમાં રીધ્ધીબેન ખંધેડીયા રોકાયા હતા.

# પત્નીને માસિક ૨૦ હજાર ભરણપોષણ ચૂકવવા રેલવે કર્મીને કોર્ટનો આદેશ

**રિસામણે બેઠેલી પરણિતાએ જીવન નિર્વાહ ચલાવવા કોર્ટમાં અરજી કરી'તી**

સમય મિરર | રાજકોટ

રાજકોટ શહેરમાં રહેતી પૂજાબેન નામની યુવતીના પ્રશાંત વાલજી ડાભી નામના રેલવે કર્મચારી સાથે લગ્ન થયા હતા બાદ લગ્ન જીવન દરમિયાન પરિણીતાને પતિ દ્વારા શારીરિક


એડવોકેટ

માનસિક ત્રાસ આપતા હતા બાદ બંને પરિવારજનો દ્વારા સમાધાન પણ કરી પરિણીતા પોતાના સાસરીયા પરત કરી હતી આમ છતાં પણ પતિના વાણી વ્યવહાર વર્તનમાં કોઈ પણ જાતનો ફેરફાર નહિ થતા પરિણીતા ફરી પોતાના પિયરમાં રિસામણે ચાલી ગઈ હતી અને પોતાનું જીવન નિર્વાહ ચલાવવા માટે અદાલતમાં ભરણપોષણની માંગ કરતી અરજી કરી હતી. ભરણ પોષણની અરજી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ પરિણીતાના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિત દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ ફેમીલી કોર્ટે પરિણીતાની અરજી મંજુર કરી ભરણપોષણ પેટે પત્નીને માસીક રૂ.૨૦ હજાર અને અરજી ખર્ચના રૂ.૨૫૦૦ ચુકવવા હુકમ કર્યો છે.

આ કેસમાં અરજદાર પુજાબેન ડાભી વતી એડવોકેટ અમિત વી. ગડારા અને યશ વૈષ્ણવ રોકાયા હતા.

# RMCને આપેલા ૧૯.૮૪ લાખના ચાર ચેક રિટર્ન વડોદરાની કંપનીના પ્રોપ્રાઇટરને દોઢ-દોઢ વર્ષની જેલ

**ચારેય ચેક મુજબની રકમ ૬૦ દિવસમાં ન ચૂકવે તો વધુ છ-છ માસની સજાનો કોર્ટનો હુકમ**

સમય મિરર | રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પબ્લિસિટી માટે ના હોર્ડિંગ્સ તેમજ સેન્ટ્રલ લાઈટિંગ પોલ ઉપર કિયોસ્ક બોર્ડ વગેરે માટેની ટેન્ડર પ્રક્રિયામાં વડોદરાની કંપની સન કોમ્યુનિકેશનના પ્રોપ્રાઈટર કિરણ વસંતરાવ કદમનું ટેન્ડર મંજુર થતાં શરતો મુજબ જાહેરાત તેમજ હોર્ડિંગ્સના લેણા પેટે રૂ. ૧૯.૮૪ લાખના અલગ અલગ ચાર ચેકો પરત આવતાં તેની લીગલ પ્રોસિજર અનુસરીને મહાનગરપાલિકા દ્વારા કિરણ કદમ વિરુદ્ધ નેગોશિયેબલ


એડવોકેટ

ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ હેઠળ અલગ અલગ ચાર ફરિયાદો કરવામાં આવી હતી.

જે ચાલુ કેસ દરમિયાન ફરીયાદપક્ષ દ્વારા આરોપીપક્ષ સંપૂર્ણ રકમ ભરપાઈ કરી આપવા બંધાયેલ છે અને સમયસર રકમ ન આપવા બદલ વધારાનો ખર્ચ તેમજ વ્યાજ આપવા પણ આરોપીપક્ષ બંધાયેલ છે તે પ્રકારની ફરીયાદપક્ષ દ્વારા દલીલો તેમજ દલીલના સમર્થનમાં વિવિધ હાઈકોર્ટના ચુકાદાઓ રજુ રાખવામાં આવેલ હતા તે ધ્યાને રાખી સન કોમ્યુનિકેશનના પ્રોપ્રાઈટર કિરણ વસંતરાવ કદમને કોર્ટે ચારેય કેસમાં તકસીરવાર ઠરાવી પ્રત્યેક કેસદીઠ દોઢ દોઢ વર્ષની કેદની સજા તથા ચેકો મુજબની રકમ અદાલતમાં વળતર પેટે જમા કરાવવાનો તેમજ જો ચેકો મુજબની રકમ ૬૦ દિવસમાં ન ચુકવે તો વધુ છ માસની સજાનો હુકમ કરવામાં આવ્યો છે. આ કેસમાં આરોપીને અલગ અલગ ચારેય કેસોમાં અલગ અલગ સજાઓ કરવામાં આવી હોય આરોપીને કુલ છ વર્ષની સાદી કેદની સજા તેમજ કુલ ચારેય ચેકો મળી રકમ રૂા.૧૯.૮૪ લાખ વળતર પેટે રાજકોટ મહાનગરપાલિકાને ૬૦ દિવસમાં ચુકવી ન શકે તો વધુ છ માસ લેખે ચારેય કેસના કુલ ૨૪ માસની વધારાની કેદની સજાનો હુકમ ફરમાવવામાં આવ્યો છે.આ કેસમાં મુળ ફરીયાદી રાજકોટ મ્યુનિ. કોર્પો. વતી યુવા ધારાશાસ્ત્રી જીજ્ઞેશ એન. શાહ રોકાયા હતા.

વેરાવળ-કોડીનાર હાઈ-વે પર

# ઈકો-બાઈકનો અકસ્માત નિહાળવા ઉભેલા ટોળા પર ડમ્પર ફરી વળ્યું : બેના મોત

## સાત લોકોને ગંભીર હાલતમાં સારવાર અર્થે ખસેડાયા : અંબુજા કંપનીના ડમ્પરે અકસ્માત સર્જતા ગ્રામજનોએ કર્યો ચક્કાજામ, પોલીસે મામલો થાળે પાડ્યો

**સમય મિરર । વેરાવળ**

સુત્રાપાડાના કોડીનાર રોડ પર કણજોતર ગામ નજીક ગત રાત્રીના હિટ એન્ડ રનની ગમખ્વાર ઘટના સર્જાઈ હતી. જેમાં ઈકો કાર અને સ્પ્લેન્ડર બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા લોકોના ટોળા એકઠા થઈ ગયા હતાં. તેવા સમયે માતેલા સાંઢની જેમ ધસી આવેલા અંબુજા કંપનીના ડમ્પરે ટોળા પર ડમ્પર ફેરવી દેતા મોટી દુર્ઘટના સર્જાઈ હતી. આ ઘટનામાં બેના મોત નિપજ્યા છે. જ્યારે સાત જેટલા લોકોને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. અકસ્માત બાદ રોષે ભરાયેલા ગ્રામજનોએ અવાર નવાર અકસ્માત સર્જતા અંબુજા કંપનીના ડમ્પર ચાલકો વિરુદ્ધ ચક્કાજામ કર્યો હતો. પરંતુ પોલીસે ગ્રામજનોને સમજાવી મામલો થાળે પાડી ટ્રાફિક હળવો કરી રાબેતા મુજબ કરાવ્યો હતો.

મળતી માહિતી મુજબ, ગતરાત્રિના લગભગ ૯:૩૦ વાગ્યે રાખેજ પાટિયા પાસે આ ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં વેરાવળ-કોડીનાર હાઈવે પર કણજોતર ગામ નજીક ઈકો કાર અને સ્પ્લેન્ડર બાઈક વચ્ચે જોરદાર ટક્કર થઇ હતી. આ અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવી રહ્યા હતા. આ દરમિયાન આ અકસ્માતને જોવા માટે ઊભેલા લોકોને કનૈયા એન્ટરપ્રાઈઝ પેઢીના પૂરપાટ આવી રહેલા ડમ્પર ચાલકે પોતાનું ડમ્પર ટોળા પર ફેરવી દીધું હતું. જે ગમખ્વાર અકસ્માતના સીસીટીવી દશ્યો પણ સામે આવ્યાં છે. આમ એક જ સ્થળ પર એક પછી એક બે અકસ્માત થયા હતા. આ દરમિયાન કેટલાક લોકો ઘટનાસ્થળ પર એકઠા થઇ ગયા હતા. તે લોકો ઊભા-ઊભા આ અકસ્માતને જોઇ રહ્યા હતા અને વાતો કરી રહ્યા હતા. આ દરમિયાન ત્યાંથી એક ટ્રેક્ટર પસાર થઇ રહ્યું હતું. જેને પૂરપાટ આવી રહેલા એક ડમ્પરે પાછળથી જોરદાર ટક્કર મારી હતી. જેથી અકસ્માત જોવા ઊભેલા લોકો તેની નીચે કચડાઇ ગયા હતા. જેમાં બે લોકોના મોત થયા છે અને સાત લોકો ઘાયલ થયા છે.

આ ઘટના બનતા અફરાતફરી સર્જાઇ હતી. આ અકસ્માતમાં સંજય પરમાર અને બાલાભાઈ કલોતરાના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યાં મૃત્યુ નીપજ્યાં છે. જ્યારે સાતથી વધુ લોકોને સારવાર અર્થે કોડીનારની રાણાવાલા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં સુત્રાપાડા પોલીસ સ્ટેશનના ઈનચાર્જ પીઆઈ એન.બી. ચૌહાણ સહિતનો પોલીસ સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવાની કામગીરી કરી અને ટ્રાફિક વ્યવસ્થા સંભાળી હતી. આ ઘટના બાદ સ્થાનિક લોકોમાં અંબુજા કંપનીની ટ્રકો સામે રોષ ફાટી નીકળ્યો છે અને લોકોએ કંપનીની ટ્રકોનું પરિવહન અટકાવ્યું હતું. બીજી તરફ ગ્રામજનો દ્વારા એવો આક્ષેપ લગાવવામાં આવ્યો છે કે, અંબુજા કંપનીના મટીરિયલ ભરી પરિવહન કરતાં ડમ્પરો પૂરપાટ પસાર થતા હોય છે અને છાશવારે નાના-મોટા અકસ્માતો સર્જાય છે. ગત રાત્રીની ઘટનાથી ગ્રામજનોમાં આક્રોશ જોવા મળ્યો હતો. ગ્રામજનોએ રસ્તા પર બેસી ટ્રાફિક જામ કર્યો હતો ત્યારે પોલીસ કાફલાએ સ્થળ પર પહોંચી તમામ રજૂઆતો સાંભળ્યા બાદ યોગ્ય કરવાની ખાતરી આપી મામલો થાળે પાડ્યો હતો.

# રાજકોટમાં કારખાનેદાર સાથે અકસ્માતનું તરકટ રચી છરીની અણીએ ૨.૬૨ લાખની લૂંટ

## એક્ટિવા સવાર શખ્સ વળતર આપવાનું કહી સાથે લઈ ગયા બાદ છરીની અણીએ નાણાં પડાવ્યા

**સમય મિરર । રાજકોટ**

રાજકોટના ૮૦ ફૂટ રોડ ઉપર ગુરૂદેવ પાર્કમાં રહેતા અને માલધારી ફાટક પાસે વરૂ ઈન્ડસ્ટ્રીઝમાં કારખાનું ધરાવતા કારખાનેદારને નાગરિક બેંક ચોકમાં એક અજાણ્યા શખ્સે સ્કૂટર અથડાવી અકસ્માતનું તરકટ રચ્યું હતું. તેનું વળતર આપવું પડશે તેવુ કહી કારખાનેદારને તેને માલીક પાસે લઈ જવાનું કહી અવાવરુ કોમ્પલેક્ષમાં લઈ ગયા બાદ છરીથી મારી નાખવાનું કહી કારખાનેદાર પાસે રહેલા ૨.૬૨ લાખની લુંટ ચલાવી હતી. બાદમાં આ શખ્સ નાશી ગયો હતો. જે અંગે હરકતમાં આવેલી પોલીસે ગુનો દાખલ કરી લુંટારા શખ્સને ઝડપી લેવા તપાસ શરૂ કરી છે.

જાણવા મળતી વિગત મુજબ ગુરૂદેવ પાર્ક-રમાં રહેતા હરેશભાઈ ધીરજભાઈ રાદડિયા માલધારી ફાટક પાસે વરૂ ઈન્ડસ્ટ્રીઝમાં ધરતી મેન્યુફેક્ચરીંગના નામથી ઘરઘંટી બનાવવાનું કારખાનું ધરાવે છે. તેમણે ભક્તિનગર પોલીસ મથકમાં છરીની અણીએ ૨.૬૨ લાખની લુંટ થયા અંગેની ગ્રે કલરના એક્ટિવા ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં તેમણે જણાવ્યું છે કે, તેમને શિતલ ઈલેક્ટ્રીકલ નામની પેઢીને ૨.૫૦ લાખ ચુકવવાના હતાં. જેથી આજે સવારે તેઓ ઘરેથી બે લાખ રૂપિયા લઈને કારખાને ગયા હતાં. અને ૫૦ હજાર રૂપિયાનું શ્યામ આંગડિયા પેઢીમાં આંગડિયુ આવ્યું હતું. તે બપોરે લેવા માટે ગયા હતાં. ત્યાંથી ૫૦ હજાર લીધા બાદ ૨.૫૦ લાખ શિતલ ઈલેક્ટ્રીકને ચુકવવા માટે પોતે નિકળ્યાહ તાં અને તેનું કારખાનું અટિકા ફાટક પાસે આવેલું છે. ત્યારે નાગરિકબેંક ચોકમાં ગ્રે એક્ટિવા ચાલકે તેમનું વાહન અથડાવી નુકશાનીની માંગણી કરી હતી. જેથી તેઓ ૨૦૦૦ દેવા તૈયાર થઈ ગયા હતાં. પરંતુ આ પૈસા તેમના શેઠને આપવા પડશે તેવુ કહી તેના શેઠ સંજયભાઈ પાસે જવુ છે કહી પોતાના એક્ટિવામાં બેસાડી હરેશભાઈને લઈ ગયેલ બાદમાં શેઠ હાઈસ્કૂલ પહેલા વોકળા વાળી શેરીમાં સત્યાર્થ પ્રકાશ નામના કોમ્પ્લેક્ષમાં લઈ ગયેલ ત્યાં પાર્કિંગની સીડી પાસે ઉભા રાખી છરીની અણીએ નાણા આપવાનું કહ્યું હતું અને ખિસ્સા ફંફોસ્યા હતાં ખિસ્સામાંથી ૨.૫૦ લાખ અને પાકિટમાંથી ૧૨ હજાર મળી કુલ ૨.૬૨ લાખની લૂંટ ચલાવી નાશી ગયો હતો. બાદમાં મિત્રોને જાણ કરતા તેઓ સ્થળ ઉપર આવ્યા હતા અને બાદમાં પોલીસને જાણ કરી હતી. ભક્તિનગર પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ ગોહિલે હાથ ધરી છે.

UCC કાયદો શરિયત ઈસ્લામિક કાયદાથી વિપરીત હોવાનું કહી મુસ્લિમ સમાજે ઉગ્ર વિરોધ દર્શાવ્યો

# કોમન સિવિલ કોડ કાયદાના વિરોધમાં દક્ષિણ ગુજરાતના મુસ્લિમ સમાજમાંથી ૯૬,૧૬૫ અરજીઓ આવી

**સમય મિરર । ગાંધીનગર**

આગામી દિવસોમાં ગુજરાતમાં કોમન સિવિલ કોડ લાગુ કરવાની સરકારે જાહેરાત કરી છે. તે પહેલા કાયદાની આવશ્યકતા ચકાસવા અને કાયદા સંદર્ભેનો મુસદો તૈયાર કરવા સુપ્રીમ કોર્ટના નિવૃત જજની અધ્યક્ષતામાં કમિટિની રચના કરવામાં આવી છે. અને આ કમિટિ દ્વારા કાયદા સંદર્ભે અભ્યાસ શરૂ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ કાયદાને લઈ સંસ્થાઓ પાસેથી વાંધા સુચનો મંગાવવામાં આવ્યા હતાં. જેની અંતિમ તારીખ ૧૫ એપ્રિલ અપાઈ હતી. જેના છેલ્લા દિવસે એટલે કે આજે ગાંધીનગર ખાતે દક્ષિણ ગુજરાતના મુસ્લિમ સમાજના આગેવાનો ૯૬,૧૬૫ જેટલી અરજીઓના થપ્પા સાથે આવી પહોંચ્યા હતાં અને મુસ્લિમ સમાજમાં ઉગ્ર વિરોધ હોવાનું જણાવ્યું હતું.

જાણવા મળ્યા મુજબ ગુજરાતમાં યુસીસી કાયદો લાગુ કરવા સંદર્ભે સરકાર દ્વારા નિમાયેલી કમિટિ મારફત સમગ્ર ગુજરાતમાંથી વાંધા સુચનો મંગાવવામાં આવ્યા હતાં. જ્યારે ગાંધીનગર ખાતે અરજીઓના થપ્પે થપ્પા લાગ્યા હતાં. દક્ષિણ ગુજરાતમાં મુસ્લિમ સમાજના લોકો દ્વારા કાયદા પ્રત્યે ઉગ્ર વિરોદ્ધ ઠાલવામાં આવ્યો છે.

UCCનો કાયદો શરિયત ઈસ્લામિક કાયદાથી વિપરીત હોવાનું કહીને મુસ્લિમ સમાજ દ્વારા તેનો ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે, ત્યારે દક્ષિણ ગુજરાતના અલગ અલગ જિલ્લાના મુસ્લિમ સમાજના અગ્રણીઓ દ્વારા જે વ્યક્તિઓ ટેકનોલોજીનો ઉપયોગ નથી કરતા તેવા વ્યક્તિઓની રૂબરૂ મુલાકાત લઈને વાંધા અરજી તૈયાર કરવામાં આવી છે. જ્યારે જે લોકો મોબાઈલનો ઉપયોગ કરે છે તેમના દ્વારા ક્યૂઆર કોડ થકી અને ઈમેલ કરીને UCC કમિટી સમક્ષ પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

ગુજરાતમાં અસંખ્ય લોકો એવા છે કે, જેવો મોબાઈલનો ઉપયોગ કરી શકતા નથી તેવા વ્યક્તિઓનો અમે સમગ્ર દક્ષિણ ગુજરાતની અંદર સંપર્ક કર્યો હતો. સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાના મુસ્લિમ આગેવાનો સક્રિય થઈને હજારો લોકો સુધી પહોંચીને UCCના વિરોધમાં વાંધા અરજી તૈયાર કરાવી છે. એ શરીયત ઈસ્લામિક કાયદાની વિરોધમાં છે. ગાંધીનગર ખાતે કર્મયોગી ભવનની સમાન સિવિલ કોર્ટ ડેપ્યુટી કલેક્ટર ડો. જે.એમ. શાહને રૂબરૂ મળીને વાંધા અરજી રજૂ કરી છે.

# કોંગ્રેસને બેઠી કરવા સંગઠન સૃજન અભિયાનની ગુજરાતથી શરૂઆત : પ્રથમ બેઠકમાં જ કામગીરી સોંપાઈ

## ૧ કેન્દ્રીય અને ૪ ગુજરાતના નિરિક્ષકોની બનાવાયેલી ટીમ ૧૦ દિવસમાં જીલ્લા અંગેનો રિપોર્ટ સબમિટ કરશે

**સમય મિરર । અમદાવાદ**

ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં કોંગ્રેસને બેઠી કરવા માટે કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી તથા રાષ્ટ્રીય કક્ષાના નેતાઓએ કમર કસી છે. તાજેતરમાં તા. ૮ અને ૯ એપ્રિલના રોજ કોંગ્રેસનું અધિવેશન યોજાયું હતું. અને તેમાં મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતાં. તે સમયે તમામ જિલ્લાઓમાં કોંગ્રેસના સંગઠન સૃજન અભિયાનની શરૂઆત ગુજરાતથી કરવાની જાહેરાત થઈ હતી. ત્યારે ૧૫ એપ્રિલ એટલે કે આજથી આ અભિયાન શરૂ થતું હોય રાહુલ ગાંધી અભિયાન સંદર્ભે ખાસ અમદાવાદ આવી પહોંચ્યા હતાં. આ બેઠકમાં કોંગ્રેસના નિરિક્ષકોને ૧૦ દિવસમાં જિલ્લા અંગેનો પ્રથમ રિપોર્ટ સબમીટ કરવા સુચના આપી છે. આગામી ૪૫ દિવસમાં જિલ્લા પ્રમુખોની નિમણુંક પૂર્ણ કરાશે.

૨૦૨૭ ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ભાજપને હરાવવાની ચેલેન્જ આપ્યા બાદ રાહુલ ગાંધી અને કોંગ્રેસ હાઈકમાન્ડે ગુજરાત પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ગુજરાત કોંગ્રેસમાં રહેલા લગ્ન અને રેસના ઘોડાને અલગ તારવવા માટે રાહુલ ગાંધી સતત ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ૩ એપ્રિલે દિલ્હીમાં રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેની હાજરીમાં દેશભરના જિલ્લા કોંગ્રેસ પ્રમુખોની બેઠક યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખને વધુ સત્તા આપવાનો નિર્ણય કરાયો હતો. અમદાવાદમાં ૮ અને ૯ એપ્રિલે યોજાયેલા અધિવેશનના બીજા દિવસે પણ ખડગેએ જાહેર મંચ પરથી કહ્યું હતું કે, કોંગ્રેસ હવે જિલ્લા પ્રમુખોને ઉમેદવાર પસંદગીની પ્રક્રિયામાં સામેલ કરશે.

જગદીશ ઠાકોરે કહ્યું કે જિલ્લાના પ્રમુખની પસંદગી માટે કેન્દ્રના એક અને ગુજરાતના ૪ એમ કુલ ૫ નિરીક્ષકોની ટીમ ૨૩ એપ્રિલથી ૮ મે સુધીમાં જિલ્લાઓનો પ્રવાસ કરશે. બ્લોક લેવલ સુધી કાર્યકરોને મળશે, જનતાને મળશે. કોંગ્રેસના જિલ્લા પ્રમુખો જે બનાવાના છે તે કોઇ વ્યક્તિનો નહીં, કોઈ જૂથનો નહી. સામાજિક સમીકરણ શું છે, ભૌગોલિક પરિસ્થિતિ શું છે એ બધુ નક્કી કરીને ૪-૫ નામ AICCને મોકલવાની જે પ્રક્રિયા થઈ છે એના માટે માર્ગદર્શન આપ્યું છે. આ પ્રક્રિયા થશે એટલે બે, પાંચ, દસ લોકોથી ચાલતી કોંગ્રેસ દોઢસો. બસો, પાંચસો કાર્યકરોથી ચાલતી કોંગ્રેસ બનશે.

# ભૂજની જૂની જેલના કમ્પાઉન્ડમાં આગ લાગતાં જપ્ત વાહનો બળીને ભસ્મીભૂત

## આગ સમયે વાહનોની પેટ્રોલની ટાંકીઓ ધડાકા સાથે ફાટવા લાગી

**સમય મિરર । ભૂજ**



ભૂજ શહેરની તમામ પોલીસ દ્વારા મુદ્દામાલ રૂપે કબ્જે કરાતો ટુ વ્હીલર, ફોર વ્હીલરનો મુદ્દામાલ સરપટ નાકા પાસે આવેલી જૂની જેલના કમ્પાઉન્ડમાં રાખવામાં આવતો હતો ત્યારે આજે આ કમ્પાઉન્ડમાં એકાએક આગ લાગતા અને થોડીક ક્ષણોમાં આગ વિકરાળ બની જતાં મુદ્દામાલ રૂપે જપ્ત કરાયેલાવાહનો આગની લપેટમાં આવી ગયા હતાં. અમુક વાહનોમાં પેટ્રોલ-ડિઝલ હોવાથી તે વાહનોની ટાંકીઓ ધડાધડ ફાટવા લાગી હતી અને થોડીવાર માટે દહેશતનો માહોલ સર્જાયો હતો. આ આગના ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી ફેલાઈ ગયા હતાં. ફાયર બ્રિગેડે સ્થળ પર પહોંચી આગ પર કાબુ લેવા કાર્યવાહી હાથ ધરી હતી.

ભુજના સરપટ નાકા પાસે આવેલી જૂની જેલના કમ્પાઉન્ડમાં આજે ભયાનક આગ લાગી હતી, જેથી ભયજનક દૃશ્યો સર્જાયાં હતાં. આ ઘટનામાં કમ્પાઉન્ડમાં રાખવામાં આવેલાં વાહનો આગની ચપેટમાં આવી ગયાં હતાં. દરમિયાન આગને કારણે ધડાકા અને બ્લાસ્ટના અવાજો સંભળાયા હતા. આગને કારણે ધુમાડા સાત કિલોમીટર દૂરથી પણ જોવા મળ્યા હતા. આ ઘટના બી ડિવિઝન પોલીસ સ્ટેશન નજીક બની હતી, જ્યાં પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવેલાં વાહનોને આગ લાગવાની ઘટના બની હતી. આ વાહનોની ટાંકીમાં પેટ્રોલ અને ડીઝલ હોવાના કારણે આગ અને ગરમીના કારણે વિસ્ફોટો થયા હોવાની શક્યતા હતી. જ્યારે આગ લાગવાની જાણ થઈ ત્યારે પોલીસ અને ફાયરબ્રિગેડ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયાં હતાં. ફાયર વિભાગે ઝડપી કામગીરી કરીને આગ પર કાબૂ મેળવ્યો હતો. બંધ જેલમાં વર્ષોથી પડતર રહેલાં ટૂ-વ્હીલર વાહનોમાં આગ લાગી હોવાનું સામે આવ્યું છે. પોલીસ દ્વારા સ્થળને સુરક્ષિત કરવામાં આવ્યું છે. જેલ કમ્પાઉન્ડમાં પોલીસે જપ્ત કરેલાં વાહનોમાં આગ લાગતાં અનેક ધડાકા અને વિસ્ફોટ થયા હતા. બી ડિવિઝન પોલીસ સ્ટેશન નજીક બનેલી આ ઘટનામાં જપ્ત કરાયેલાં વાહનોની ટાંકીમાં રહેલાં પેટ્રોલ-ડીઝલને કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

સગીરા ગર્ભવતી બનતા ગુનો દાખલ કરાયો'તો

# મોરબીનાં કારખાનામાં સગીરા પર દુષ્કર્મ આચરનાર મહારાષ્ટ્રથી ઝડપાયો

**સમય મિરર । મોરબી**

મોરબી તાલુકાના બેલા ગામની સીમમાં આવેલા એક કારખાનામાં મજુરી કરતા પરિવારોને સગીરવયની પુત્રીને ધાક ધમકી આપી મધ્યપ્રદેશના શખ્સે દુષ્કર્મ આચર્યુ હતું. બાદમાં પરિવાર તેમના વતન જતાં સગીરા સગર્ભા બનતા દુષ્કર્મનો મામલો સામે આવ્યો હતો. એમ.પી. પોલીસે રેપકેસ અંગે ગુનો દાખલ કરી મોરબી પોલીસને ફરિયાદ મોકલતા પોલીસ દ્વારા મહારાષ્ટ્રના કોલાપુરથી બળાત્કાર ગુજારનાર શખ્સને ઝડપી લેવામાં આવ્યો છે.

મોરબી તાલુકાના બેલા ગામની સીમમાં આવેલા કારખાનામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મધ્યપ્રદેશથી મજૂરી કામ માટે આવેલા પરિવારની સગીર દીકરી પર દુષ્કર્મનો કેસ નોંધાયો છે. આ કેસમાં પોલીસે મહારાષ્ટ્રના કોલ્હાપુરથી ૨૦ વર્ષીય નીરાજસિંહ બલવાનસિંહ ગોડની ધરપકડ કરી છે. આરોપીએ ગત વર્ષે ઓગસ્ટ મહિનામાં લેબર ક્વાર્ટરમાં સગીરા પર બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. આરોપીએ સગીરાને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ઘટના બાદ પીડિત પરિવાર પોતાના વતન પરત ફર્યો હતો. ત્યાં સગીરા સગર્ભા હોવાનું જાણવા મળ્યું હતું. મધ્યપ્રદેશમાં ફરિયાદ નોંધાયા બાદ કેસ ઝીરો નંબરથી મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર થયો હતો.

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના PI એસ.કે.ચારેલના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે આરોપીને શોધી કાઢ્યો હતો. ઓળખ પરેડમાં સગીરાએ આરોપીને ઓળખી બતાવ્યો હતો. પોલીસે દુષ્કર્મ, પોક્સો અને ધમકી આપવાની કલમો હેઠળ આરોપી વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરી છે.

# વડોદરા પંથકમાં ભૂવાના પુત્રએ મેલી વિદ્યાથી પતિને પતાવી દેવાનું કહી પરણિતા પર આચર્યુ દુષ્કર્મ

## માનતા પૂરી ન કરતા ઘરમાં ઘુસી કુકર્મ આચર્યા બાદ છેલ્લા ૬ માસથી દેહ પીંખતો

**સમય મિરર । વડોદરા**



વડોદરાના સીનોર તાલુકાના માંજલપુર ગામના ભુવાને ત્યાં તેજ પંથકની એક પરણીતા તેમની મનોકામના લઈને ગઈ હતી. તેણે જે માનતા રાખી હતી તે પ્રમાણે તેનું મકાન બની ગયું હતું. બાદમાં માનતા પુરી કરવા ન જતાં ભુવાનો પુત્ર ઘરે ધસી આવ્યો હતો અને તેના પતિને મેલી વિદ્યા થકી પતાવી દઈશ તેમ કહી બળજબરી પુર્વક દુષ્કર્મ આચર્યુ હતું. બાદમાં અવાર નવાર ઘરે આવતો હતો અને પરણીતાનો દેહ પીંખતો હતો છેલ્લે ત્રાસથી કંટાળી પરિવારજનોને વાત કર્યાબાદ મામલો પોલીસ સુધી પહોંચ્યો છે.

મળેલી માહિતી પ્રમાણે શિનોર તાલુકાના માંજરોલ ગામમાં જયદીપ કાળુ ઉર્ફે કાંતિ રાવજી પાટણવાડીયા પરિવાર સાથે રહે છે. તેના પિતા રાવજી પાટણવાડીયા ભૂવા-જાગરીયાનું કામ કરે છે અને અશિક્ષિત-અંધશ્રદ્ધાળુ લોકોને ગેરમાર્ગે દોરી માનતાઓ રખાવે છે. આ ભૂવા-જાગરીયાના કામમાંથી જે આવક મળે છે તેમાંથી ગુજરાન ચલાવે છે.

છ માસ પહેલા એક પરિવારની યુવાન પરિણીતા પોતાનું મકાન બની જાય તે માટે માંજરોલ ગામમાં ભૂવા-જાગરીયાનું કામ કરતા રાવજી પાટણવાડીયા પાસે ગઈ હતી. જ્યાં તેને પોતાનું મકાન બની જાય તે માટે માનતા રાખી હતી. યોગાનુંયોગ મહિલાનું મકાન બની ગયું હતું, પરંતુ તેણીએ માનતા પૂરી કરી ન હતી. દરમિયાન ભૂવાનો પુત્ર જયદીપ કાળુ ઉર્ફ કાંતિ પાટણવાડીયા ૧૭-૧૧-૨૦૨૪ના રોજ મહિલાના ઘરે પહોંચી ગયો હતો અને મહિલાને જણાવ્યું હતું કે, તમે હજી સુધી માનતા કેમ પૂરી કરી નથી? ત્યારે મહિલાએ જણાવ્યું કે, મારા સાસુ આવશે ત્યારે તેમની સાથે વાત કરજો. જો કે, મહિલા કંઈક વિચારે તે પહેલા બદઈરાદે આવેલા જયદીપ કાળુ ઉર્ફ કાંતિએ ઘરનો દરવાજો બંધ કરી દીધો હતો. બાદમાં તેના પર બળજબરી પૂર્વક દુષ્કર્મ આચર્યુ હતું. આમ છ માસ સુધી ઘરે આવી તેના પર દુષ્કર્મ આચરતો હતો જેથી તેના વિરુદ્ધ ફરિયાદ નોંધાવામાં આવી છે.

# સુરતના કાપોદ્રામાં નશાના નાણાં ન આપતાં નશેડીએ ૧૭ વર્ષીય સગીરની કરી હત્યા

## સગીર બાદ રીક્ષા ચાલકને પણ છરીના ઘા ઝીંક્યા : દારૂના અડ્ડાઓ મામલે મહિલાઓએ પોલીસ મથકનો કર્યો ઘેરાવ : હત્યારા સહિત બેની ધરપકડ

**સમય મિરર । સુરત**

હાદસો કા શહેર તરીકે ઓળખાય છે તેવા સુરત શહેરમાં દિન પ્રતિદિન ક્રાઈમની ઘટનાઓ વધવા લાગી છે. લૂંટ, ચોરી, હત્યા જેવી ઘટનાઓ રાબેતા મુજબ બનવા પામી છે. તેવા સમયે ગત રાત્રીના કાપોદ્રા વિસ્તારમાં કારખાનેથી ઘરતરફ જઈ રહેલા ૧૭ વર્ષીય સગીરને અટકાવી નશેડી શખ્સે નશો કરવાના પૈસા માગ્યા હતાં પરંતુ સગીરે તેમની પાસે ન હોવાનું જણાવતા નશેડીએ છરીના ઘા ઝીંકી સીગરને મોતને ઘાટ ઉતારી દીધો હતો. એટલું જ નહીં આગળ જતાં એક રિક્ષા ચાલક પાસે પણ પૈસા માંગી તેમને પણ છરીના ઘા ઝીંકી દીધા હતાં. આમ આતંકનું સામ્રાજ્ય ઉભુ કરી પરિવારના એકના એક પુત્રને મોતને ઘાટ ઉતારી દેવાતા રોષે ભરાયેલા લતાવાસીઓએ કાપોદ્રા પોલીસ મથકનો ઘેરાવ કર્યો હતો. અને દારૂના હાટડાઓ બંધ કરાવવાની ઉગ્ર માંગ કરી હતી. સાથે ઉગ્ર દેખાવો કરી ન્યાયની માંગ કરતા પોલીસે ઝડપી ન્યાયની બાહેધરી આપતા મામલો શાંત પડ્યો હતો.

સુરતના કાપોદ્રા વિસ્તારમાં રહેતા અને છેલ્લા ૧૭ વર્ષથી ફૂટની લારી ચલાવતા અરવિંદભાઈ વાઘેલાનો પુત્ર પરેશ ગીતાંજલીમાં ડાયમંડ કટીંગનું કામ કરે છે. ગત રાત્રે પરેશ કામ કરીને પરત ઘરે આવી રહ્યો હતો ત્યારે નશેડીએ નશો કરવા મૃતક સગીર પાસે પૈસા માગ્યા હતા, પરંતુ તેની પાસે માત્ર ૧૦ રૂપિયા જ હોવાથી આપવાનો ઈનકાર કર્યો હતો. આ નશાખોર આટલેથી નહોતો અટક્યો, તેણે આગળ જઇ રિક્ષાચાલકને પણ ક્યાંક મૂકી જવા જણાવ્યું, પરંતુ રિક્ષાચાલકે ઈનકાર કરતાં તેને પણ ચપ્પુના ઘા મારી દીધા. હાલ રિક્ષાચાલક સારવાર હેઠળ છે. હાલ તો દાનવ બનેલા આરોપી પ્રભુની તથા ચપ્પુ આપનારની પોલીસે ધરપકડ કરી લીધી છે. સગીરની હત્યા બાદ મોડીરાત્રે પરિસ્થિતિ તંગ બનતાં પાંચ પોલીસ સ્ટેશનની પોલીસને બોલાવવી પડી હતી અને પોલીસ સ્ટેશનના ગેટને લોક મારવો પડ્યો હતો. બાદમાં માંડ માંડ મોડીરાત્રે ૨ વાગ્યે થાળે પડેલો મામલો ફરી આજે(૧૫ એપ્રિલ, ૨૦૨૫) બપોરે ઉગ્ર બન્યો છે તેમજ દારૂના અડ્ડાઓ ખુલ્લેઆમ ચાલતા હોવાના આક્ષેપો સાથે મોટી સંખ્યામાં મહિલાઓ કાપોદ્રા પોલીસ સ્ટેશન આવી હતી. દારૂના અડ્ડાઓ બંધ કરાવવાની ઉગ્ર માગ કરી હતી તેમજ આ દરમિયાન મહિલાઓની પોલીસ સાથે ઝપાઝપી થઈ હતી. પોલીસ માંડ માંડ ભીડ પર કાબૂ કરી શકી હતી. આ દરમિયાન ૧૭ વર્ષના કિશોરની હત્યા કરનાર આરોપીને ફાંસીની સજા આપવાના નારા લગાવવામાં આવ્યા હતા, જેને પગલે મહિલાઓએ કાપોદ્રા પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો હતો. પોલીસે ઝડપી ન્યાયની બાહેધરી આપતા અંતે મામલો થાળે પડ્યો છે.

સુરતમાં ૫૦૦થી વધુ રાજકોટમાં ૨૦૦થી વધુ શ્રદ્ધાળુઓ રાત્રીથી લાઈન લગાવી ઉભા રહ્યા છતાં રજીસ્ટ્રેશન માત્ર ૨૫ લોકોનું થયું

# અમરનાથ યાત્રા રજીસ્ટ્રેશનના પહેલા જ દિવસે સર્વરના ધાંધિયાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા

**સમય મિરર । રાજકોટ**

આગામી જુલાઈ માસમાં અમરનાથ યાત્રા શરૂ થઈ રહી છે ત્યારે ગઈકાલથી અમરનાથ યાત્રાએ જવા ઈચ્છુક યાત્રીઓ માટે રજીસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. પરંતુ ગુજરાતમાં આજથી આ રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવીછે. તે પહેલા તો તારીખ ૭ સુધીનો સ્લોટ બુક પણ થઈ ગયો છે. શરૂઆતના માત્ર ત્રણ કલાકમાં લાખો યાત્રીકોનું રજીસ્ટ્રેશન થઈ ચુક્યું છે. ત્યારે આજે રાજકોટ-સુરત ખાતે રજીસ્ટ્રેશન માટે લોકો રાત્રીથી બેન્ક ખાતે ગોઠવાઈ ગયા હતાં. પરંતુ સવાર પડતા જ સર્વરના ધાંધિયાઓ શરૂ થઈ ગયા હતાં. અને બપોર સુધી માંડ ૨૫ લોકોના રજીસ્ટ્રેશન થઈ ચુક્યા હતાં. આમ ૧૭ કલાક સુધી લાઈનમાં ઉભા રહેવા છતાં રજીસ્ટ્રેશન ન થતાં યાત્રિકોને પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. અમુક અંશે સર્વર તો અમુક અંશે સ્ટાફની અછતના કારણે આ સ્થિતિ સર્જાઈ હતી.

રાજકોટમાં અમરનાથ યાત્રાના રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ થઈ છે. જિલ્લા પંચાયત ચોકમાં આવેલી યસ બેન્કમાં અરજદારોને ભારે હાલાકી ઊભી થતાં હોબાળો થયો હતો. અરજદારોએ જણાવ્યું હતું કે બાબા અમરનાથ યાત્રાએ જવા માટે રજિસ્ટ્રેશન કરાવવા મોડી રાત્રિના ૧૨ વાગ્યાથી અમે લોકો લાઈન લગાવીને બેઠા છીએ, પરંતુ હજુ સુધી બેંકે કોઈનું રજિસ્ટ્રેશન કર્યું નથી. યસ બેંક બહાર ૨૦૦થી વધુ અરજદારોની લાંબી કતારો લાગી છે છતાં સર્વર બંધ હોવાને કારણે કોઈનું રજિસ્ટ્રેશન થયું નથી તેમજ એક કલાકમાં રજિસ્ટ્રેશન શરૂ થવાનું જણાવાઈ રહ્યું છે. એને લઈને યાત્રિકો પરેશાન થઈ રહ્યા છે. ત્યારે આ મામલે તાત્કાલિક ધોરણે યોગ્ય પગલાં લેવાની અપીલ રજિસ્ટ્રેશન કરાવવા આવેલા લોકો દ્વારા કરવામાં આવી હતી.

સુરતમાં અમરનાથ યાત્રા માટે રજિસ્ટ્રેશન કરાવવા આવેલા ભક્તોએ આરોપ મૂક્યો છે કે બેંક દ્વારા બાકીના રજિસ્ટ્રેશન પૈસા લઈને અન્ય માર્ગે કરવાના પ્રયાસ થઈ શકે છે. અનેક ભક્તોએ જણાવ્યું કે તેઓ મોડીરાતથી લાઈનમાં ઊભા છે, ભારે ગરમી હોવા છતાં પોતાનું સ્થાન છોડવાનું પસંદ નથી કરતા. જ્યારે રાત્રિ દરમિયાન પણ તેમણે બેંકની બહાર જ બેસીને રજિસ્ટ્રેશનની રાહ જોઇ હતી. ભક્તો બેંકની બહાર ધાર્મિક સૂત્રોચ્ચાર કરીને પોતાનો રોષ ઠાલવી રહ્યા છે. કેટલાક લોકોએ તો ખાવા-પીવાના સામાન સાથે બેંકની બહાર જ વ્યવસ્થા ગોઠવી લીધી છે અને ત્યાં જ બેસીને પોતાના વારો આવવાની રાહ જોઈ રહ્યા હતાં. બપોર સુધીમાં બેન્ક દ્વારા માત્ર ૨૫ રજીસ્ટ્રેશન કરાયા હતાં. ત્યાં સમય પૂર્ણ કરી નખાયો હતો. ત્યારે અમુક અંશે બેન્ક સામે ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે.